સ્વદેશ
સ્વદેશ પરિવાર તરફથી વાચકો અને વિજ્ઞાપનદાતાઓને રમઝાન મુબારક
Ramadan Kareem

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FOR BUYING, SELLING & LEASING
Investment In Real Estate Can Make Your Future Better...
FOR SELLERS
Free Home Staging Consultation
Professional Photography & Virtual Tour
Attractive Advertising
Social Media Marketing
Customized Feature Sheet
Weekly Open House
Assist in Mortgage & Legal Services
FOR BUYERS
Team of Strong Mortgage Brokers
Team of Lawyers
Professional Home Inspectors
Step by Step Guidance Through out Buying Process
AMIT SHAH Sales Representative Dir: 647-995-5640 amit4gtahomes@gmail.com
KOMAL SHAH Sales Representative Dir: 647-624-5640 komal4gtahomes@gmail.com
Homekey236@gmail.com
Web: www.amitshah.ca

FRIDAY, 01 APRIL, 2022 Vol. 19, No. 13 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# રાજીનામું નહીં આપું, ઝૂકીશ પણ નહીં : ઈમરાન

## પાકિસ્તાનને અમેરિકાના સમર્થક બનાવવાના કાર્યને ઈમરાને મોટી ભૂલ ગણાવી રાષ્ટ્રજોગ સંબોધન કર્યું

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને રાષ્ટ્રજોગ સંબોધન કર્યું હતું. જેમાં તેમણે રાજીનામું નહીં આપવાની સ્પષ્ટ વાત કરી છેલ્લા બોલ સુધી હું રાજકીય ખેલાડી તરીકે પણ રમીશ તેવો હુંકાર કર્યો હતો. પાકિસ્તાનમાં જેમ જેમ 3 એપ્રિલ નજીક આવી રહી છે તેમ તેમ ઈમરાન ખાનની સરકારની મુશ્કેલીઓ વધી રહી છે. આવી સ્થિતિમાં ઈમરાન ખાન પણ સત્તા બચાવવાના મરણીય બન્યા છે. તેઓ સતત પાકિસ્તાનના લોકોને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે. ગુરુવારે પાકિસ્તાનના પીએમ ઈમરાન ખાને કહ્યું હતું કે, 'હું ભાગ્યશાળી છું કે ઈશ્વરે મને બધું આપ્યું છે - ખ્યાતિ, સંપત્તિ, બધું. મને આજે કંઈપણની જરૂર નથી, તેણે મને બધું આપ્યું જેના માટે હું ખૂબ આભારી છું. પાકિસ્તાન મારાથી માત્ર 5 વર્ષ મોટો છે, હું આઝાદી પછી જન્મેલી દેશની પહેલી પેઢીમાંથી છું.

ઈમરાન ખાને કહ્યું કે અમે હંમેશા અમેરિકાને સમર્થન આપ્યું છે. પરંતુ તેણે પાકિસ્તાન પર પ્રતિબંધો લાદી દીધા. અમેરિકામાં 9/11ના હુમલામાં કોઈ પાકિસ્તાની નહોતું. અમેરિકાના વકીલ બનવું એ મુશર્રફની સૌથી મોટી ભૂલ હતી. ઈમરાન ખાને કહ્યું કે અમેરિકાના વકીલ બનવું મુશર્રફની મોટી ભૂલ હતી. હું મુક્ત વિદેશ



નીતિના પક્ષમાં છું. તેમણે કહ્યું કે મારે ભારત કે અન્ય કોઈનો વિરોધ નથી જોઈતો. બાળપણમાં મને યાદ છે કે પાકિસ્તાન ટોપ પર હતું. અમે કેવી રીતે આગળ વધ્યા તે જાણવા માટે દક્ષિણ કોરિયા પાકિસ્તાન આવ્યું, મલેશિયાના રાજકુમાર મારી સાથે શાળામાં ભણ્યા. અમારી યુનિવર્સિટીઓમાં મધ્ય પૂર્વથી વિદ્યાર્થીઓ આવતા હતા. મેં આ બધું ડૂબતું જોયું છે, મેં મારા દેશની બદનામી જોઈ છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે હું રાજીનામું નહીં આપું. તેનો નિર્ણય પણ 3 એપ્રિલે લેવામાં આવશે.

દરમિયાન નેશનલ એસેમ્બલીની કાર્યવાહી 3 એપ્રિલ સવારે 11.30 વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી કારણ કે એસેમ્બલીમાં સત્રની શરૂઆત થતાં જ વિપક્ષે હોબાળો મચાવી દીધો હતો. ઉલ્લેખનીય છે કે, 3 એપ્રિલે ઈમરાન ખાન વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ પર મતદાન થવાનું છે. ફવાદ ચૌધરીએ એ પણ જણાવ્યું કે રાષ્ટ્રને સંબોધનની સાથે ઈમરાન ખાને રાષ્ટ્રીય સુરક્ષા સમિતિને પણ બેઠક માટે સમન્સ મોકલ્યું છે.

ABOWATH
REAL ESTATE GROUP
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More Info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

## રશિયાનું ચેર્નિહિવ, કીવ, મારિયુપોલમાં આક્રમણ

# યુક્રેન પર હુમલા ચાલુ જ રહેશે, યુદ્ધવિરામ હજી નહીં કરું : પુતિન

### સૈન્ય પાછું ખેંચવાના રશિયાના દાવા પોકળ, યુક્રેનથી 4 લાખથી વધુની હિજરત, રશિયન મીડિયા હસ્તીઓ પર બ્રિટનનો પ્રતિબંધ

**મોસ્કો**

તૂર્કીમાં રશિયા અને યુક્રેન વચ્ચેની શાંતિ વાટાઘાટો સફળ થઈ હોવાના અને રશિયા કીવ નજીકના વિસ્તારોમાં હુમલા ઓછા કરવા સંમત થયું હોવાના દાવાઓથી વિપરિત રશિયાએ યુક્રેન પર આક્રમણ વધારી દીધું છે. વધુમાં નજીકના સમયમાં રશિયા અને યુક્રેનનું યુદ્ધ અટકે એવા કોઈ સંકેતો મળતા નથી. રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિને કહ્યું કે યુક્રેનમાં યુદ્ધવિરામ કરવાનો આ યોગ્ય સમય નથી. યુક્રેન પર હુમલા ચાલુ જ રહેશે. યુક્રેનમાં યુદ્ધ વિરામનો આ યોગ્ય સમય નથી. તાજેતરના ભૂતકાળમાં રશિયન પ્રમુખ સાથે ટેલિફોન પર થયેલી વાતચીતના સંદર્ભમાં પૂછવામાં આવતા દ્રાગીએ કહ્યું કે પુતિને તેમને જણાવ્યું કે ગેસ નિકાસ અંગે પડોશી દેશો સાથે કોન્ટ્રાક્ટ ચાલુ રહેશે. પુતિનનું કહેવું છે કે યુરોપીયન કંપનીઓ રશિયાને ગેસની ખરીદી માટે રુબલના બદલે



યુરો અથવા ડોલરમાં ચૂકવણી કરવાનું ચાલુ રાખી શકે છે. રશિયાના મીડિયા દ્વારા પ્રકાશિત એક ડીક્રી મુજબ 'બિનમૈત્રીપૂર્ણ દેશો' એક રશિયન બેન્ક મારફત વિદેશી ચલણમાં કુદરતી ગેસની ખરીદી ચાલુ રાખી શકશે. આ બેન્કમાં વિદેશી ચલણને રુબલમાં કન્વર્ટ કરાશે. રશિયન મીડિયામાં પ્રકાશિત ડીક્રી પર પુતિનના હસ્તાક્ષર છે. આ ડીક્રી મુજબ એક ડેઝિગ્નેટેડ બેન્કમાં પ્રત્યેક ખરીદદારના એક વિદેશી ચલણમાં અને એક રૂબલમાં એમ બે ખાતા ખોલાશે.

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

રસોઈ કામ માટે બહેનની જરૂર છે
રસોઈ કામ માટે મારખમ ખાતે ગુજરાતી વેજીટેરિયન, સિનિયર કપલ માટે બહેનની જરૂર છે. અઠવાડિયામાં ઓછામાં ઓછા 3 દિવસ/અનુકુળ સમય મુજબ. બહેન પાસે પોતાની કાર હોવી જરૂરી. ફક્ત મારખમ, રીચમોન્ડ હીલ, પીકરીંગ અને નોર્થ-ઇસ્ટ ટોરન્ટોના ઉમેદવારે અરજી કરવી. મિસિસાગા, બ્રામ્પ્ટન, ઇટોબિકોકના ઉમેદવારે અરજી કરવી નહીં.
સંપર્ક કરો- 416-846-8002
11.00 am થી 4.00 pm વચ્ચે અનુકુળ સમય મુજબ

CIBC
Mortgage advice that comes to you
For expert advice contact me today
Dhiresh Shah
Mobile Mortgage Advisor
Tel : 647-248-0246
dhiresh.shah@cibc.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કોન્ડોના આડેધમ બાંધકામ સામે ઓન્ટેરિયોમાં કડક કાયદાના સંકેત

## બાંધકામ પછી ભાવ વધારવાની નીતિ અવ્યવહારુ, 30 દિવસમાં નવા નિયમો અમલી થશે

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોની સરકાર કોન્ડોનાં આડેધડ બાંધકામ ઉપર નિયંત્રણ લાવવા અને સજા વધુ સખત કરવા બાબતે વિચારી રહી છે. સરકાર અને ઉપભોક્તા સેવા ખાતાનાં પ્રધાન રોસ રોમાનોએ બુધવારે જણાવ્યું હતું કે, 30 દિવસમાં નવા નિયમો અમલમાં આવશે અને હાલમાં કોન્ડોના આડેધડ બાંધકામ થઈ રહ્યા છે, તેને અંકુશમાં લેવા આ કાયદા ઉપયોગી બનશે.

જણાવ્યું હતું. એમણે વધુમાં જણાવ્યું હતુ કે, લોકો ખરીદી માટે પ્રાથમિક તબક્કે જુદા ભાવ બોલે છે અને જ્યારે સોદો નક્કી થાય ત્યારે અસાધારણ ભાવવધારો માંગે છે. આવા કિસ્સાઓને કારણે સાચા ખરીદનારો અને સરકાર એમ બન્નેને આર્થિક નુકશાન ઉઠાવવું પડે છે તેવુ

પ્રોગ્રેસિવ કન્ઝર્વેટીવની સરકારને ધ્યાનમાં આવ્યું છે. હવે અમારો હેતુ એક એવી પ્રણાલિક વિકસાવવાનો છે કે, ડેવલપરો બાંધકામ પહેલાં અને બાંધકામ પછી ભાવતાલમાં જે ખેલ કરે છે, એને અટકાવવા માટે એક સખત કાયદો હોવો જોઈએ. કોર્પોરેશનો અને લોકો કે જે એકવાર બાંધકામ પહેલા જુદા ભાવ અને બાંધકામ થઈ ગયાં પછી તેના યુનિટને જુદા ભાવ કહીને છેતરપિંડી કરે છે, તેમજ બાંધકામ પૂરું કરવાની સમયમર્યાદા પણ લંબાવે છે અને અવારનવાર આવા ગુના કરતા રહે છે તેને રોકવા માટે આ નવા કાયદામાં ખાસ જોગવાઈ કરાશે. આ દુષણ ડામવા માટે આર્થિક સજા તથા જેલની સજા વધારીને બે વર્ષની કરી દેવાઈ છે. નવા નિયમો મુજબ ઓછી કિંમત આંકીને વધારે કિંમત વસૂલ કરવાની બાબતને અવ્યવહારુ અને ગેરકાયદે માનવામાં આવે છે. તેથી હોમ કન્સ્ટ્રક્શન રેગ્યુલેટરી ઓથોરિટી હવે આવા કિસ્સામાં કોઈની ફરિયાદની રાહ જોયા વિના પગલાં લઈ શકશે.

### ડેવલપર્સને નોટીસ આપી દેવાઈ

અમે ડેવલપર્સને આ બાબતે નોટિસ આપી છે અને જણાવ્યું છે કે અમે તમારું આ વર્તન ચલાવી શકીએ તેમ નથી. આવી અનેક સત્તા અધિકારીઓને આપવામાં આવી છે, જેથી તેઓ ઉપભોક્તાઓના હિતોનું રક્ષણ કરી શકાય. આ પગલાંમાં એક એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે, મોટેભાગે ડેવલપર્સ ઉપભોક્તાને ડિપોઝીટ પાછી આપતા નથી, પરંતુ નવા નિયમ પ્રમાણે ડેવલપરે વ્યાજ સહિત ડિપોઝીટની રકમ ઉપભોક્તાને પાછી આપવી પડશે.

### દંડથી સમસ્યાનો ઉકેલ નહીં આવે : વિપક્ષ


વિરોધ પક્ષ ન્યુ ડેમોક્રેટ તરફથી વિરોધ કરતાં જણાવવામાં આવ્યું હતું કે, દંડ વધારવાથી કે સજા વધારવાથી આ સમસ્યાનો ઉકેલ આવવાનો નથી અને તેની જોઈએ તેવી અસર પણ થવાની નથી. પક્ષનાં નાયબ નેતા સારા સિંગે જણાવ્યું હતું કે, નિયામકોને આવી સત્તા તો ઘણાં વખતથી આપવામાં આવી છે, પણ તેનો અમલ થતો નથી.

# ઓટાવા સેનેટર્સના માલિક મેલિન્કનું નિધન

## મેલિન્કે ઓટાવા સેનેટર ટીમને વર્ષ 2003માં દેવાદારીમાંથી બહાર કાઢી હતી

**ઓટાવા**

લાંબા સમયથી ઓટાવા સેનેટર્સના માલિક રહેલા હ્યુજીન મેલિન્કનું સોમવારે 62 વર્ષની વયે અવસાન થયું હતું. તેઓ ઘણાં લાંબા સમયતી બિમારીનો સામનો કરી રહ્યા હતા. સોમવારે મોડી રાત્રે સેનેટરે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પરિવારની હાજરી વચ્ચે હ્યુજીન મેલિન્કે શાંતિપૂર્વક અંતિમ શ્વાસ લીધા હતા.



હ્યુજીન મેલિન્કે ઓટાવા સેનેટર ટીમને વર્ષ 2003માં દેવાદારીમાંથી બહાર કાઢી હતી અને ટીમને મજબૂત સ્થિતિમાં લાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. 2007માં ઓટાવા સેનેટર્સની ટીમ સ્ટેનલી કપ ફાઈનલમાં પહોંચી હતી અને 2017માં ઈસ્ટર્ન કોન્ફરન્સ ફાઈનલ્સમાં વિજય મેળવ્યો હતો. હ્યુજીન મેલિન્કે સ્ટેનલી કપ ટૂર્નામેન્ટનું આયોજન દેશની રાજધાની ખાતે થાય અને તે તેના કેપ્ટન બને એવી પોતાની ઈચ્છા અને પ્રતિબદ્ધતા ક્યારેય છૂપાવ્યા નહોતા, એમ ટીમ તરફથી એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

હ્યુજીન મેલિન્ક છેક સુધી પોતાની ટીમમાં પ્રતિભાશાળી અને પ્રતિબદ્ધતા ધરાવતા ખેલાડીઓને લાવવાના પ્રયત્નો કરી ટીમને હંમેશા ટોચ પર લાવવાના પ્રયત્નો કરતા રહ્યા હતા. ઓટાવા સેનેટર્સમાં 2003 સુધી પોતાનું યોગદાન આપતા રહ્યા હતા. નેશનલ હોકી લીગના ગેરી બેટમેને હ્યુજીન મેલિન્કનાં અવસાન બદલ દુઃખની લાગણી વ્યક્ત કરી હતી અને પરિવારને સાંત્વના આપી હતી.

# કટોકટીમાં આરોગ્ય સેવા પૂરી પાડવા પ્રાયોગિક ધોરણે વ્યવસ્થા ગોઠવાશે

**ટોરોન્ટો**

શહેરનાં બે મુખ્ય વિસ્તારોમાં કટોકટી દરમિયાન આરોગ્ય તથા માનસિક સારવાર આપી શકાય તેવી એક યોજના પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવનાર છે. જેમાં પોલીસનો ઉપયોગ કરવામાં આવશે નહીં. ન્યુ ટોરોન્ટો કમ્યુનિટી ક્રાઈસિસ સર્વિસની શરૂઆત પૂર્વ ડાઉનટાઉન અને ઉત્તરપૂર્વના વિસ્તારોમાં કરવામાં આવશે. આ યોજનામાં શહેરની સામાજિક સંસ્થાઓ તથા અન્ય સેવાઓ પૂરી પાડતી સામાજિક સંસ્થાઓની સાથે ભાગીદારી કરવામાં આવશે, એમ મેયર જ્હોન ટોરીએ બુધવારે આ યોજનાની શરૂઆત કરતાં જણાવ્યું હતું. યોજના અનેક કટોકટીના બનાવો અને તેના ટૂંકા ગાળાનાં ઉકેલને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવી છે. કારણ કે, આવા અઘટિત બનાવો વખતે મોટેભાગે લોકોને સમયસર સહાય પહોંચતી નથી અને જ્યારે લોકો પોતે સમસ્યાગ્રસ્ત હોય ત્યારે સ્વનિર્ણયની ક્ષમતા નબળી પડી જતી હોય છે. ગ્રેટર ટોરોન્ટો વિસ્તારમાં ભૂતકાળમાં જાહેરમાં મોટી સંખ્યામાં લોકોનાં મોત થતાં આવી યોજના શરૂ કરવાનો વિચાર આવ્યો હતો અને આજે તેનો પ્રાયોગિક ધોરણે અમલ કરવામાં આવી રહ્યો છે.

# ફોર્ડ સરકાર હવે મકાન ખરીદનારા વિદેશીઓ ઉપર 20 ટકા કર લાદશે

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોમાં કેનેડાના રહેવાસીઓ ન હોય તેવા મકાન ખરીદનારા વિદેશીઓનું પ્રમાણ વધી રહ્યું છે, તે જોતાં રાજ્યની સરકારે આવા મકાન ખરીદનારાઓ ઉપર 20 ટકા વેરો લાદવાનું નક્કી કર્યું છે. સરકારે જણાવ્યું હતું કે, કરમાં વધારાનો અમલ બુધવારથી શરૂ કરી દેવામાં આવશે અને આ મકાન બાબતે અમારી જે નીતિ છે તેનો આ એક ભાગ છે. અમારી સરકાર સસ્તાં મકાનોનું બાંધકામ અને વિતરણ વધારીને ગરીબ લોકોને મદદરૂપ બનવા ઈચ્છે છે અને તેથી જ વિદેશીઓ કે જે બેફામ કિંમતે આ મકાનો ખરીદે છે, તેને કારણે મકાનોનાં બજારમાં સામાન્ય લોકોનું હિત જળવાતું નથી.

મકાન ખરીદનારા વિદેશીઓ નફો કમાવા માટે અહીં મકાન ખરીદે છે, તેથી સરકારને અને સમાજને તેનું નુકસાન ઉઠાવવું પડે છે એમ નાણાંમંત્રી બેથલેનફેલ્વીએ જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, મકાનોનો પુરવઠો અને વધતા ભાવને કારણે સામાન્ય લોકો પોતાનું મકાન ખરીદવાનો વિચાર પણ કરી શકતા નથી. સરકાર બીનનિવાસીઓ મકાન ખરીદનારાઓ પર સમગ્ર કેનેડામાં વ્યાપક કરવધારો લાદવા ધારે છે. મકાનવેરો પહેલી વાર 2017માં લાદવામાં આવ્યો હતો. આ અગાઉના વર્ષમાં મકાનવેરો 15 ટકા હતો, તેને કારણે વિદેશી મકાન ખરીદનારાઓ પર અંકુશ આવ્યો હતો અને સરકારને આ કરવધારાથી લાભ થયો હતો.






# ઓન્ટેરિયો લાઈન પ્રોજેક્ટથી ધંધા અને ઉદ્યોગને થનારી અસર : મદદની ખાતરી

### પ્રારંભિક મુશ્કેલીઓ પછી નાગરિકો અને વેપારીઓને લાભ મળશે તેવો સત્તાધીશોને આશાવાદ

**ટોરોન્ટો**

ઓન્ટેરિયો લાઈનનાં બાંધકામ સમયે ધંધા-ઉદ્યોગને થનારી અસર સામે ફોર્ડ અને ટોરીએ મદદની ખાતરી આપી છે. મેયર જ્હોન ટોરીએ જણાવ્યું હતું કે, જ્યારે ટોરોન્ટોના નાગરિકોને અનપેક્ષિત મુસીબતોનો સામનો કરવો પડતો હોય છે ત્યારે અમે તેમને સહાય કર્યા વિના રહી શકીએ નહીં. ઓન્ટેરિયો લાઈનનાં બાંધકામથી આ વિસ્તારનાં અને એગ્લિન્ટન ક્રોસ ટાઉનનાં ધંધા-ઉદ્યોગને જે તકલીફોનો સામનો કરવો પડશે એમાં અમે તેની મદદ માટે ઊભા રહીશું. ટોરીએ પ્રિમિયર ડગ ફોર્ડની હાજરીમાં ટીપ્પણી કરતાં કહ્યું હતું કે, કેન્દ્રનાં પરિવહન પ્રધાન ઓમર અલ્ઘાબ્રા અને ઓન્ટેરિયોના પરિવહન મંત્રી કેરોલિન મુલરોનીની હાજરીમાં 16 કિમી લાંબી સબલાઈનનાં બાંધકામનું ખાતમૂહુર્ત કર્યું ત્યારે કહ્યું હતું કે, આ બાંધકામની સાથે અમને બહુ લાગેવળગે છે, પરંતુ તેને કારણે નીચાણવાળા મહત્વના વિસ્તારો અને મુખ્ય શહેરની વચ્ચેનું અંતર ઘટશે, એવી મને આશા છે. આ યોજનાનાં બાંધકામ સાથે સંકળાયેલી કંપની મેટ્રો લિન્ક્સ અને ઓન્ટેરિયોની સરકારે લોકો તરફથી સહકાર મળશે એવી આશા વ્યક્ત કરી હતી. આ બાંધકામને કારણે વેપાર-ઉદ્યોગને નુકસાન થશે એ બાબતે ટોરીએ ચિંતા વ્યક્ત કરી હતી, પરંતુ તેણે એમ પણ કહ્યું હતું કે, પ્રારંભિક તકલીફ બાદ તેના સારા પરિણામો પણ મળશે એવી મને આશા છે. અમે લોકો સાથે કામની શરૂઆત કરતાં પહેલાં જ ચર્ચા કરી હતી અને લોકોનો અમને સહકાર મળી રહ્યો છે.




**યોજના પાછળ 10.9 બિલિયન ડોલર થવાની શક્યતા : ફોર્ડ**

ફોર્ડે જણાવ્યું હતું કે, 15 સ્ટોપની આ સબવે લાઈન એક્ઝિબિશન પ્લેસથી ડાઉન ટાઉનની મધ્યે પહોંચશે અને છેવટે ઓન્ટેરિયોના સાયન્સ સેન્ટર પાસે તેનો અંત આવશે. મેટ્રૂલિન્ક્સે જણાવ્યું હતું કે, આ યોજનાનો કુલ ખર્ચ 10.9 બિલિયન ડોલર થવાની ગણતરી રાખવામાં આવી છે. આ અગાઉ નવી ટ્રાન્ઝિટ લાઈન 2030માં શરૂ થઈ જવાની શક્યતા છે.

# માસ્કનો નિયમ પડતો મૂકાતા કોવિડની છટ્ઠી લહેર ચોક્કસ આવશે : નિષ્ણાંતો

### નાગરિકોમાં ચેપ ફેલાવા માંડતા હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા વધવા લાગી

**ઓન્ટેરિયો**

સત્તાવાળાઓના જણાવ્યા મુજબ ઓન્ટેરિયો અને ક્યૂબેકમાં કોવિડ-19ની છટ્ઠી લહેરની શરૂઆત થઈ ચૂકી છે. કેટલાંક નિષ્ણાંતો કહે છે કે ફરજિયાત માસ્ક પહેરવાના કાયદામાં ઢીલ મૂકવાને કારણે કોવિડનો ફેલાવો અને ઓમિક્રોનના સબ વેરિએન્ટ બીએ-2 વાયરસનો ફેલાવો વધવા લાગ્યો છે. ડો. કાસીફ પીરઝાદા કે જેઓ ઈમર્જન્સી ફિઝિશિયન છે, તેમણે ન્યુઝ ચેનલને બુધવારે જણાવ્યું હતું કે, ટોરોન્ટોમાં સાઈકોલોજિસ્ટ તરીકે જાહેર આરોગ્ય ક્ષેત્રે કેટલાક નિયમોમાં ઢીલ મૂકવાને કારણે બીએ-2 વેરિએન્ટના ફેલાવાને અનુકૂળતા મળી છે. કારણ કે, હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા વધવા લાગી છે અને લોકોમાં ચેપ ફેલાવાનું પ્રમાણ પણ વધ્યું છે.

આ બાબત સૂચવે છે કે, આપણે કોવિડ-19ની છટ્ઠી લહેરને આમંત્રણ આપી રહ્યાં છીએ. પીરઝાદાએ ઉમેર્યું હતું કે, મને લાગે છે કે, સત્તાવાળાઓએ ફરજીયાત માસ્ક પહેરવાના નિયમને પડતો મૂક્યો છે, તે આફત નોતરનારી ઘટના બની શકે છે. ઓન્ટેરિયો, ક્યૂબેક, અલ્બર્ટા અને બીસી ખાતેથી તાજેતરમાં એવા અહેવાલો મળ્યા છે કે, વેસ્ટ વોટરમાં કોવિડ-19ના વાયરસ જોવા મળ્યા છે અને ફરીથી તેની અસર વધવા લાગી છે. જો કે, પીરઝાડાએ જણાવ્યું હતું કે, હજુ એ બાબત સ્પષ્ટ નથી કે છટ્ઠી લહેર ગંભીર સ્વરૂપ પકડશે કે પછી અગાઉની લહેરની જેમ સાધારણ રહેશે. હાલમાં ઓન્ટેરિયો અને ક્યૂબેકમાં જે બની રહ્યું છે તે આ રાજ્યોમાં કોવિડની સ્થિતિ કેવી રહેવાની છે, તેના સંકેતો આપે છે. ફરી એક વાર હોસ્પિટલોની ક્ષમતા ઘટવા લાગી છે અને ફરીથી પરિસ્થિતિ વિકટ બની રહી છે. દવાખાનામાં દાખલ થવાના કિસ્સાઓ વધી રહ્યા છે.

# ક્રિપ્ટો કરન્સી મામલે અલ્બર્ટા હવે મહત્વનું સ્થાન મેળવવાની તૈયારીમાં

### - વ્યવસાયોમાં નવી પદ્ધતિ અપનાવવાનો સંકલ્પ, આગામી સત્રમાં ખરડો રજૂ કરવા સરકારની વિચારણી

**અલ્બર્ટા**



ક્રિપ્ટો કરન્સીને કેટલાક નિરીક્ષકો મોટો બગાડ ગણાવે છે અને તેથી કેનેડાનાં રાજ્યો પણ એવું વિચારતા હોય તો નવાઈ ન લાગવી જોઈએ. આવું માનનાર રાજ્યોમાં અલ્બર્ટાનો પણ સમાવેશ થાય છે. પરંતુ અલ્બર્ટાએ ક્રિપ્ટો કરન્સીનાં ક્ષેત્રે ઉત્તર અમેરિકાનાં મહત્વનાં મથક તરીકે ઉભરી આવવાનો સંકલ્પ જાહેર કર્યો હતો.

ઓઈલ અને ગેસનું ઉત્પાદન કરી રહેલાં આ રાજ્ય બિટકોઈન, ઈથેરિયમ, ડોજકોઈન અને અન્ય ડિજીટલ સેવાઓ આપવામાં ઉત્તર અમેરિકા માટે મહત્વનું સ્થાન બનાવાની મહત્વાકાંક્ષા ધરાવે છે. ગયા મહિને અલ્બર્ટાની યુસીપીની સરકારે એક ભાષણમાં જણાવ્યું હતું કે, અમારો હેતુ આર્થિક સેવાઓમાં નવીનતમ સેવાઓને અપનાવી આ વિસ્તારમાં અલ્બર્ટાનું સ્થાન ટોચ પર લાવવાનો છે. અલ્બર્ટાને અર્થતંત્ર માટે આધુનિક પાવરહાઉસ અને મૂડીરોકાણ માટે ચુંબકીય સ્થાન બની રહે અને ડેટા સ્ટોરેજ તથા ક્રિપ્ટો કરન્સી જેવી ઉભરી રહેલી ટેક્નોલોજી માટે અલ્બર્ટા તરફ લોકો નજર માંડે એવી અમારી યોજના છે. આગામી સત્રમાં આ વિષયમાં એક ખરડો રજૂ કરવા સરકાર વિચારી રહી છે, એમ રોજગાર ખાતાનાં મંત્રી ડગ સેવિત્ઝરે હાલમાં આપેલી એક મુલાકાતમાં જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ક્રિપ્ટોજગતમાં નવી નવી કંપનીઓ આવી રહી છે અને સારાં પરિણામો મેળવી રહી છે. છેલ્લા કેટલાંક મહિનાઓથી અલ્બર્ટામાં આવી કંપનીઓનાં કામકાજ સારા પ્રમાણમાં વધ્યાં છે અને હુજુ પણ આ ક્ષેત્રમાં વ્યાપક તકો રહેલી છે, તેનો સરકારે લાભ ઉઠાવવા કાયદો બનાવવા ખરડો રજૂ કરશે.

# ઓન્ટેરિયો અને કેન્દ્ર વચ્ચે બાળ કલ્યાણ યોજના સંબંધી કરાર, વાલીઓને રાહત

### રાજ્ય સરકારને બાળક દીઠ પ્રતિદિન 10 ડોલરનો ખર્ચ કરવાની સુવિધા મળશે

**ટોરોન્ટો**

ઓન્ટેરિયો સરકારે કેન્દ્ર સરકાર સાથે બાળ લ્યાણ સંબંધે યોજનાઓનાં અમલ માટે કરાર ઉપર સહી-સિક્કા કર્યા હતા. આ કરારને કારણે બાળકોની ફીમાં અડધોઅડધ ઘટાડો થશે અને વર્ષાંતે 50 ટકા ફી પાછી આપવામાં આવશે. પશ્ચાદવર્તીય અસરથી અમલમાં આવનાર આ કાયદા મુજબ મે મહિનામાં વાલીઓને ફીની 50 ટકા રકમ પાછી આપવામાં આવશે. વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો અને પ્રિમિયર ડગ ફોર્ડે પ્રાથમિક જાહેરાત કરતાં કરારની વિગતો આપી હતી. સોમવારે બ્રેમ્પટન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યું હતું કે, આ કરારથી રાજ્ય સરકારને સરેરાશ પ્રત્યેક બાળક માટે પ્રતિદિન સપ્ટેમ્બર 2025થી 10 ડોલરનો ખર્ચ કરવાની સુવિધા મળશે. બાળ કલ્યાણ યોજનાના કરાર ઉપર સહી કરનાર ઓન્ટેરિયો સૌથી છેલ્લું રાજ્ય છે.

**યોજના માટે 30 બિલિયન ડોલર ફાળવાયા : ટ્રુડો**



ટ્રુડોએ વધુમાં જણાવ્યું કે, 30 બિલિયન ડોલર રાષ્ટ્રીય બાળ કલ્યાણ યોજના માટે ફાળવવામાં આવ્યાં છે. રાજ્ય સરકાર સાથે થયેલા આ કરારથી રાજ્ય સરકારને 13.2 બિલિયન ડોલર છ વર્ષ સુધી મળતા રહેશે. આ યોજનામાં અન્ય રાજ્યો અને પ્રદેશો જોડાયા છે. એ બાબતની નોંધ લેવી જોઈએ કે કેન્દ્ર સરકારે 2021નાં બજેટમાં આ બાબતનો ઉલ્લેખ કર્યો છે. પાંચ વર્ષ બાદ રાજ્યોને વાર્ષિક 9 બિલિયન ડોલર મળતા થશે.


આ મુદ્દે ટ્રુડોએ જણાવ્યું હતું કે, અમે જાણીએ છીએ કે દરેક બાળક જીવનની શરૂઆત ઉત્તમ રીતે કરી શકે તેવી તેના વાલીઓની ઈચ્છા હોય છે. ખાસ કરીને માતાઓની આ અપેક્ષામાં લાગણીનું તત્વ વધારે જોવા મળે છે. આથી બાળકની કારકિર્દી અને પરિવાર એ બેની વચ્ચે પસંદગી કરવાની ફરજ ન પડવી જોઈએ. તેથી જ કેન્દ્ર અને રાજ્ય સરકારે બાળકો માટે શરૂઆતથી જ આ યોજના ચલાવી રહી છે. કેન્દ્ર અને રાજ્ય વચ્ચે કેનેડાના આર્થિક વર્ષ (માર્ચ 31) પછી આ કરાર થયા છે. તેથી 10.2 બિલિયન ડોલર પાંચ વર્ષને બદલે ચાર વર્ષ સુધી આપવામાં આવશે અને તેનો ઉપયોગ આગામી વર્ષમાં પણ કરી શકાશે.

### સ્કારબોરોના બે થિયટરોમાં ધ કાશ્મીર ફાઈલ્સ ફિલ્મની પ્રસ્તુતિ

# સ્કારબોરોમાં ગૂંજ્યા જયશ્રી રામ અને વંદે માતરમના નારા

### શો અંગે જાહેરાત બાદ ગણતરીના સમયમાં જ આખુ થિયેટર બુક થઇ ગયું

**સ્કારબોરો**





"ધ કાશ્મીર ફાઈલ્સ" ચલચિત્ર જાહેર જનતા માટે વુડસાઈડ સિનેમા, સ્કારબોરો ખાતે ૨૦મી માર્ચને રવિવારે ૩:૦૦ વાગ્યો રજૂ કરવાની જાહેરાત થઈ હતી. જે બાદ થોડા કલાકોમાં જ લોકોનો અપ્રતિમ સહકાર સાંપડ્યો હતો. થિયેટરની કેપેસેટી કરતાં દોઢગણી ટીકીટોની માંગ થઈ હતી. લોકોની લાગણી અને ધસારાને અનુલક્ષીને આયોજકોએ બીજું થિયેટર પણ બુક કરાવ્યું હતુ. અને તેનો સમય પણ સરખો જ રાખવામાં આવ્યો હતો. ફિલ્મ જોવા માટે બંને થિયેટરોની ટીકીટો પણ થોડા કલાકોમાં જ બધી બુક થઈ ગઈ હતી. આ ચલચિત્ર કમાવવા માટે નહીં પણ એક ઈતિહાસ બતાવી લોકોને જગાડવા માટે બનાવવામાં આવ્યું હોવાથી સૌ આક્રોશપૂર્ણ રીતે ઊમટી પડયા હતા. પીકચર પુરૂં થયા પછી પણ લોકો સ્તબ્ધ રીતે ગમગીન થઈને બેસી જ રહ્યા હતાં. જે પછી જય શ્રી રામ અને વંદે માતરમના ઉદઘોષ સાથે બધા હતપ્રભ દશામાં આક્રોશ સાથે બહાર નીકળ્યા હતા. જનતાએ તેમને ન્યુનતમ્ દરમાં સુંદર સગવડ પુરી પાડી આવું આયોજન કરવા બદલ આયોજકો વિજય પટેલ, કુનાલ પટેલ, ચિંતનબેન ભાવસાર તથા અજીત પટેલનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આયોજકોએ પણ જાહેર જનતાનો અભૂતપૂર્વ સહકાર મળ્યો હોવાથી પ્રોગ્રામને સફળતા અપાવવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# અમેરિકાની ભારતને ચેતવણી, ચીન LACમાં ઘૂસી જશે તો રશિયા બચાવવા નહીં આવે

**નવીદિલ્હી**

નવી દિલ્હી: યુક્રેન અને રશિયા વચ્ચેની લડાઈ એક મહિના કરતા વધારે સમયથી ચાલુ છે અને અમેરિકાની સાથે જ બીજા દેશો તફથી રશિયા પર લગાવાયેલા પ્રતિબંધોની ખાસ અસર થતી દેખાઈ રહી નથી. અમેરિકાનો પ્રયાસ છે કે, રશિયા સાથે વેપાર કરવા માટે કોઈ દેશ આગળ ન આવે. તો, રશિયા સામે અમેરિકાની નીતિ તૈયાર કરવામાં મહત્વનો રોલ ભજવનારા ભારતીય મૂળના ડેપ્યુટી એનએસએ દલીપ સિંહ બે દિવસના ભારત પ્રવાસે છે. અહીં તેમણે એવી વાત કરી જે ભારતને પસંદ નહીં આવે. દલીપ સિંહે કહ્યું કે, ભારત એવી આશા ન રાખે કે ચીન તરફથી એલએસીનું કોઈ ઉલ્લંઘન થશે તો રશિયા તેની મદદ કરશે. ડેપ્યુટી એનએસએ દલીપ સિંહ, જેને રશિયા સામે પ્રતિબંધોના માસ્ટર માઈન્ડ મનાય છે, તેમણે ભારતને ચેતવતા કહ્યું કે, જ્યારે ચીન નિયંત્રણ રેખા (એલએસી)નું ઉલ્લંઘન કરશે, ત્યારે રશિયા ભારતની મદદ કરશે એવું નથી. ચીન અને રશિયા હવે નો લિમિટ્સ પાર્ટરનશિપમાં છે.

તંત્રી સ્થાનેથી

# લશ્કર સામે શિંગડા ભેરવતા ઈમરાન પણ ભેખડે ભેરવાયા



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

પાકિસ્તાનના ઈતિહાસમાં ફરી એક વધુ વડાપ્રધાન સામે લટકતી તલવાર ઉભી થઈ છે. અત્યાર સુધી પાકિસ્તાનમાં કોઈપણ વડાપ્રધાન પોતાનો કાર્યકાળ પુરો કરી શક્યા નથી.

કોઈને લશ્કરે હટાવ્યા તો કોઈ બરતરફ થયા. વાસ્તવમાં પાકિસ્તાનમાં ચૂંટણી જીત્યા બાદ સત્તા ભલેને કોઈપણ પાર્ટી કે નેતાને મળી હોય, પરંતુ પડદા પાછળ રાજ તો લશ્કરનું જ ચાલતું હોય છે. જ્યારે પણ પાકિસ્તાનમાં ચૂંટણી થાય છે ત્યારે લશ્કરના જનરલ મહત્વનો ભાગ ભજવે અને પોતાના માનીતાને જ ચૂંટણી જીતાડે છે. વળી, સત્તા મળ્યા પછી આ નેતા જ્યાં સુધી લશ્કરના કહ્યામાં રહે ત્યાં સુધી બધુ હેમખેમ ચાલ્યા કરે. કિન્તુ જેવું કોઈ લશ્કરની સામે બાંયો ચડાવે છે કે તરત જ તેને હટાવવા પેંતરા શરુ થાય. અનેક વડાપ્રધાને આ પ્રકારે જ પાકિસ્તાનની ગાદી છોડવી પડી છે.

૨૦૧૮માં ઈમરાનને વડાપ્રધાન બનાવવામાં લશ્કરે જ મહત્વનો ભાગ ભજવ્યો હતો. પાકિસ્તાનના તત્કાલીન વડાપ્રધાન નવાઝ શરીફ લશ્કર સામે બાંયો ચઢાવવા માંડતા લશ્કર તેનો વિકલ્પ શોધી રહી હતુ. આ સમયે ઈમરાન ખાનના પક્ષ પાસે બહુમતી નહોતી, પણ ઘણા પક્ષોનો ટેકો મેળવીને તેઓ વડા પ્રધાન બન્યા હતા. તેમણે નયા પાકિસ્તાનનું સર્જન કરવાનો કોલ આપી લોકોના દીલ પણ જીત્યા, પરંતુ લશ્કરના વડા જનરલ બાજવા સાથેના સંઘર્ષને કારણે હવે ખુદ ઈમરાન ખાનની સામે જ રાજકીય સંકટ ઉભુ થયુ છે. 2018માં ઈમરાન ખાનની પાર્ટી તહરીકે ઈન્સાફ અને તેના સહયોગીઓ મળીને 180 સંસદ સભ્યોનું સમર્થન મળ્યું હતુ.

પાકિસ્તાનની સંસદમાં કુલ ૩૪૨ બેઠકો છે. એટલે બહુમતી માટે 172 સભ્યોના ટેકાની જરૂર પડતી હોય છે. પાકિસ્તાન તહેરિકે ઈન્સાફને 2018ની ચૂંટણીમાં ૧૫૫ બેઠકો મળી હતી, જે બાદ લશ્કરના ટેકાથી તેઓ લઘુમતી સરકારના વડા પ્રધાન બન્યા હતા. સંજોગોવસાત હવે શાસકપક્ષના 24 સભ્યોએ ઈમરાન સાથેથી છેડો ફાડી નાંખતા રાજકીટ કટોકટી સર્જાઈ છે. અગાઉ સાત સભ્યોનો ટેકો આપતી એમક્યુએમ નામની પાર્ટીએ પણ આજે સરકારને સમર્થન ખેંચી લીધુ છે. દસ સભ્ય ધરાવતા બીજા સાથી પક્ષો પણ હવે ઈમરાનથી નારાજ થઈને તેનો સાથ છોડવાની તૈયારીમાં છે. 20 દિવસ પહેલાંથી જ વિપક્ષે પાકિસ્તાનમાં અવિશ્વાસ પ્રસ્તાવની વાત છેડીને 6 દિવસ પહેલાં સંસદમાં કાર્યવાહી કરી. આખરે સ્પીકરે ઈમરાનને વિશ્વાસ મત સાબિત કરવા કહી દીધુ છે. ઈમરાન ખાનની સરકાર સંસદમાં વિશ્વાસનો મત જીતી શકે તેવી કોઈ સંભાવના નથી. જો કે પાકિસ્તાની ક્રિકેટ ટીમનો ભૂતપૂર્વ કેપ્ટન ઈમરાન ખાન ચમત્કાર થવાની આશા સાથે છેલ્લા બોલ સુધી રમવાની વાત કહી રહ્યા છે.

ઈમરાન ખાન પોતે ઈસ્લામિક દેશોના નેતા બનવાની મહત્ત્વાકાંક્ષા ધરાવે છે તે જગજાહેર વાત છે. જો કે ચાર દિવસ પહેલા ભારતની વિદેશ નીતિનાં વખાણ કરવા પાછળ તેમનું નિશાન સાઉદી અરેબિયા નહોતું પણ પાકિસ્તાનનું લશ્કર હતું. આ રીતે લશ્કરને તેણે તટસ્થ રહેવાની આડકતરી શીખ આપી હતી. આ ઘટનાક્રમ બાદ વિપક્ષો દ્વારા રજૂ થયેલા અવિશ્વાસના પ્રસ્તાવમાં ઈમરાન ખાનને ટેકો આપવાને બદલે લશ્કરે તમાશો જોયો હતો. તેથી ઈમરાનખાન હવે આક્ષેપ કરી રહ્યા છે કે, લશ્કર તટસ્થ નથી, પણ ઈમરાન ખાનને હટાવવા માગે છે. જે બાદ રવિવાર ઈમરાન ખાને પ્રચંડ રેલી કાઢીને શક્તિપ્રદર્શન કર્યુ, પણ લશ્કરના વડાને ઈમરાનની આ હરકતથી ઝાઝી અસર થઈ નહીં. ઈમરાન ખાનની પાકિસ્તાન તહેરિકે ઈન્સાફ પાર્ટીના ૧૨ સંસદસભ્યો તેમનો સાથ છોડીને ચાલ્યા ગયા ત્યારે ઈમરાન ખાન હતાશામાં બોલ્યો હતો કે તેમનાં સંતાનો સાથે લગ્ન કરવા કોઈ તૈયાર નહીં થાય. તેનાથી નારાજ થઈને બીજા ૧૫ સભ્યો પક્ષ છોડીને જતા રહ્યા હતા. ઈમરાન સામે પાક્સ્તાન પિપલ્સ પાર્ટી અને પાકિસ્તાન મુસ્લિમ લિગ જેવા વિપક્ષો એક થઈ ગયા છે. તેમાં બીજા નાના પક્ષો પણ ભળ્યા છે. જો ઈમરાન ખાનની સરકારનું પતન થાય તો ભૂતપૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફના ભાઈ શાહબાઝ શરીફ વડા પ્રધાન બને તેવી પ્રબળ શકયતા છે.

પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફને ભ્રષ્ટાચારના આરોપ હેઠળ રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી હતી. તેમની અને તેમના ભાઈ શાહબાઝ શરીફ સામે નેશનલ એકાઉન્ટેબિલિટી બ્યુરો દ્વારા તપાસનો આદેશ અપાયો હતો. આ સંસ્થાએ બ્રિટનની બ્રોડશીટ નામની કંપનીની મદદ લીધી હતી. તાજેતરમાં બ્રોડશીટ કંપનીદ્વારા આશ્ચર્યજનક રીતે જાહેર કરાયુ કે, નવાઝ શરીફ સામેના ભ્રષ્ટાચારના આક્ષેપોમાં કોઈ તથ્ય નથી. ૨૦૧૮માં પાકિરતાનના તત્કાલીન વડા પ્રધાન નવાઝ શરીફ સામે ઈમરાન ખાનદ્વારા ઝુંબેશ શરૂ કરવામાં આવી તેની પાછળ પાક્તિાની જાસૂસી સંસ્થા આઈએસઆઈના તત્કાલીન વડા જનરલ ફેયાઝ હમીદની ભૂમિકા રહી હતી. તેમણે પાકિસ્તાની લશ્કરના સહકારથીચૂંટણીમાં ગોલમાલ કરાવતા ઈમરાન ખાનના પક્ષને ૧૫૫ બેઠકો મળી હતી. જો કે, ઈમરાને સત્તા સંભાળ્યાને ત્રણ વર્ષ પૂરાં કર્યા ત્યાં તો લશ્કરની નજરમાંથી તેઓ ઊતરી ગયા છે. વાસ્તવમાં 2021ના અંતિમ દિવસોમાં લશ્કરના વડા જનરલ કમાર જાવેદ બાજવા સાથે ઈમરાને ખટરાગ થયો હતો. બાજવાને લશ્કરના વડા તરીકે મુદત વધારી આપવાની વાત આવી ત્યારે ઈમરાન ખાને સપ્તાહો સુધી તેની ફાઈલ અટકાવી રાખી હતી. આ સાથે જ જનરલ ફેયાઝ હમીદને પેશાવર કોર્પ્સ કમાન્ડર તરીકે નિમણૂક આપવાની કાર્યવાહી ગણતરીના કલાકોમા થઈ હતી. જનરલ ફેયાઝ હમીદને પેશાવર કોર્પ્સ કમાન્ડરના વડા બનાવવાનું ઈમરાન ખાનનું પગલું તેમને ૨૦૨૨ના નવેમ્બરમાં લશ્કરના વડા બનાવવા તરફનું પ્રયાણ માનવામાં આવે છે. જનરલ કમાર બાજવા નવેમ્બરમાં રિટાયર થાય તે પછી નવા લશ્કરી વડાની પસંદગી વર્તમાન પાંચ કોર્પ્સ કમાન્ડરોમાંથી કરવાની હોય છે. તે પૈકી જનરલ ફેયાઝ હમીદને ઈમરાને પ્રાધાન્ય આપતા બાકીના ચાર કમાન્ડરો પણ તેમનાથી વિરુદ્ધ થઈ ગયા છે. તેમને ડર છે કે તેમની સિનિયોરિટીની ઉપેક્ષા કરીને જનરલ ફેયાઝ હમીદને લશ્કરના વડા બનાવી દેવાશે. જો જનરલ ફેયાઝ હમીદ લશ્કરના વડા બની જાય તો તેઓ ઈમરાન ખાનને બીજીવાર પાકિસ્તાનમાં સત્તા મળે. ઈમરાનની આ જ રમતને કારણે નારાજ થયેલા જનરલોએ વર્તમાન આર્મી ચીફ બાજવા સાથે હાથ મિલાવ્યા અને તે પછી ઈમરાન સામે મોરચો મંડાયો છે. સાઉદી ઉપરાંત અમેરિકાની પણ નારાજગી વહોરનાર ઈમરાને ગુરુવારે નવો દાવ ખેલ્યો હતો. ઈમરાને પોતે વિશ્વાસ મત સાબિત કરવાને બદલે રાષ્ટ્રીય જોગ સંબોધન કરતા કહ્યું કે, હું હજી રાજીનામુ નહીં આપું, એક ખેલાડી છું તેથી છેલ્લા બોલ સુધી રમીશ. આ વખતે ઈમરાને પાકિસ્તાનને અમેરિકાના સમર્થક બનવાને મોટી ભૂલ લેખાવી હતી. ઈમરાને વિપક્ષના પ્રસ્તાવ સામે સંસદ બરખાસ્તગીની તરફેણ પણ કરી હતી. બીજી તરફ પાકિસ્તાનના એસેમ્બલી સત્રમાં શરૂઆતથી જ વિપક્ષે હંગામો મચાવતા સ્પીકરે 3 એપ્રિલ સુધી કાર્યવાહી સ્થગિત કરી દેતા ઈમરાનને હાલ પુરતી રાહત મળી છે.

manoj1968@yahoo. ca







# અંબાજી મંદિરની માલિકીના વિવાદ મામલે ટ્રસ્ટને પક્ષકાર બનાવવા હાઈકોર્ટની મંજૂરી

**અંબાજી**

ગબ્બર પર્વત અને અંબાજી માતાના મંદિરના માલિકી મુદ્દે દાંતા રાજપરિવારની પચાસ વર્ષ જુની અરજીમાં હાઈકોર્ટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટને જોડાવવા માટેની મંજૂરી આપી છે. દાંતાના રાજપરિવારે આ અરજી રાજ્ય અને કેન્દ્ર સરકાર સામે કરેલી છે. હાઈકોર્ટનુ અવલોકન છે કે, ટ્રસ્ટે આ મંદિરની મિલકતનુ વ્યાજ, ટાઈટલ અને કબજો મેળવેલો છે. જેથી, તે જરૂરી પક્ષ છે અને તેની હાજરી વગર કોઈ અસરકારક ડિક્રી (હુકમનામુ) પસાર કરી શકાય નહી.

અડધી સદી જુની આ અરજીમાં અંબાજી મંદિરના ટ્રસ્ટ દ્વારા જોડાવવા માટે દાંતા સિવિલ કોર્ટમાં અરજી કરેલી. જો કે, વર્ષ 2019માં દાંતા સિવિલ કોર્ટે અંબાજી મંદિરના ટ્રસ્ટની આ અરજીને ફગાવી હતી. દાંતા સિવિલ કોર્ટનુ અવલોકન હતુ કે આ કેસમાં ટ્રસ્ટની કોઈ લોકસ સ્ટેન્ડી (કોઈ લેવા દેવા નથી) નથી.



દાંતાના રાજપરિવાર દ્વારા અંબાજી મંદિર, તેની મિલકતો અને ગબ્બર પર્વત પર તેની માલિકીનો દાવો કરે છે. જેનો અંબાજી મંદિર ટ્રસ્ટ વિરોધ કરી રહ્યું છે. દાંતા સિવિલ કોર્ટના આ હુકમ સામે અંબાજી મંદિરના ટ્રસ્ટ દ્વારા હાઈકોર્ટમાં અપીલ કરાઈ હતી. અંબાજી મંદિર, તેની મિલકત અને ગબ્બર પર્વતની માલિકીનો વિવાદ બહુ જુનો છે.

# યાત્રાધામ અંબાજીમાં આગામી 8થી 10 એપ્રિલ દરમિયાન 51 શક્તિપીઠ મહોત્સવનું આયોજન

**પાલનપુર**

અંબાજી ખાતે આગામી તા. ૮, ૯ અને ૧૦ એપ્રિલના રોજ શ્રી ૫૧ શક્તિપીઠ મહોત્સવ યોજાશે. અંબાજી ગબ્બર તળેટી ખાતે યોજાનાર શ્રી ૫૧ શક્તિપીઠ મહોત્સવના આયોજન અંગે પાલનપુર કલેકટર કચેરી ખાતે આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની બેઠક યોજાઈ હતી. માતાજીના ૫૧ શક્તિપીઠોના નિર્માણનું કામ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરાવ્યું હતું. દેશ અને વિદેશોમાં શ્રીલંકા, બાંગલાદેશ, નેપાળ, પાકિસ્તાન વગેરે દેશોમાં આવેલા માતાજીના શક્તિપીઠો પ્રમાણે આબેહુબ ૫૧ શક્તિપીઠોનું નિર્માણ અંબાજીમાં કરવામાં આવેલું છે. મનુષ્યના એક જ જન્મમાં દેશ અને વિદેશોમાં આવેલા આ શક્તિપીઠોમાં જઈ માતાજીના દર્શન કરવા એ દરેક મનુષ્ય માટે સંભવ નથી, તેથી મૂળ સ્થાનક જેવા જ ૫૧ શક્તિપીઠોનું અંબાજી ગબ્બર ખાતે નિર્માણ કરવામાં આવ્યું છે જેમાં સવારે-૬.૦૦ થી સાંજે-૭.૦૦ વાગ્યા સુધી યોજાનાર શ્રી પરિક્રમાની વ્યવસ્થા જાળવવા માટે ભાદરવી પૂનમના મેળાની જેમ અલગ અલગ ૧૪ જેટલી સમિતિઓ બનાવવામાં આવી છે.

રમઝાન મુબારક
અલ્લાહ તમને રમઝાનમાં રોઝા રાખવાની તૌફિક આપે તેવી શુભેચ્છા


Salma Zahid
MP for Scarborough Centre
5-2155 Lawrence Avenue East
Scarborough, ON
(416) 752-2358
salma.zahid@parl.gc.ca
SalmaZahid15 @SalmaZahid15


ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન
Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ
Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax
CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA
Call us for details
રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# ડૉકટર સાથે પેરામેડિકલ સ્ટાફ વધે તે દીશામાં કામ થઈ રહ્યું છે : માંડવીયા

## સિવિલમાં 70 કરોડના ખર્ચે નવનિર્મિત થયેલી મેડિકલ કોલેજ ભવનનું લોકાર્પણ

**સુરત**

સુરત નવી સિવિલ હોસ્પિટલમાં કેમ્પસમાં રૂ.70 કરોડના ખર્ચે બનેલી અદ્યતન સરકારી મેડિકલ કાલેજનું આજે સાંજે કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવીયાના હસ્તે લોકાર્પણ કરાયું હતુ.

કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવીયાએ જણાવ્યું કે, આખા દેશમાં હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર વધારવાનું કામ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં થઈ રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ આરોગ્ય સેવા પહોંચાડવાની પ્રાથમિકતા છે. ડૉકટર સાથે પેરામેડિકલ સ્ટાફ વધે તે દીશામાં કામ થઈ રહ્યું છે. અગાઉ દેશમાં એમબીબીએસની બાવન હજાર બેઠક હતી. હાલમાં 92 હજાર બેઠકો છે. દેશમાં મેડિકલ કોલેજની 327 બેઠક હતી, હાલમાં 586 બેઠક છે, જ્યારે પીજીની 31 હજાર બેઠક હતી અને હાલમાં 62 હજાર છે. દરેક મેડિકલ કોલેજનું ઈન્ફ્રાસ્ટ્રકચર વધારવા માટે દર એમબીબીએસની એક સીટે 1.20 કરોડ પોલીસી બનાવવામાં આવે છે. રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ગુજરાતમાં અમદાવાદ મેડિકલ ટુરીઝમનું હબ બની ગયુ છે. હવે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં આરોગ્ય સેવા વધારવા કવાયત થઈ રહી છે. સુરત અને વડોદરામા આરોગ્યસેવા અપગ્રેડ કરવામાં આવશે. છેલ્લા વ્યક્તિ સુધી સારવાર પહોંચે અને ખાસ કરીને સિનિયર સીટીઝનને ઘરે બેઠા લેબ કેસ અને દવા મળે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે.

# ગુજરાતના સુરતમાં બન્યો દેશનો સૌ પ્રથમ '6 લેનનો સ્ટીલનો રસ્તો'

**સુરત**

દેશના વિભિન્ન સ્ટીલ પ્લાન્ટમાંથી દર વર્ષે 19 મિલિયન ટન સ્ટીલનો કચરો નીકળે છે. સ્થિતિ એવી બની છે કે, સ્ટીલ પ્લાન્ટમાં કચરાના પહાડો બની ગયા છે. પરંતુ હવે સ્ટીલના આ જ કચરામાંથી રસ્તાઓ બનશે. અનેક વર્ષોના સંશોધન બાદ કેન્દ્રીય સડક સંશોધન સંસ્થાના વૈજ્ઞાનિકોએ સ્ટીલના કચરાને પ્રોસેસ કરીને કપચીનું નિર્માણ કર્યું છે. આ કપચી વડે ગુજરાતમાં 1 કિમી લાંબો 6 લેનનો રસ્તો તૈયાર કરવામાં આવ્યો છે. હવે દેશમાં હાઈવે પણ આ સ્ટીલના વેસ્ટમાંથી જ બનશે.

ગુજરાતના હજીરા પોર્ટ ખાતે બનાવાયેલો એક કિમી લાંબો આ રસ્તો પહેલા અનેક ટન વજન લઈને ચાલી રહેલા ટ્રકોના કારણે બિસ્માર રહેતો હતો. પરંતુ એક પ્રયોગ અંતર્ગત તે રસ્તાને સંપૂર્ણપણે સ્ટીલ વેસ્ટમાંથી તૈયાર કરવામાં આવ્યો છે. હવે દરરોજ 1000થી પણ વધારે ટ્રક 18થી 30 ટન વજન લઈને પસાર થાય છે પરંતુ રસ્તો બિલકુલ એ જ સ્થિતિમાં રહ્યો છે.

આ પ્રયોગ બાદ દેશના હાઈવે અને અન્ય રસ્તાઓ પણ સ્ટીલના કચરામાંથી બનાવવામાં આવશે કારણ કે, તેનાથી બનેલા રસ્તાઓ ખૂબ જ મજબૂત હોય છે અને ખર્ચો પણ આશરે 30 ટકા ઓછો થાય છે.

# ગોથાણ-હજીરા ટ્રેક માટે જમીન સંપાદનનું જાહેરનામું રદ ન થાય ત્યાં સુધી લડત

**સુરત**

ગોથાણથી હજીરા વચ્ચે રેલવે ટ્રેકમાં ખેડુતોની મહામુલી જમીન સંપાદન થતી હોવાથી ખેડુત સમાજ દ્વારા આદોલન શરૂ કરાયુ છે. આ આંદોલનના પગલે ગાંધીનગર બેઠક કર્યા બાદ હાલમાં જે રેલવે ટ્રેક છે. તેની બાજુમાં જ નવો ટ્રેક નાંખીને લાઈન લઈ જવાનું નક્કી કરાયુ છે. આ માટે કેવી રીતે લાઈન જશે. કેટલી જમીનો કપાશે સહિતી તમામ વિગતોનો સર્વે કરીને રિપોર્ટ આપવાનો આદેશ થયો છે. આ આદેશ વચ્ચે લડત ચલાવતા ખેડુત સમાજના આગેવાન રમેશ પટેલના જણાવ્યા મુજબ 14 ગામોની 85 હેકટર જમીન સંપાદન માટે જે જાહેરનામુ બહાર પાડયુ છે. તે પાછુ નહીં ખેંચે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાનો નિર્ધાર વ્યકત કર્યો છે.

# રિવર લિંક યોજના વિવાદ : સમિતિના પ્રમુખ-ઉપપ્રમુખને હોદ્દા પરથી હટાવાયા

## ધરમપુરના ચીખલપાડામાં બેઠક યોજાઈ, લડત ચાલુ રહેશે

**ધરમપુર**

રિવર લિંક યોજના સામે વિરોધ ઉઠતાં સોમવારે ગુજરાત ભાજપના આદિવાસી સાંસદો-ધારાસભ્યોના પ્રતિનિધિમંડળે દિલ્હી ખાતે કેન્દ્ર સરકારના 3 મંત્રીઓ સાથે યોજેલી બેઠકમાં, આ યોજના ગુજરાત પૂરતી કાયમી ધોરણે સ્થગિત કરી દેવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ આદિવાસી આગેવાનોને સરકારની નિયત પર વિશ્વાસ નથી. આ મુદ્દે બુધવારે ચીખલપાડા ગામે પૈખેડ ડેમ હટાવ સમિતિની બેઠક મળી હતી. સમિતિના પ્રમુખ ચિંતામણી પાડવી અને ઉપપ્રમુખ કાશીનાથ માહલા, ગત તા. 27-03-22ના રોજ 3 મંત્રીઓ દ્વારા વલસાડના સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં, સમિતિના અન્ય હોદ્દેદારો-સભ્યોને વિશ્વાસમાં લીધા વિના પહોંચી ગયા હતા. જેને પગલે આજરોજ ચીખલપાડા ગામે યોજાયેલી બેઠકમાં બંને હોદ્દેદારોને તેમના પદ પરથી દૂર કરી દેવાનો નિર્ણય લેવાયો હતો. સમિતિના સભ્ય અર્જુન પઢેરે જણાવ્યું કે, તા. 03-04-22એ સાતવાંકલ ગામે યોજાનારી સમિતિની બેઠકમાં સમિતિના નવા પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરાશે.

# આર્સેલર-મિત્તલ દ્વારા તાપીમાં પ્રદૂષણ મુદ્દે કોર્ટની સરકારને નોટિસ

**સુરત**

હજીરામાં આવેલા આર્સેલર-મિત્તલ નિપ્પોન સ્ટીલ લિમિટેડના પ્લાન્ટ દ્વારા તાપી નદી અને દરિયામાં પ્રદૂષણ કરાતું હોવાનો આક્ષેપ કરતી જાહેર હિતની રિટમાં હાઈકોર્ટે રાજ્ય સરકાર, કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી અને મેરિટાઈમ બોર્ડને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે અને વધુ સુનાવણી ચોથી જુલાઈના રોજ નિયત કરી છે. અરજદાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કેન્દ્રીય પર્યાવરણ અને વનવિભાગ તરફથી કંપનીના પ્લાન્ટને વિવિધ પર્યાવરણીય નિર્દેશો આપવામાં આવ્યા છે. પ્લાન્ટ અને તેની આસપાસનો વિસ્તાર સી.આર. ઝેડ. અંતર્ગત આવે છે, આમ છતાં કંપની દ્વારા તાપી નદી અને દરિયામાં પ્રદૂષમ ફેલાવાવમાં આવે છે.



# નડિયાદમાં MLAની જમીન હડપ કરનારા 10 સામે ગુનો

## ફાગવેલની સીમમાં આવેલી જમીન પર દસ શખ્સોએ ગેરકાયદે કબજો જમાવતા અરજી કરવામાં આવી હતી

નડિયાદ : ઠાસરા તાલુકાના ધારાસભ્યની કઠલાલ તાલુકાના ફાગવેલ ગામની સીમમાં આવેલ દસેક વિઘા ખેતીવિષયક જમીન બાબતે જાનથી મારી નાંખવાની ધમકી અપાતા કઠલાલો પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ છે. આ ઘટનામાં ફાગવેલ તાબેના શીવબાપુના મુવાડા ખાતે રહેતા દસ ઈસમો સામે ફરિયાદ નોંધાઇ છે.

ઠાસરાના સીટીંગ ધારાસભ્ય કાંતિભાઈ શાભઈભાઈ પરમારે નોધાવેલ ફરિયાદ મુજબ કાંતિભાઈની કઠલાલ તાલુકાના ફાગવેલ સીમમાં ખાતા નંબર ૧૧૯૭ સર્વે નંબર ૪૬૨, ખાતા નંબર ૧૧૭૩ સર્વે નંબર ૭૨૫-૧,૭૨૬-૧,૭૨૬-૬, ૭૨૯-૫ વાળી જમીનો આવેલી છે. જેમાંથી ખાતા નંબર ૧૧૯૭ વાળી જમીન કાંતિભાઈની સ્વતંત્ર માલીકીની જમીન છે. જ્યારે બાકીની જમીન ડાકોરના કોકીલાબેન કા.પટેલ સાથે સંયુક્ત માલીકીની જમીન છે. આ જમીન કાંતિભાઈએ દસેક વર્ષ પહેલા ફાગવેલ ગામના પશીબેન લખાજી રાઠોડ અને મંછાબેન લખાજી રાઠોડ પાસેથી વેચાણ દસ્તાવેજથી રાખેલ હતી. ત્યારબાદ રેવન્યુ રેકર્ડે કાંતિભાઈનું નામ દાખલ થયું હતું. આ જમીનોમાં કાંતિભાઈએ બે એક વર્ષ સુધી ખેતી કરી હતી. પરંતુ પોતાના વતનથી આ જમીન દૂર આવેલી હોવાથી ખેતી કરવા જતા ન હતા.

છ એક મહિના પહેલા કાંતિભાઈ ફાગવેલ ખાતે આવેલ આ જમીનો ઉપર ગયા હતા. જ્યાં તેમની જમીન પર ફાગવેલ તાબેના શીવબાપુના મુવાડા ખાતે રહેતા જીવાભાઈ પૂંજાભાઈ રાઠોડ, દહાભાઈ પૂંજાભાઈ રાઠોડ, ભલાભાઈ જીવાભાઈ રાઠોડ, રતીભાઈ ઉદાભાઈ રાઠોડ, રઈજીભાઈ ડાહ્યાભાઈ રાઠોડ, કાંતિભાઈ અમરાભાઈ રાઠોડ, કાન્તિભાઈ બાબરભાઈ રાઠોડ, મનુભાઈ વિરાભાઈ રાઠોડ,શનાભાઈ કાન્તિભાઈ રાઠોડ, અમરાભાઈ બાબરભાઈ રોઠોડે ગેરકાયદેસર કબજો જમાવી દીધો હતો.

# જળ સંચય ક્ષેત્રે સિદ્ધિ : પશ્ચિમ ઝોનમાં વડોદરા જિલ્લો બીજા ક્રમે

**વડોદરા**

કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલય દ્વારા ત્રીજા રાષ્ટ્રીય જળ પુરસ્કાર-2020ની જાહેરાત કરવામાં આવી હતી.જેમાં પશ્ચિમ ઝોનમાં સર્વશ્રેષ્ઠ જિલ્લાની શ્રેણીમાં વડોદરા જિલ્લો બીજા ક્રમે રહ્યો છે. જિલ્લામાં શરૂ કરવામાં આવેલા પંચ જળ સેતું પ્રોજેક્ટના માપદંડોને આધારે વડોદરાની સર્વ શ્રેષ્ઠ જિલ્લાની શ્રેણીમાં પસંદગી થઈ હતી. નવી દિલ્હી ખાતે વિજ્ઞાન ભવનમાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં આજે યોજાયેલ સમારોહમાં કેન્દ્રીય જળ સંસાધન મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતના હસ્તે જિલ્લાના તત્કાલીન કલેકટર અને હાલ વડોદરા મ્યુનિ.કમિશનર શાલિની અગ્રવાલ તથા કલેકટર અતુલ ગોરને પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો હતો. જળ સમૃદ્ધ ભારતના લક્ષને હાંસલ કરવા માટે દેશભરમાં વિવિધ રાજ્યો, જિલ્લા, વ્યક્તિઓ, સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા પ્રેરક કાર્યો અને પ્રયાસોને પ્રોત્સાહિત કરવા વર્ષ 2018 થી વિવિધ 11 કેટેગરીમાં રાષ્ટ્રીય જળ પુરસ્કાર આપવામાં આવે છે.

# યુવકની હત્યા કેસમાં દંપતી સહિત પાંચને આજીવન કેદની સજા કરાઈ

## પાર્કિંગ વ્યવસ્થિત કરવાનું કહેતા યુવકને ફારૂકે છાતીમાં ચાકુ માર્યું, તેના પુત્ર અને ભાઇએ ઇંટો મારી પતાવી દીધો

**વડોદરા**

તાંદલજામાં આમિર કોમ્પ્લેક્ષમાં રહેતા ૨૩ વર્ષના ઈલ્યાસ યાસીનભાઈ મેમણને તેમના કોમ્પ્લેક્ષમાં જ ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી કબીર ચીકન શોપના સંચાલકો સાથે ઝઘડો થયો હતો. કબીર ચીકન શોપમાં આવતા ગ્રાહકો કોમ્પ્લેક્ષમાં આડેધડ પાર્કિંગ કરતા હોવાથી ઈલ્યાસ વારંવાર તેઓને ટોકતો હતો. દરમિયાન તા.૨૨ જુલાઈ ૨૦૧૮ના રોજ બપોરે ઈલ્યાસ તેની રીક્ષા લઈને આવ્યો હતો પરંતુ પાર્કિંગ નહી મળતા કબીર ચીકન શોપવાળા ફારૂક, મુન્નો અને ફરહાનને વ્યવસ્થિત પાર્કિંગ માટે કહેતા ઝઘડો થયો હતો. જો કે ત્યારે ઝઘડો શાંત થઈ ગયો હતો અને ઈલ્યાસ પણ પોતાના ઘરે જતો રહ્યો હતો. જે બાદ સાંજે સાત વાગ્યે ઈલ્યાસ પડીકી ખવા માટે નીચે ઉતર્યો હતો અને રોડની સામે પડીકી ખાઈને પરત આવતો હતો ત્યારે ફારૂકે તેને રોક્યો હતો અને ઝઘડો કર્યો હતો. આ દરમિયાન ફારૂકની પત્ની ફરીદા પણ આવી ગઈ હતી અને ઈલ્યાસને લાફો માર્યો હતો. ઝઘડો વધી જતાં ઈલ્યાસ ભાગ્યો હતો જો કે ફારૂકે તેને પકડીને છાતીમાં ચાકુ મારી દીધુ હતું. આ વખતે ફારૂકનો છોકરો ફરહાન તથા ફારૂકનો ભાઈ મુન્નો પણ આવી ગયા હતા અને માર મારતા ઈલ્યાસને રોડ તરફ ખેંચી લાવ્યા હતા.

બાદ મુન્નાએ ઈલ્યાસે ઈંટ મારી ત્યારે નોકર પરવેઝ પણ માર મારવામાં સામેલ હતો. ઈલ્યાસને છાતીમાં છરો માર્યો હોવાથી લોહી નીકળતું હોવા છતાં ફરીદા અને અન્ય લોકો માર મારી રહ્યા હતા. જે બાદ ફરહાને પણ ઈલ્યાસને ઈંટ મારી હતી. ઈલ્યાસને છોડાવવા વચ્ચે પડેલા તેના પરિવારજનોને પણ માર મારવામાં આવ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા ઈલ્યાસનું ગોત્રી હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું આ કેસના આરોપીઓ ફારૂક શેખ, ફરીદા ફારૂક શેખ, ફરહાન શેખ, મહંમદ મુનાફ ઉર્ફે મુન્નો, અબ્દુલગફુર શેખ અને પરવેજ શેખને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે.

# વિસનગરમાં સામાજિક બહિષ્કારના વિરોધમાં ઠાકોર સમાજની મૌન રેલી

## કુવાસણામાં ઉકરડાની જગ્યામાં વાડી બનાવવા મામલે બે જુથો વચ્ચે વિવાદ

**વિસનગર**

વિસનગર તાલુકાના કુવાસણા ગામમાં પટેલ સમાજની વાડી બનાવવા ઉકરડાની જગ્યા ખાલી કરવાના વિવાદમાં થયેલી જુથ અથડામણમાં ગામના ઠાકોરોનો બહિષ્કાર કરવાના મુદ્દો વિવાદાસ્પદ બન્યો હતો. ઠાકોર સમાજે રેલીની જાહેરાત કરતા તંત્ર દોડતુ થયુ હતુ. કુવાસણા ગામના પટેલ આગેવાનો દ્વારા વીડીયો વાયરલ કરી ગામમાં કોઈ જાતના બંધ કરવામાં આવ્યા નથી તેવો મેસેજ ફરતો કરાયો હતો. જયારે સમાધાન માટે ભાજપના આગેવાનો દ્વારા મોડી રાત સુધી પ્રયત્નો કરવામાં આવ્યા હતા. જો કે પ્રતિબંધોના કારણે રોષે ભરાયેલા ઠાકોર સમાજ વિસનગરમાં રેલીના નિર્ણય ઉપર મક્કમ રહેતા આસપાસના તાલુકાની પોલીસ ખડકી દેવામાં આવી હતી.



નિયત સમયે વિસનગરમાં ઠાકોર ક્ષત્રીય સેનાના અધ્યક્ષ અભિજીતસિંહ બારડ, ઠાકોર અનામત સમીતીના પ્રમુખ અજમલજી ઠાકોર, શહેર કોંગ્રેસ પ્રમુખ મનુજી ઠાકોર, પૂર્વ ડેલીગેટ મણાજી ઠાકોર સહીતના આગેવાનોની ઉપસ્થિતિમાં બેનર તથા તિરંગા સાથે મોટી સંખ્યામાં રેલી નિકળી હતી. જયારે મામલતદારને આવેદન આપીને માનવ અધિકારોનો ભંગ થતો હોવાની રજૂઆત કરી હતી.

# વડોદરામાં પાસપોર્ટ વેરિફિકેશ માટે હવે નાગરિકોના ઘરે આવશે પોલીસ

**વડોદરા**

પાસપોર્ટ વેરિફિકેશન માટે નાગરિકોને પોલીસ સ્ટેશને બોલાવી ધક્કા ખવડાવવામાં આવતા હોવાથી શહેર પોલીસ કમિશનરે આ મુદ્દે લાલ આંખ કરી છે અને કોઈ પણ નાગરિકને પાસપોર્ટ વેરિફિકેશન માટે પોલીસ સ્ટેશને નહીં જવા અપીલ કરી છે.

કોઈ પણ શહેરીજનને પાસપોર્ટ જોઈતો હોય તો તેઓ પાસપોર્ટ ઓફિસમાં અરજી કરતા હોય છે.જેના આધારે પાસપોર્ટ કચેરી દ્વારા પોલીસ વેરિફિકેશનનું સર્ટિફિકેટ માંગવામાં આવે છે.

આ માટે પાસપોર્ટ માંગનાર અરજદાર જ્યાં રહેતા હોય તે પોલીસ સ્ટેશનમાંથી તેમના પર ફોન આવતા હોય છે અને પોલીસ જે સમયે બોલાવે તે સમયે દસ્તાવેજો અને ઝેરોક્ષ સાથે હાજર રહેવાનું હોય છે.આ દરમિયાન તોડબાજીની બૂમો તેમજ નજીવા કારણો બતાવી ધક્કા ખવડાવવામાં આવતા હોવાની બૂમો પણ ઉઠતી હતી.

પરંતુ હવેથી કોઈ પણ નાગરિકે પોલીસ વેરિફિકેશન માટે પોલીસ સ્ટેશનમાં જવું નહીં પડે. શહેર પોલીસ કમિશનર ડો.સમશેરસિંઘે દરેક પોલીસ સ્ટેશનના કર્મચારીઓને અરજદારને ઘેર જઈ વેરિફિકેશન કરવા આદેશ આપ્યો છે.તેમણે કહ્યું છે કે,જો કોઈ પણ પોલીસ સ્ટેશનમાંથી નાગરિકને પાસપોર્ટ ઈન્કવાયરી માટે બોલાવે તો સ્પેશિયલ બ્રાન્ચના ફોન નંબર (૦૨૬૫-૨૪૨૩૯૫૦) પર જાણ કરવી.




સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# સોમનાથ ખાતે પાટીદારોએ કરોડોના ખર્ચે બનાવેલા અતિથિગૃહનું લોકાર્પણ

સોમનાથ

પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવના દર્શને દેશ-વિદેશમાંથી શ્રધ્ધાળુઓ આવતા હોય છે, ત્યારે સોમનાથમાં કડવા પાટીદાર સમાજના ઉમિયાધામ સીદસર દ્વારા 11 કરોડથી વધુના ખર્ચે નિર્મિત ઉમાઅતિથી ગૃહનું કેન્દ્ર સરકારના રાજ્યકક્ષાના મત્સ્યોદ્યોગ મંત્રી રૂપાલા દ્વારા વર્ચ્યુઅલ માધ્યમથી લોકાર્પણ કરાયું હતું.



3 વીઘા એટલે કે 54 હજાર ચોરસમીટર જગ્યામાં ઉમા અતિથિ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. 60 હજાર સ્કવેર ફૂટનું બાંધકામ કરાયું છે. જેમાં 35 રૂમ 2 ડોરમેટ્રી, 4 હોલ, 1 બેન્કવેટ હોલ, 1 ડાઈનીંગ હોલ, અને પાર્ટીપ્લોટની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેનું કેન્દ્રીય મંત્રી પુરષોતમ રૂપાલાના હસ્તે લોકાર્પણ કરાયું હતું. ઉપરાંત ઉમિયા ધામ સીદસર ટ્રસ્ટ પુરષોતમ રૂપાલાના કુપોષણ અંગેની ઝુંબેશ ચલાવવાના આહવાનને લઈને કામ કરશે. ઉમિયા માતાજી મંદિર સિદસર ટ્રસ્ટ દ્વારા સોમનાથમાં અત્યાધુનિક અતિથિગૃહ બનાવવાનો વિચાર સમાજના શ્રેષ્ઠીઓ વચ્ચે મુકવામાં આવ્યો હતો. ત્યારે કડવા પાટીદાર સમાજના અનેક દાતાઓ દ્વારા અનુદાન આપીને 11 કરોડ થી ૧૨ કરોડ સુધીના ખર્ચે આ અતિથી ગૃહનું નિર્માણ કરાયું છે. માતા ઉમાના આશીર્વાદથી પિતા એટલે કે મહાદેવ શિવને પાટીદાર સમાજ દ્વારા અતિથિગૃહ સમર્પિત કરાયું છે.

# મુંદ્રા પોર્ટ પરથી પકડાયેલું ડ્રગ્સનું પગેરું UP- ઉત્તરાખંડ સુધી પહોંચ્યું

મુન્દ્રા

કચ્છના મુંદરા પોર્ટ પરથી પકડાયેલા રૂપિયા ૨૧,૦૦૦ કરોડની કિંમતના ત્રણ હજાર કિલો હેરોઇનના કેસમાં એન.આઈ.એ.એ અમદાવાદ સ્થિત સ્પેશિયલ એન.આઈ.એ. કોર્ટ આર આરોપીઓના વધુ સાત દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે અને અન્ય પાંચ આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યા છે. ચારેય આરોપીઓને સાથે રાખી ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ તપાસ માટે જવાનું હોવાથી વધુ રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીએ આજે કોર્ટમાં નવ આરોપીઓને રિમાન્ડ માટે રજૂ કર્યા હતા. એજન્સી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે આ ડ્રગ્સકાંડનું પગેરું ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ નીકળ્યું છે. તેથી આરોપીઓને સાથે રાખી આ રાજ્યોમાં વિવિધ સ્થળોએ તપાસ કરવી જરુરી છે. આરોપીઓએ અગાઉ મંગાવેલું ડ્રગ્સ કયા ગોડાઉનમાં રાખવામાં આવ્યું હતું અને તેની હેરાફેરી કેવી રીતે કરવામાં આવી હતી તે જાણવું જરૂરી છે. આ ઉપરાંત ડ્રગ્સના વેચાણમાં ચૂકવાયેલા પૈસા પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં આતંકવાદી સંગઠનો પાસે પહોંચવાના હોવાથી કેસમાં ગંભીરતાથી તપાસની જરૂર છે.

# મોરબી પાસે આંગડિયા પેઢીના 1.20 કરોડ રૂપિયા લૂંટી ચાર શખ્સો ફરાર

મોરબી

રાજ્યમાં અવારનવાર લૂંટ, હત્યા, અપહરણ અને દુષ્કર્મના કિસ્સાઓ અવારનવાર સામે આવતા રહે છે. આવો જ એક કિસ્સો મોરબી જિલ્લામાંથી સામે આવ્યો છે. જ્યાં એક આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી રૂ. 1.20 કરોડનું પાર્સલ લૂંટીને 4 શખ્સો ફરાર થઈ ગયા હોવાનો બનાવ બન્યો છે. મોરબીની વીપી આંગડિયા પેઢીનું રૂપિયા 1.20 કરોડનું પાર્સલ રાજકોટથી સોમનાથ ટ્રાવેલ્સની બસમાં આવ્યું હતું. જેને લેવા માટે મનિષ પટેલ નામનો કર્મચારી ગયો હતો. આ દરમિયાન શહેરના દલવાડી સર્કલ નજીક મનિષને સફેદ કલરની બ્રેઝા કારમાં આવેલા બુકાનીધારી લૂંટારુંઓએ આંતર્યો હતો. જે બાદ પાર્સલ લૂંટીને ફરાર થઈ ગયા હતા.

# કાલાવડમાં હત્યાનો પ્લાન ઘડી પ્રેમીઓ પ્રેમિકાને લઈ 11 કલાક સુધી કારમાં ફર્યા

જામનગર

કાલાવડ તાલુકાના ફગાસ ગામની સીમમાંથી મળી આવેલા મહિલાના હત્યા કરાયેલા મૃતદેહના પ્રકરણમાં પ્રણય ત્રિકોણ સામે આવ્યું હતું અને મહિલાના બે પ્રેમીઓએ તેણીનું કાસળ કાઢી નાખ્યાનું બહાર આવ્યા પછી પોલીસે પકડી પાડેલા બંને પ્રેમીઓને જામનગરની અદાલત સમક્ષ રજુ કરી રિમાન્ડની માંગણી કરતાં પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. બન્ને આરોપીની પૂછપરછ દરમિયાન તેઓએ હત્યા કરવા માટેનું કાવતરું ઘડયું હતું અને જામનગર, પોરબંદર અને રાજકોટ ગ્રામ્યના ત્રણ જિલ્લામાં 11 કલાકની રઝળપાટ કરીને 20 ગામોમાં ફર્યા હતા અને આખરે હત્યા કરીને મૃતદેહ ફેંકી દીધો હોવાનું કબૂલ્યું હતું.

કાલાવડ તાલુકાના ફગાસ ગામમાંથી મળી આવેલા અજ્ઞાત મૃતદેહ અંગે પોલીસની ઉંડાણપૂર્વકની તપાસમાં તેણીની હત્યા નિપજાવાઈ હોવાનું અને મૃતક યુવતીનું નામ સબીનાબેન તૈયબભાઈ શમા (ઉ.વ. 40) અને તેણી ઉપલેટાની રહેવાસી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જે મામલે કાલાવડ ગ્રામ્ય પોલીસે ઉંડાણપૂર્વકની તપાસ કર્યા પછી શબીનાબેનના બે પ્રેમીઓએ પ્રણય ત્રિકોણમાં કાસળ કાઢી નાંખ્યું હોવાનંય જાણવા મળ્યું હતું.

# વિસાવદર નગરપાલિકાએ મતદારોનો સૌપ્રથમવાર ઉતરાવ્યો અકસ્માત વીમો

વિસાવદર

તાજેતરમાં વિસાવદર નગરપાલિકાની બજેટ બેઠક યોજાઇ હતી. જેમાં સૌ પ્રથમવાર વિસાવદર શહેરના તમામ મતદારોનો નગરપાલિકા દ્વારા અકસ્માત વીમો ઉતરાવવામાં આવ્યો છે. વિસાવદર શહેરમાં મતદાર યાદીમાં નામ ધરાવતા ૧૫૪૮૬ મતદારમાંથી કોઈપણ વ્યક્તિનું મૃત્યુ થાય તેવા કિસ્સામાં વીમાકંપની દ્વારા મૃત્યુ પામનારના વારસદારોને એક લાખની રકમ ચૂકવવામાં આવશે. વિસાવદર નગરપાલિકાની બજેટ બેઠક યોજાઇ હતી. જેમાં શહેરના વિવિધ વિકાસ કામોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બજેટ બેઠકમાં વિસાવદર શહેરીજનો માટે નવી યોજના બનાવવામાં આવી છે.

# માધવપુરમાં કૃષ્ણવિવાહ પ્રસંગે સાત જિલ્લામાં ટૂરિસ્ટ સર્કિટ વિકસાવાશે

## શ્રી કૃષ્ણ હવેલીઓને શણગારીને લગ્નોત્સવ ઉજવવા તંત્ર કરશે અપીલ

રાજકોટ

સૌરાષ્ટ્રમાં ટૂરિસ્ટ સર્કિટ ઊભી કરવા તેમજ હવેલીઓમાં શ્રી કૃષ્ણ- રૂક્ષ્મણી લગ્નોત્સવ ગોઠવવા જિલ્લા તંત્રોને દોડતા કરી દેવાયા છે. પોરબંદર જિલ્લાના માધવપુર ખાતે રામનવમીથી યોજાતો મેળો દેશભરમાં ખ્યાતિપ્રાપ્ત છે અને દર વર્ષે હજારો ભાવિકો તેમાં હાજર રહીને શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીજીના વિવાહનો પરંપરાગત પ્રસંગ માણતા હોય છે. અગાઉ વર્ષ 2018માં રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીની ઉપસ્થિતિને લઈને માધવપુરના મેળાનું મહત્વ ઔર વધ્યું હતું પરંતુ આ વર્ષે આ અવસરને રાષ્ટ્રીય સ્તરનો બનાવવાનું આયોજન ઘડાઈ રહ્યું છે. રાજ્યના ચિફ સેક્રેટરીએ ખાસ આ માટેની વીડિયો કોન્ફરન્સ રાખીને સૂચનાઓ આપી હતી. સૌરાષ્ટ્રના તંત્રવાહકોને તાકીદ કરવામાં



આવી છે કે પોતપોતાના જિલ્લામાં આવેલી તમામ શ્રીકૃષ્ણ હવેલીઓને શણગાર રચવામાં આવે અને ત્યાં આ લગ્નોત્સવ ઉજવવામાં આવે એ માટે ઘટતું કરવું. સરકારી તંત્ર હવે હવેલીઓના વડાને આ માટે અપીલ કરશે. આ ઉત્સવ ઉજવવા માટેની જાગૃતિ ફેલાવવા ધારાસભ્યો અને સાંસદો મારફત પણ પ્રચાર- પ્રસાર કરાશે.

# ગોંડલ રામજી મંદિરમાં સંત મહામંડલેશ્વર હરિચરણદાસજી મહારાજ બ્રહ્મલીન થયા

રાજકોટ

ગોંડલ રામજી મંદિર ખાતે પૂજ્ય મહામંડલેશ્વર હરિચરણદાસજી મહારાજ બ્રહ્મલીન થયા છે. ગોંડલ આશ્રમ ખાતે તેમણે બ્રહ્મ મુહૂર્તમાં અંતિમ શ્વાસ લીધા હોવાનું સામે આવ્યું છે. થોડા સમય પહેલાં જ બાપુને 100 વર્ષ પૂર્ણ થતાં શતાબ્દી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. હરિચરણદાસજી મહારાજ ગત



સપ્તાહે ગોરા આશ્રમથી ગોંડલ પધાર્યા હતા. હરિચરણદાસજી મહારાજની તબિયત નાદુરસ્ત રહેતી હોવાથી ડો. વિદ્યુત ભટ્ટ, ડો. શાહ, ડો. ચિરાગ માત્રાવડિયા તેમની સારવાર કરી રહ્યા હતા. તેમજ રાકેશ પશુપતિનાથ તિવારી છેલ્લા 4 વર્ષથી સતત પૂજ્ય મહારાજની સાથે રહેતા હતા. મંગળવારે મોડી રાત્રિના પૂજ્ય બાપુનું ઓક્સિજન લેવલ ઘટવા લાગ્યું હતું અને બીપી પણ ડાઉન થઈ રહ્યું હતું. ત્યારબાદ પરોઢિયે 4:00 કલાકે પૂજ્ય બાપુએ દેહત્યાગ કર્યો હતો.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-761-1317, 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough
WE ARE RE-OPENING
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-761-1317 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM
Mississauga
WE MOVED TO
6800 REXWOOD ROAD, UNIT - D
: Phone : 905-673-9631 647-761-1317 647-657-9631
------: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



## ચાલુ શોમાં હોલિવૂડ સિંગર કેટી પેરીનું ફાટ્યું પેન્ટ

હોલિવૂડ સિંગર કેટી પેરી સાથે ચાલુ શોમાં એક મોટી ઘટના બની.કેટી અમેરિકન આઇડોલ શોમાં તેના પ્રદર્શન દરમિયાન મેજર ઉપ્સ મોમેન્ટનો ભોગ બની. પર્ફોમન્સ દરમિયાન અચાનક તેનું પેન્ટ પાછળથી ફાટી ગયું અને ત્યાં બેઠેલા પ્રેક્ષકો સ્તબ્ધ થઇ ગયા. આ આખી ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ જેનો વીડિયો આ ઘટના અમેરિકન આઈડોલના સોમવારના એપિસોડમાં બની હતી. તે તેના હિટ ગીત ‘ટીનેજ ડ્રીમ’ પર ગીત ગાતી હતી. તેના પ્રદર્શનને મનોરંજન પર પૂર્ણ રાખવાના પ્રયાસમાં કેટી પાછળ ઝૂકી ગઈ અને તેનું પેન્ટ ફાટી ગયું.

## ઓસ્કાર એવોર્ડ-22ના વિજેતાઓની યાદી



- શ્રેષ્ઠ દિગ્દર્શક - જેન કેમ્પિયન (ધ પાવર ઓફ ડોગ)
- શ્રેષ્ઠ ફિલ્મ - CODA
- શ્રેષ્ઠ અભિનેત્રી - જેસિકા ચેસ્ટેન (ધ આઇઝ ઓફ ટેમી ફેય)
- શ્રેષ્ઠ અભિનેતા - વિલ સ્મિથ (કિંગ રિચાર્ડ)
- શ્રેષ્ઠ ગીત - નો ટાઈમ ટૂ ડાય (બિલી ઈલિશ અને ફિનિસ ઓ’કોનેલ દ્વારા સંગીત અને બોલ આપવામાં આવ્યા)
- શ્રેષ્ઠ ડોક્યુમેન્ટરી - સમર ઓફ સોલ
- શ્રેષ્ઠ એડેપ્ટેડ સ્ક્રીનપ્લે - CODA (સીયાન હેડર દ્વારા લિખિત)
- શ્રેષ્ઠ મૂળ પટકથા - બેલફાસ્ટ (કેનેથ બ્રાનઘૂ દ્વારા લિખિત)
- શ્રેષ્ઠ કોસ્ચ્યુમ ડિઝાઇન - જેની બીવન (ક્રુએલા ફિલ્મ માટે)
- શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફિલ્મ - ડ્રાઇવ માય કાર (જાપાન)
- શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી - એરિયાના દેબોસ (વેસ્ટ સાઇડ સ્ટોરી)
- શ્રેષ્ઠ સહાયક અભિનેતા - ટ્રોય કોત્સુર (CODA)
- શ્રેષ્ઠ એનિમેટેડ ફિલ્મ - એન્કેન્ટો
- શ્રેષ્ઠ વિઝ્યુઅલ ઇફેક્ટ્સ - ડ્યૂન (પોલ લેમ્બર્ટ, ટ્રિસ્ટન માઇલ્સ, બ્રાયન કોનર અને ગર્ડ નેફ્જેર)
- શ્રેષ્ઠ ફિલ્મ એડિટિંગ - જો વાકર (ડ્યુન)
- શ્રેષ્ઠ સાઉન્ડ- ડ્યુન (મેક રૂથ, માર્ક મૈંગિની, થિયો ગ્રીન, ડગ હેમ્ફિલ અને રોન બાર્ટલેટ)
- શ્રેષ્ઠ પ્રોડક્શન ડિઝાઇન - ડ્યૂન (પ્રોડક્શન ડિઝાઇન - પેટ્રિસ વર્મેટ અને સેટ ડિઝાઇન - સુસાના સીપોસ)
- બેસ્ટ મેકઅપ અને હેરસ્ટાઈલ - ધ આઈઝ ઓફ ટેમી ફેય (લિન્ડા ડાઉડ્સ, સ્ટેફની ઈન્ગ્રામ અને જસ્ટિન રૈલે)
- શ્રેષ્ઠ લાઇવ એક્શન શોર્ટ - ધ લોંગ ગુડબોય
- શ્રેષ્ઠ એનિમેટેડ શોર્ટ - વિન્ડશિલ્ડ પાઇપર

## Oscars Award

# વિલ સ્મિથને મળ્યો બેસ્ટ એક્ટરનો એવોર્ડ



વિશ્વનો સૌથી લોકપ્રિય ઓસ્કાર એવોર્ડ 2022 સોમવારથી યોજાયો હતો. આ વખતે 94મો એકેડેમી ઓસ્કાર એવોર્ડ કેલિફોર્નિયાના લોસ એંજેલિસમાં ડોલ્બી થિયેટરમાં યોજાઈ રહ્યો છે. જ્યાં વિભિન્ન ફિલ્મ સમારોહમાં ચર્ચિત બનેલી ફિલ્મ દૂન (Dune) એ મોટી સફળતા મેળવી છે. આ એવોર્ડ શોમાં દુનિયાની ઘણી ફિલ્મો સામેલ કરવામાં આવી છે. જ્યાં પ્રખ્યાત અભિનેતા વિલ સ્મિથે ફિલ્મ કિંગ રિચર્ડમાં તેની ભૂમિકા માટે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ જીત્યો છે. આ વર્ષે શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો એવોર્ડ એરિયાના ડેબોસને ફિલ્મ વેસ્ટ સાઈડ સ્ટોરી માટે આપવામાં આવ્યો હતો, જ્યારે શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો એવોર્ડ ફિલ્મ કોડા માટે ટ્રોય કોટસર (Troy Kotsur) ને મળ્યો. તમને જણાવી દઈએ કે ટ્રોય કોટસરે આ એવોર્ડ જીતીને ઈતિહાસ રચ્યો છે. ખરેખર, ટ્રોય સાંભળી શકતો નથી અને તેઓ પહેલા એવા અભિનેતા છે, જેમને એવોર્ડ મળ્યો છે. આ સમારોહમાં તેમને સ્ટેન્ડિંગ ઓવેશન મળ્યું હતું. તમને જણાવી દઈએ કે આ પહેલા માર્લી મેટલિન, જે સાંભળી શકતી નથી, તેણે 1986માં ફિલ્મ ચિલ્ડ્રન ઓફ અ લેસર ગોડ માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીત્યો હતો.

## ઓસ્કાર એવોર્ડ 2022માં ‘ટાઇમ 100 ઇમ્પેક્ટ એવોર્ડ’થી દિપીકાનું સન્માન



મુંબઇ : રવિવારથી કેલિફોનિયાના લોસ એન્જલસના ડોલ્બી થિયેટરમાં ઓસ્કાર પુરસ્કાર સમારોહ ચાલી રહ્યો છે. એ એવોર્ડ ફંકશન દીપિકા પદુકોણ માટે વિશેષ રહ્યો છે.તેને આ સમારોહમાં એક ખાસ એવોર્ડથી સમ્માનિત કરવામાં આવી છે. દીપિકાએ સોશ્યલ મીડિયા પર સોમવારે સવારે એક પોસ્ટ શેર કરી હતી. જેમાં તેણે લખ્યું હતું કે, મને લાગે છે કે સોમવારની સવાર માટે બહુ સારી શરૂઆત છે. મને ઓસ્કારએવોર્ડ સમારોહમાં ટાઈમ ૧૦૦ ઈમ્પેક્ટ એવોર્ડથી સમ્માનિત કરવામાં આવી છે. આ એવોર્ડમાં એવા પસંદગીના લોકોને સમ્માનિત કરવામાં આવ્યા છે જેમણે પોતાની ઓળખનો ઉપયોગ એક ઉત્તમ ભવિષ્ય માટે કર્યો છે. જેમાં એક નામ દીપિકા પદુકોણનું પણ છે. તેણે મેન્ટર હેલ્થ ક્ષેત્રમાં બહુ કામ કર્યું છે. ઉલ્લેખનીય છે કે, દીપિકા સાલ ૨૦૧૫થી મેન્ટલ હેલ્થ ક્ષેત્રમાં કામ કરી રહી છે. દીપિકા પોતે પણ માનસિ તાણનો ભોગ બની ચુકી છે. આ પછી તેણે મેન્ટલ હેલ્થ ફાઉન્ડેશનની શરૂઆત કરી. દીપિકાએ પોતે જ જણાવ્યું હતું કે, તે સાલ ૨૦૧૪માં ડિપ્રેશનના સપાટામાં આવી હતી આ પછી મેં એક મેન્ટલ હેલ્થ ફાઉન્ડેશનનું સેટઅપ કર્યુ ંહતું. દીપિકા આ દિશામાં કામ કરવાની સાથેસાથે સ્પષ્ટ રીતે પણ વાત કરે છે.

## વિલ સ્મિથે ક્રિસ રોકને લાફો માર્યો, માફી માગી



અભિનેતા વિલ સ્મિથ સ્ટેજ પર ક્રિસ રોલને મુક્કો મારી દીધો. પ્રઝેન્ટર ક્રિસ રોકે વિલ સ્મિથની પત્નીનાં વાળ વિષે કમેન્ટ કરી હતી, જેના પર વિલ સ્મિથને ગુસ્સો આવી ગયો. તેઓ ઉભા થઈને મંચ પર ગયા ને પછી ક્રિસ રોકને મુક્કો મારી દીધો. ક્રિસ રોકે ફિલ્મ G.I. Jane ને લઈને વિલ સ્મિથની પત્ની જેડા પીન્કેટ સ્મિથની મજાક ઉડાવી હતી. તેમણે જેડાની ટાલ પર કમેન્ટ કરતા કહ્યું હતું કે આ ફિલ્મમાં તેમને તેમના વાળ ન હોવાને કારણે લેવામાં આવ્યા છે. જ્યારે જેડાએ ફિલ્મ માટે પોતાના વાળ કપાવ્યા ન હતા. પરંતુ તે Alopecia નામની વાળ ન હોવાની બિમારીથી ઝઝૂમી રહી છે, એટલા માટે તેણે પોતાના વાળ કપાવેલા છે. પત્નીની આ પ્રકારે મજાક બનવી એ વિલને પસંદ પડ્યું નહી અને તેમણે ચાલું શોમાં ક્રિસને મુક્કો મારીને પોતાની નિરાશા વ્યક્ત કરી હતી. જોકે બાદમાં વિલ સ્મિથે કોમેડિયન Chris Rock ને મુક્કો મારવા બદલ માફી પણ માંગી. એવોર્ડ સ્વીકારતી વખતે વિલ સ્મિથ ભાવુક થઈ ગયા હતા અને પોતાના ભાષણમાં ક્રિસ રોકને લાફો મારવા બદલ માફી માગી હતી.

બોલીવૂડ સુપર સ્ટાર સલમાનખાને ઘટના પર પ્રતિક્રિયા આપીને વિલ સ્મિથનુ સમર્થન કર્યું છે. સલમાને કહ્યુ હતુ કે, શોના હોસ્ટે ઓડિયન્સ પ્રત્યે પણ સંવેદનશીલ થવાની જરૂર છે.

## રાજામૌલીની ફિલ્મ આરઆરઆરએ પાંચ દિવસમાં રૂા. 620 કરોડથી વધુ કલેકશન કર્યું

મુંબઈ : એસએસ રાજોમૌલીની ફિલ્મ આરઆરઆર બોક્સ ઓફિસ પર સતત રેકોર્ડસ તોડી રહી છે. ૫૫૦ કરોડ રૂપિયાના બજેટમાં બનેલી આ ફિલ્મએ ફક્ત પાંચ દિવસમાં રૂપિયા ૬૨૦ કરોડથી વધુ વર્લ્ડ વાઈડ બિઝનેસ કર્યો છે. પાંચમા દિવસે આ ફિલ્મનો વર્લ્ડ વાઈડ બિઝનેસ રૂપિયા ૫૮ કરોડથી પણ વધુ રહ્યો હતો. જ્યારે ફિલ્મના હિંદી વર્ઝને રૂપિયા ૧૦૦ કરોડથી વધુ કમાણી કરી છે. કહેવાય છે કે, આ ફિલ્મ રિલીઝ થયાના પ્રથમ અઠવાડિયામાં જ ફિલ્મ બાહુબલીના ઘણા રેકોર્ડ તોડી નાખશે. આરઆરઆર ફિલ્મએ અત્યાર સુધીમાં ભારતમાં રૂપિયા ૪૧૨ કરોડનો ગ્રોસ બિઝનેસ કરી લીધો છે. આ સાથે જ આ ફિલ્મ સૌથી વધુ કમાણી કરનારી પ્રથમ પાંચ ફિલ્મોની યાદીમાં ત્રીજા નંબર પર આવી ગઈ છે. આ યાદીમાં રાજામૌલીની બાહુબલી ટુ રૂપિયા ૧૦૩૧ કરોડ સાથે પહેલા ક્રમાંકે, બાહુબલી રૂપિયા ૪૧૮ કરોડ રૂપિયા સાથે બીજા ક્રમાંક પર છે. જ્યારે ત્રચોથા પર રજનીકાન્તની ફિલ્મ ૨.૦ ૪૦૮ કરોડ રૂપિયાની કમાણી, અને આમિર ખાનની ફિલ્મ દંગલ રૂપિયા ૩૮૭.૩૯ કરોડ રૂપિયા સાથે પાંચમા ક્રમાંક પર છે. ફિલ્મ આરઆરઆર એ, રિલીઝ થયાના પહેલા દિવસે ૨૫૭.૧૫ કરોડ, બીજા દિવસે ૧૧૪.૩૮ કરોડ,ત્રીજા દિવસે રૂપિયા ૧૧૮.૬૩ કરોડ, ચોથા દિવસે રૂપિયા ૭૨.૮૦ કરોડ અને પાંચમા દિવસે રૂપિયા ૫૮.૪૮ કરોડની સાથે કુલ મળીને રૂપિયા ૬૨૧.૪૨ કરોડનું બોક્સ ઓફિસ પર કલેકશન કર્યું છે.




## જહાન્વીની ત્રણ ફિલ્મો રિલીઝ થશે



બોલીવૂડમાં ચાર વર્ષથી કામ કરી રહેલી જહાન્વી કપૂરે અહિ પોતાના અભિનય અને મહેનતથી ચોક્કસ સ્થાન મેળવ્યું છે. તેની પહેલી ફિલ્મ ધડક ૨૦૧૮માં આવી હતી. એ પછી ઘોસ્ટ સ્ટોરીઝ, ગુંજન સકસેના, રૂહી સહિતની ફિલ્મોમાં તે કામ કરી ચુકી છે. હવે તેની ત્રણ ફિલ્મોની ચાહકો રાહ જોઇ રહ્યા છે. જેમાં દોસ્તાના-૨, ગૂડલક જેરી અને મિલીનો સમાવેશ થાય છે. જેમાં મિલી તેના પિતા બોની કપૂર બનાવી રહ્યા છે. જહાન્વીની ગૂડલક જેરી સિનેમાઘરોમાં નહિ પણ ઓટીટી પ્લેટફોર્મ ડિઝની હોટસ્ટાર પર રિલીઝ થવાની શકયતા છે. ફિલ્મ બ્લેક કોમેડી ક્રાઇમ જોનરની છે. જેમાં જહાન્વી સાથે દિપક ડોબરીયાલ, મિતા વશિષ્ટ, નિરજ સૂદ અને સુશાંત સિંહ મુખ્ય ભુમિકામાં છે. જહાન્વી જેરી નામની છોકરીનો રોલ નિભાવી રહી છે. ૨૦૧૮માં આવેલી તામિલ ફિલ્મ ‘કોલમાવુ કોકિલા’ની આ હિન્દી રીમેક છે. સિદ્ધાર્થ સેનગુપ્તા નિર્દેશીત આ ફિલ્મના નિર્માતા આનંદ એલ. રાય છે.







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## યદાદ્રિ મંદિર એટલે દ્રાવિડિયન-કાકાતિયન બાંધકામ શૈલીનું સંયોજન

# તેલંગાણામાં ટેકરી ઉપર 1200 કરોડનું મંદિર



**પ્રાસંગિક**
ધવલ શુક્લ

આમ તો ભારતની ગણના એક સેક્યુલર દેશ તરીકે રહી છે. પરંતુ આમ છતાં અહીં રાજકીયપક્ષો અને સરકારો ધર્મ સાથેની બાબતોમાં સતત હસ્તક્ષેપ કરતી રહી છે અથવા તો સંકળાયેલી રહે છે. પ્રાચીન કાળના રાજા-મહારાજાઓ જે રીતે વૈદિક ધર્મનાં ભવ્ય મંદિરો સરકારી ખર્ચે બનાવતા હતા, તેવી જ રીતે તેલંગાણાના મુખ્ય પ્રધાન કે. ચંદ્રશેખર રાવે હાલમાં રાજ્યની તિજોરીમાંથી ૧,૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને હૈદરાબાદથી ૪૦ ક્લિોમીટર દૂર આવેલાં પ્રાચીન યદાદ્રિ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો છે. તેલંગાણામાં આ મંદિરનુ ધાર્મિક મહત્વ રહેલું છે. આંધ્રપ્રદેશ રાજ્યના ભાગલા થયા તે પછી આંધ્ર અને તેલંગાણા એમ બે રાજ્યો ભારતના નકશામાં અસ્તિત્વમાં આવ્યા છે.

આ ભાગલા સાથે જ વિશ્વપ્રસિદ્ધ તિરૂપતી બાલાજીનું મંદિર આંધ્ર પ્રદેશના હિસ્સામાં આવ્યુ. આ મંદિરે દર મહિને આવતા ભક્તોની સંખ્યા લાખોમાં છે અને મંદિરમાં આવતું દાન કરોડોમાં છે. વળી, આ મંદિર ભારતના ધનવાન મંદિરો પૈકીનું એક છે. મંદિર પાસે સોનુ, રોકડ રકમ, સ્થાવર અને જંગમ મિલકતો પણ છે. એટલે આંધ્રપ્રદેશમાંથી છુટા થયા બાદ તેલંગાણાના મુખ્ય પ્રધાન કે. ચંદ્રશેખર રાવે સંકલ્પ કર્યો હતો કે તેઓ તિરૂપતીની જેમ જ તેમના વિસ્તારમાં ભવ્ય મંદિર બનાવશે. હૈદરાબાદ નજીક યદાદ્રિગુટ્ટ નામની ટેકરી ઉપર સદીઓ જૂનું લક્ષ્મી નરસિંહ સ્વામીનું નાનકડુ ગુફામંદિર હતું. આ ટેકરીની આજુબાજુ આઠ બીજી ટેકરીઓ આવેલી છે. આંધ્ર પ્રદેશ રાજ્યનું વિભાજન થયું તે પછી તેલંગાણાના મુખ્ય પ્રધાન કે. ચંદ્રશેખર રાવે તેમના ગુરુના ઉપદેશ મુજબ ૨૦૧૫ના મે મહિનામાં ભૂમિપૂજન કરીને ભવ્ય મંદિરના નિર્માણકાર્યનો આરંભ કરાવ્યો હતો.

કોવિડ-૧૯ના કાળમાં પણ મંદિરનું બાંધકામ ચાલુ રાખવામાં આવ્યું હતુ. હવે તા.૨૮ માર્ચના શુભ દિવસે મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરીને સંપૂર્ણ સંકુલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. યદાદ્રિ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવવા માટે ચંદ્રશેખર રાવે યદાદ્રિ ટેમ્પલ ડેવલપમેન્ટ ઓથોરિટીની રચના કરી હતી, જેના અધ્યક્ષ તેઓ પોતે બન્યા હતા. ૨૦૧૬ના દશેરાને દિવસે મંદિરનો પહેલો થાંભલો ઊભો કરવામાં આવ્યો હતો. મૂળ નરસિંહ સ્વામી મંદિર આશરે ૨૫,૦૦૦ ચોરસ ફીટ જમીન પર બંધાયેલું હતું. નવું મંદિર ચાર એકર જમીન પર બનાવાયું છે. આ મંદિરની આજુબાજુ ધર્મશાળા, ભોજનશાળા, શોપિંગ કોમ્પલેક્સ, હોસ્પિટલ વગેરે બનાવવા રાજ્ય સરકારે આશરે ૧,૯૦૦ એકર જેટલી જમીન સંપાદિત કરી હતી. યદાદ્રિ મંદિરની ડિઝાઈન નક્કી કરવા માટે મુખ્ય પ્રધાન ચંદ્રશેપ્પમર રાવે મુખ્ય શિલ્પી આનંદ સાઈ સાથે દેશનાં અનેક પ્રસિદ્ધ મંદિરોની મુલાકાત લીધી હતી. મંદિરના બાંધકામ માટે આંધ્ર પ્રદેશના ગંટુર જિલ્લાની ગુરુજાપલ્લી ખાણમાંથી નીકળતો કાળો ગ્રેનાઈટ પસંદ કરવામાં આવ્યો હતો.

મંદિરનાં બાંધકામમાં આશરે ૨.૫૦ લાખ મેટ્રિક ટન ગ્રેનાઈટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મંદિરનાં બાંધકામ માટે એક પણ ઈંટ કે સિમેન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. પ્રાચીન કાળમાં જે રીતે પથ્થરોને ચૂના વડે જોડીને મંદિરો બાંધવામાં આવતાં હતાં તે પદ્ધતિથી આ મંદિર તૈયાર કરવામાં આવ્યું છે, જેનું આયુષ્ય ઓછામાં ઓછાં ૧૦૦ વર્ષનું હશે. આ મંદિર દ્રાવિડિયન અને કાકાતિયન બાંધકામ શૈલીનું સંયોજન કરીને બાંધવામાં આવ્યું છે. યદાદ્રિ મંદિરનું એક ગોપુરમ સાત માળ જેટલું ઊંચું છે તો બીજું ગોપુરમ પાંચ માળ જેટલું છે. મુખ્ય દરવાજાની ઊંચાઈ ૩૬ ફીટ છે. તેનાં શિખરો ઉપર જે કળશો અને ધ્વજાદંડ શોભી રહ્યા છે તેને સોના વડે મઢવામાં આવ્યા છે.

યદાદ્રિ મંદિરના બાંધકામ માટે આશરે ૧૫૦૦ મજૂરોને કામે લગાડવામાં આવ્યા હતા, જેમાંના ૫૦૦ તો શિલ્પીઓ હતા. મંદિરનું ઉદઘાટન ૨૦૧૯માં કરવાનું હતું, પણ તેમાં જરાક મોડું થયું હતું. ૨૦૨૦ના જાન્યુઆરીમાં મંદિરનું ૮૦ ટકા કામ પૂરું થઈ ગયું હતું. માર્ચ મહિનામાં કોરોનાને કારણે દેશભરમાં કટોકટી જાહેર કરાઈ હતી. ૬૦ ટકા મજૂરો કામ છોડીને જતા રહ્યા હતા, તો પણ એક દિવસ માટે પણ બાંધકામ બંધ રાખવામાં આવ્યું નથી.

### ચાર એકર જમીનમાં પ્રાચીન કાળની જેમ પથ્થરોને ચૂના વડે જોડીને મંદિર તૈયાર કરાયું : ટેકરી પર જ ધર્મશાળા, ભોજન-શાળા, શોપિંગ કોમ્પલેક્સ, હોસ્પિટલ અને કોટેજ બન્યા

મજૂરોને કામના સ્થળે પહોંચવા ખાસ વાહનોની વ્યવસ્થા કરવામાં આવી હતી અને સ્પેશ્યલ પાસ પણ આપવામાં આવ્યા હતા. જે મજૂરો સ્થળ પર રહેવા તૈયાર હતા તેમની વ્યવસ્થા કરવામાં આવી હતી. એક આખી ટેકરી મંદિર માટે રોકવામાં આવી છે. બીજી બે ટેકરીઓ ધર્મશાળા વગેરેના બાંધકામ માટે લઈ લેવામાં આવી છે. યાત્રિકોને રહેવા માટે આશરે ૩૦૦ કોટેજો બનાવાઈ છે. દરેક કોટેજમાં ચાર ઓરડા છે. એક ઓરડાનું ભાડું ૧,૫૦૦ રૂપિયા રાખવામાં આવ્યું છે. પહાડની તળેટીમાં ૬,૦૦૦ કાર પાર્ક કરી શકાય તેવી સવલત ઊભી કરવામાં આવીછે. તળેટીથી પહાડની ટોચ ઉપર જવા મફત શટલ સેવા ચાલુ કરવામાં આવી છે. વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે લિફ્ટ તેમજ એસ્કેલેટરની સવલત પણ છે.

મુખ્ય મંદિરનું બાંધકામ ચાલુ હતું તે દરમિયાન નરસિંહ સ્વામીની મૂર્તિ કામચલાઉ મંદિરમાં રાખવામાં આવી હતી. જેને બાલાયમ કહેવાતું હતું. હવે આ બાલાયમનો ઉપયોગ સાંસ્કૃતિક કાર્યક્રમો માટે કરાશે. યદાદ્રિ મંદિર સંકુલનું કુલ બજેટ ૧,૮૦૦ કરોડ રૂપિયાનું હતું, પણ કોરોનાને કારણે બજેટ ઘટાડીને ૧,૨૦૦ કરોડ કરવામાં આવ્યું હતું. તે પૈકી ૨૪૩ કરોડ રૂપિયાનો ખર્ચો તો મુખ્ય મંદિરના બાંધકામ માટે જ કરવામાં આવ્યો હતો, જે અયોધ્યામાં બંધાનારાં રામ મંદિર કરતાં પણ વધુ છે. આ મંદિરનાં બાંધકામ દ્વારા મુખ્ય પ્રધાન કે. ચંદ્રશેખર રાવ તેલંગાણાના હિન્દુઓની લાગણી જીતવા માગે છે. મંદિરની આજુબાજુ સંકુલ ઊભું કરવા પાછળ અત્યાર સુધીમાં ૮૪૨ કરોડનો ખર્ચ થઈ ચૂક્યો છે.

આ મંદિર ભુવનગિરિ જિલ્લામાં આવેલું છે. મંદિરનું બાંધકામ શરૂ થયું તે પછી ભુવનગિરિ જિલ્લામાં રિયલ એસ્ટેટના ભાવો વધીને ત્રણ ગણા થઈ ગયા છે. દક્ષિણ ભારતનાં મંદિરોમાં ભવ્ય ગોપુરમ ઉપરાંત યલ્લી નામના થાંભલાઓ પણ જોવા મળતા હોય છે. આ થાંભલાઓ રૂપર એક વિચિત્ર પ્રાણીની આકૃતિ કંડારવામાં આવી હોય છે, જે હાથી, સિંહ અને ઘોડાના મિશ્રણ સમાન હોય છે. યદાદ્રિ મંદિરમાં ૧૦૦ કરતાં વધુ યલ્લી સ્થંભો લગાડવામાં આવ્યા છે. મંદિરના બાંધકામ માટે આશરે ત્રણ હજાર મેટ્રિક ટન ચૂનાનો ઉપયોગ કરાયો છે. આ ચૂનાને મજબૂત બનાવવા તેમાં ગોળ, કુંવારપાઠું વગેરેનું મિશ્રણ પણ કરાયું છે. મંદિરના બાંધકામ માટે જે ગ્રેનાઈટ પથ્થરનો ઉપયોગ કરવામાં આવ્યો તેની મજબૂતી ચકાસવા માટે નજીકમાં જ એક લેબોરેટરી પણ ઊભી કરવામાં આવી હતી. મંદિરનું બાંધકામ શરૂ થયું તે અનુસંધાન પેજ નં. 19 પર

# ત્વચા ટૅન થઈ ગઈ છે? તો આ ઉપાય અજમાવો

ઉનાળાની શરૂઆત થઇ ગઈ છે, તડકા પડવા માંડશે. તડકા પડે એટલે સૌથી મોટી સમસ્યા ત્વચાની થાય છે. પાંચ મિનિટનો તડકો પણ ત્વચા ઉપર ત્રણ મહિના સુધી અસર કરતો હોય છે એમ કહેવાય છે. પણ તમે ચાહો તો ત્વચા પર થયેલી તડકાની અસરને ઘરેલુ ઉપાય દ્વારા દૂર કરી શકો છો.

## લીંબુ-મધ

લીંબુ અને મધમાં બ્લીચિંગની ક્ષમતા હોય છે. તેથી ત્વચાના જે ભાગમાં સન ટેન થયું હોય ત્યાં એક લીંબુનો રસ નીચોવી તેની અંદર મધ ભેળવીને લગાવવું. ત્વચા ઉપર લગાવીને આશરે અડધો કલાક તેને રહેવા દઇ ઠંડા પાણીથી ત્વચા ધોઈ લેવી. આ ઉપાય સતત પંદર દિવસ અજમાવવાથી ટેન દૂર થઇ જશે.

## હળદર-ચણાનો લોટ

એક કપ ચણાના લોટમાં એક ચમચી હળદરનો પાઉડર મિક્સ કરો. ત્યારબાદ તેની અંદર થોડું દૂધ મિક્સ કરો. આ પેસ્ટને ત્વચા ઉપર મસાજ કરીને લગાડો. તે સુકાઈ જાય એટલે પાણીથી ધોઈ લો.



## બટાકાનો રસ

બટાકાનો રસ ડાર્ક સર્કલ દૂર કરવાની સાથે સન ટેન પણ દૂર કરે છે. ત્વચાના જે ભાગમાં ટેન થયું હોય ત્યાં બટાકાનો રસ કાઢીને લગાવવો. સુકાય એટલે ઠંડા પાણીથી ત્વચા સાફ કરી લેવી. આ ઉપાય અજમાવવાથી પણ ટેન દૂર થઈ જશે.

## દહીં-ટામેટાં

ટામેટાંમાં એન્ટિ ઓક્સિડન્ટ અને દહીંમાં લેક્ટિક એસિડ હોય છે જે ત્વચાના ટોનને બ્રાઇટ કરવાનું કાર્ય કરે છે. ટામેટાંની છાલ ઉતારી તેને સ્મેશ કરી તેની અંદર બે ચમચી દહીં ઉમેરો. આ બંનેને ત્વચા ઉપર લગાવી વીસ મિનિટ રહેવા દઇને ત્વચા ઠંડા પાણીથી ધોઈ લો. આ ઉપાય અજમાવવાથી ટેન દૂર થઈ જશે.

## કાકડી - લીંબુ

કાકડીને ક્રશ કરીને તેની અંદર લીંબુનો રસ એડ કરી દો. આ મિશ્રણને ટેન થયું હોય તે જગ્યાએ લગાવી દો. સુકાય ત્યાં સુધી તેને રહેવા દઇને ત્વચાને ઠંડા પાણીથી ધોઈ લો.

# Chrome અપડેટ કરવું જરૂરી




ગૂગલે શુક્રવારે તેના ક્રોમ બ્રાઉઝરમાં ઉચ્ચ ગંભીરતાની નબળાઈને સંબોધવા માટે એક આઉટ-ઓફ-બેન્ડ સિક્યોરિટી અપડેટ કરવા યુઝર્સને સૂચવ્યું છે. જે હાલ માં થયેલા ઝીરો-ડે એટેકની ખામીને દુર કરવા માટે હતું. CVE-2022-1096 તરીકે ટ્રૅક થયેલ ઝીરો-ડે એટેકની ખામી V8 JavaScript એન્જિનમાં હતી. એક અનામી સંશોધકને 23 માર્ચ 2022ના રોજ આ બગની જાણ કરવાનો શ્રેય આપવામાં આવ્યો છે.

જયારે વેરીએબલ અથવા ઓબ્જેક્ટમાં કોઈ ખામી ઉદ્ભવે છે ત્યારે જે-તે લેંગ્વેજ પર આધારિત કોડમાં ખામી ઉદ્ભવે છે. જેમ C અને C++ જેવી મેમરી સલામત નથી તેમ હેકર કોડ માં ખામી જણાતા આઉટ ઓફ બાઉન્ડ મેમરી એક્સેસ કરવા માટે પોતાના મેલીસીયસ કોડ ડીફોલ્ટ કોડ સાથે બાઈન્ડ કરે છે. જેના ગંભીર પરિણામો આવી શકે છે.

જ્યારે ખોટા પ્રકારનો ઉપયોગ કરીને મેમરી બફરને એક્સેસ કરવામાં આવે છે, ત્યારે તે બફરની સીમાની બહાર મેમરીને વાંચી અથવા લખી શકે છે. જયારે હેકર ફાળવેલ બફર કોડ એક્સેસ કરવાનો પ્રયાસ કરે છે ત્યારે જે-તે બફર કોડ નેનો પ્રકારના હોય છે જે સીસ્ટમને ક્રેશ કરે છે અથવા તો સીસ્ટમનો રીમોટ એક્સેસ મેળવવામાં ઉપયોગી થાય છે. આ વિષે MITRE માં Common Weakness Enumeration (CWE) સાથે સમજાવવામાં આવે છે.

ટેક જાયન્ટે સ્વીકાર્યું કે તેને જાણ છે કે CVE-2022-1096 માં જે-તે શોષણ વિષે દર્શાવવામાં આવ્યું છે તે સાચી હકીકત છે અને વધુ શોષણ અટકાવવા માટે યુઝર્સને સિક્યુરીટી પેચ સાથે અપડેટ કરવાની સલાહ આપે છે. CVE-2022-1096 એ વર્ષની શરૂઆતથી Chrome માં Google દ્વારા સંબોધવામાં આવેલી બીજી ઝીરો-ડે એટેકની ખામી છે. જેમાં પ્રથમ CVE-2022-0609 છે. જે 14 ફેબ્રુઆરી 2022એ પેચ કરવામાં આવી હતી.

આ સપ્તાહની શરૂઆતમાં, ગૂગલના થ્રેટ એનાલિસિસ ગ્રૂપ (TAG) એ ઉત્તર કોરિયાના સ્ટેટ ગ્રુપ દ્વારા ચલાવવામાં આવેલા ટ્વીન ઝુંબેશની વિગતો જાહેર કરી હતી. જેણે ન્યૂઝ મીડિયા, IT, ક્રિપ્ટોકરન્સી અને ફિનટેક ઈન્ડસ્ટ્રીઝમાં ફેલાયેલી યુએસ આધારિત સંસ્થાઓ પર પ્રહાર કરવાની ખામીને હથિયાર બનાવ્યું હતું.

Google Chrome યુઝર્સ માટે કોઈપણ સંભવિત જોખમોને ઘટાડવા માટે Windows, Mac અને Linux માટે નવીનતમ સંસ્કરણ 99.0.4844.84 પર અપડેટ કરવાની ખૂબ ભલામણ કરવામાં આવે છે. માઈક્રોસોફ્ટ EDGE, ઓપેરા અને વિવાલ્ડી જેવા ક્રોમિયમ-આધારિત બ્રાઉઝર્સના યુઝર્સને પણ સલાહ આપવામાં આવે છે કે તેઓ માટે જ્યારે પણ પેચ ઉપલબ્ધ થાય ત્યારે પોતાના બ્રાઉઝરને અપડેટ કરે.

beinghumanmj

# તમારા નાજુક નખની કાળજી આ રીતે રાખો



શરીરમાં નખ સૌથી વધુ અવગણાતા હોય છે. ચહેરાના સારા દેખાવ માટે એને ફેશવૉશ અને અનેક પ્રોડક્ટથી ધુઓ છો, પરંતુ એમાંય નખનો ભોગ લેવાય છે. ત્વચાની જેમ જ નખને પણ કાળજીની જરૂર પડે છે. નખને હેલ્ધી બનાવવા માટે અમુક સરળ ઉપાય અજમાવી જુઓ.

**મસાજ:** તમારા નખ બટકી ન જાય અથવા તૂટી ન જાય એ માટે એને નરમ રાખ્વા મસાજ કરો. વિટામિન-ઈ ઓઈલ અથવા બદામના તેલથી હળવેકથી મસાજ કરો. આ મસાજ દરરોજ કરો. તમને તરત જ નખમાં ફરક દેખાશે.

**એસિટોન ન વાપરવું:** એસિટોન (એક પ્રકારનું રસાયણ) બેઝ્ડ નેઈલ-પોલિશ રિમૂવરનો ઉપયોગ ઘટાડો. જેટલી વખત તમે એસિટોન લગાવો એટલી વખત તમારા નખનું એક સ્તર ઓછું થાય છે. એને કારણે નખ પાતળા અને બટકણા બની જાય છે એથી રિમૂવર કે નેઈલ-પોલિશ ખરીદતી વખતે એમાં ઉપયોગ થયેલી વસ્તુઓની નોંધ જરૂર લેવી.

**બર્ફિંગ:** બર્ફિંગ એટલે કે નખ ચમકાવવા. ઘણા લોકો બર્ફિંગનું મહત્ત્વ સમજતા નથી અને એને અવગણે છે. બર્ફિંગ કરવાથી નખની સખતાઈ દૂર થાય છે અને એ શ્વાસ લઈ શકે છે. એના આ કામ સિવાય એ નખને ચમક આપે છે.

**વેસલિન:** ક્યુટિકલ એટલે નખના મૂલ પાસેની ચામડી બહુ જ સંવેદનશીલ હોય છે. રાતે સૂતાં પહેલાં નખ પર વેસલિન લગાવીને ગ્લવ્ઝ પહરીને સૂઈ જાઓ. એક અઠવાડિયા સુધી આવી રીતે કરો અને ફરક જુઓ. ક્યુટિકલ બહુ જ નરમ પડી જશે.

**મીઠાનું મેજિક:** નખને મજબૂત બનાવવા માટે હૂંફાળા પાણીમાં થોડું મીઠું નાખો અને પાંચ મિનિટ સુધી હાથને બોળી રાખો. અઠવાડિયામાં ત્રણેક વખત આમ કરશો એટલે તમારા નખ બટકતા કે તૂટતા બંધ થઈ જશે.

**શેમ્પૂથી બચો:** તમે માનો કે ન માનો, પણ અમુક શેમ્પૂમાં ડિટર્જન્ટની માત્રા બહુ જ ઉચ્ચ હોય છે, જેને લીધે નખ તરત જ તૂટી જાય છે. જો તમારા નખ વારંવાર તૂટતા હોય તો એનું કારણ તમારું શેમ્પૂ પણ હોઈ શકે છે. નખને બચાવવા શેમ્પૂ બદલવાનો વિકલ્પ પણ ધ્યાનમાં લેવો જોઈએ. શેમ્પૂની સામગ્રીમાં ડિટર્જન્ટનું પ્રમાણ ઓછું હોય એવું પસંદ કરવું.

**મેટલ ફાઈલર:** નખને આકાર આપવા માટેનું આ સાધન તમારા નખની કિનારીઓને સ્મૂથ બનાવવામાં મદદરૂપ થશે. ઘણી વાર નખ કિનારીએથી જરાક જ તૂટે એટલે આખો નખ કાપી નાખવો પડે છે. તો ફાઈલર નખની કિનારીને મેનેજ કરવામાં મદદરૂપ બને છે.

**મોઈશ્ચર જરૂરી:** જો તમે નિયમિત સ્વિમિંગ કરતા હો તો સ્વિમિંગ-પૂલના પાણીમાં રહેલો ક્લોરિન અને તાપ બન્ને નખને એકદમ નબળા બનાવી દેશે. એથી તમારા ક્યુટિકલ્સ, નખ અને એની આસપાસની ત્વચાને મોઈસ્ટ રાખવી.

**આહાર:** શરીરના કોઈ પણ અંગની કાળજીમાં આહાર મુખ્ય ભાગ ભજવે છે એવી જ રીતે નખને સાચવવા માટે વધુ પાણી પીઓ. ગાજર અને સ્ટ્રોબેરીમાં રહેલાં વિટામિન્સ મદદરૂપ થશે. એ સિવાય દૂધ અને અન્ય ડેરી-પ્રોડક્ટ્સ તમારામાં કેલ્શિયમનું પ્રમાણ વધારશે.

# સ્ત્રીઓને સતાવતી થાઈરોઈડની બિમારી, જાણો નિવારણ

**બી. પી અને ડાયાબિટીસની માફક સ્ત્રીઓમાં થાઇરોઇડની સમસ્યાનું પ્રમાણ વધી રહ્યું છે. જીવનશૈલીના રોગોમાં થાઇરોઇડનો સમાવેશ પણ થઇ ગયો છે. સ્ત્રીઓ આ સમસ્યાનો શિકાર વધારે પ્રમાણમાં બને છે. આ સમસ્યાથી છુટકારો મેળવવો હોય તો અમુક પ્રકારના ખોરાકનું સેવન ચોક્કસ કરવું.**

- મગની દાળમાં સારી માત્રામાં પ્રોટીન, વિટામિન, ફઇબર, કાર્બોહાઈડ્રેટ્સ અને મિનરલ્સ હોય છે. તે આયોડિનની ઊણપને દૂર કરીને પાચનમાં મદદ કરે છે.
- આમળા થાઈરોઈડને કંટ્રોલ કરવામાં ખૂબ જ મદદગાર છે. આમળામાં નારંગી કરતાં 8 ગણો વધુ વિટામિન C અને દાડમ કરતાં 17 ગણો વધુ વિટામિન C હોય છે.
- નાળિયેરમાં મીડિયમ ચેઈન ફેટી એસિડ્સ, મીડિયમ ચેઈન ટ્રાઈગ્લિસરાઈડ્સ પાચનમાં સુધારો કરે છે અને થાઇરોઇડથી દૂર રાખે છે.
- આદું ઝિંક, પોટેશિયમ અને મેગ્નેશિયમ જેવા



આવશ્યક ખનિજોથી સમૃદ્ધ છે. આ સિવાય આદુંમાં બળતરાવિરોધી ગુણ હોય છે, જે થાઈરોઈડને ઠીક કરવામાં મદદ કરે છે.
- થાઇરોઈડ હોર્મોન્સના ચયાપચય માટે શરીરને સેલેનિયમની જરૂર છે. સૂકા મેવામાં સેલેનિયમ વધુ હોય છે. જે થાઈરોઈડ ગ્રંથિને ઉત્તેજિત કરવામાં મદદ કરે છે.

## કવયિત્રી : હિના મોદી,

ક્યાં છું સક્ષમ હું પૂજવા માટે ,
શબ્દ શોધું છું પ્રાર્થના માટે.
તારી સ્તુતિ તો મર્મભેદી છે,
ટળવળું મર્મ જાણવા માટે.
તારી સૃષ્ટિ વિશાળ છે,
જીવ ભટકે છે થોભવા માટે.
તારા ઇજનની રાહ જોઉં છું,
તારે દરવાજે આવવા માટે.
ગીત ગાવાં છે તારે માટે,
પણ, સૂર ક્યાં છે આલાપવા માટે.

## અપનાવો આ ઘરેલું ટીપ્સ

- ટામેટાંનો જ્યુસ માફક આવતો હોય તે વ્યક્તિ તાવ આવે ત્યારે પીએ તો ગરમી શાંત થશે અને તૃષા છીપાશે.
- કપડાં પરના મહેંદીના ડાઘા દૂર કરવા ડાઘાયુક્ત ભાગને ગરમ દૂધમાં 30 મિનિટ ડૂબાડી રાખી બ્રશથી ઘસવું.
- સંતળાઇ રહેલા કાંદાની તીવ્ર ગંધ સહન ન થતી હોય તો તેમાં ચપટી સાકર ભેળવવી.
- આર્ટિફિશિયલ જ્વેલરી પર નેલ વાર્નિશનો એક કોટ લગાડવાથી તે કાળી નહીં પડે.
- વટાણા બાફતી વખતે તેમાં ચપટી સોડા નાખવાથી રંગ લીલોછમ રહે છે.
- એલ્યુમિનિયમના લોયામાં ઢોકળા ઉતારવા હોય તો તેમાં લીંબુની છાલ નાખી દેવાથી લોયું કાળું નથી પડતું.

# રમઝાન મુબારકનું આગમન




પવિત્ર કુરાનમાં રોઝા માટે સૌમ શબ્દ આવ્યો છે એટલે કે મોમિનો જેને રોઝા કે રોઝો કહે છે તેને સૌમ કહેવામાં આવે છે. સૌમ એકવચન છે અને તેનું બહુવચન સિયામ છે. આમ જોવા જઈએ તો રોઝાને અલગ અલગ ભાષામાં અલગ અલગ નામે પ્રયોગવામાં આવે છે જેમ કે ઉર્દૂ અને ફારસીમાં રોઝા, અરબીમાં સૌમ, અંગ્રેજીમાં ફાસ્ટીંગ અને ગુજરાતીમાં ઉપવાસ.

સૌમનો અર્થ થાય છે રોકાઈ જવું અને કુરઆન પાકમાં સૌમ માટે સબ્રનો શબ્દ વપરાયો છે અને સબ્રનો અર્થ થાય છે નફસ (મનેચ્છા)ને કાબૂ કરવું અને અડગતા ધારણ કરવી.

* જાણવા મળ્યું કે અલ્લાહની ખુશ્નુદી અને તેનો રાજીપો પ્રાપ્ત કરવા ખાતર તેના હુકમ પર પોતાની મનેચ્છાઓથી રોકાઈ જવાનું નામ રોઝા છે.

* રોઝા એક ઈબાદત છે અને ઈસ્લામના પાયાના અરકાન (નિયમો)માં તેનું સ્થાન ત્રીજું છે.

* રોઝા એક એવી જાહેરી ઈબાદત (પ્રાર્થના, ઈશ્રવરની સ્તુતિ) છે કે, જેમાં બંદો પોતાની જાહેરી મનેચ્છાઓને કાબૂમાં રાખીને અલ્લાહની ખુશી હાંસિલ કરવાની કોશિશ કરતો જણાય છે, પણ હકીકતમાં પોતાની છૂપી મનેચ્છાઓ અને બુરાઈઓથી પણ પોતાને બાલ બાલ બચાવી રાખવું તે અસલ રોઝો અને તેનો માયના છે.

* ફક્ત જાહેરી રીતે ભૂખ્યા કે તરસ્યા રહેવાનું નામ રોઝો નથી અને તે શરીઅત (ઈસ્લામી નિયમો, કાયદા-કાનૂન) ની દૃષ્ટિએ કંઈ ફાયદાકારક પણ નથી. પયગંબર હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ખૂબ જ સાફ શબ્દોમાં આ વાતને જણાવી છે:

* આપ હુઝૂરે અનવર (સલ.)નું ફરમાન છે કે, બંદો રોઝાની હાલતમાં જુઠું બોલે છે, જાહિલો અને અભણ જેવી વર્તણૂક કરે છે અને ગુનાહના કૃત્ય ત્યજતા નથી તો અલ્લાહતઆલાને તેના ભૂખે અને તરસ્યા રહેવાની બિલકુલ જરૂરત નથી (હવાલો- ઈબ્ને માજા).

- વ્હાલા વાચક બંધુઓ! પવિત્ર કુરાનમાં સૃષ્ટિનો સર્જનહાર ફરમાવે છે કે, ‘હે ઈમાન (સત્ય) વાળાઓ! તમારા ઉપર રોઝા રાખવા ફર્ઝ કરવામાં આવ્યું છે, જેમ કે તમારાથી અગાઉના લોકો પર ફર્ઝ કરવામાં આવ્યા હતા જેના થકી તમો પરહેઝગાર (સંયમી, સદાચારી) બને! (સૂરહ બકરહ આયત ૧૮૩)

* ઈસ્લામમાં રોઝાને એક આગવું સ્થાન પ્રાપ્ત છે.

* રોઝાને બદન (શરીર)ની ઝકાત પણ કહેવામાં આવે છે.

* રોઝામાં બહુ જ સવાબ (પુણ્ય) કરવાનો વાયદો કરવામાં આવ્યો છે.

* અલ્લાહતઆલા ફરમાવે છે કે, ‘રોઝો મારા માટે છે અને હું જ તેનો બદલો આપીશ.’

* હુઝૂરે અનવર (સલ.)નું ફરમાન છે કે, ‘જન્નત (સ્વર્ગના) આઠ દરવાજા છે તેમાંથી એક દરવાજાનું નામ બાબુર રૈયાન છે તે દરવાજાથી રોઝદાર જન્નતમાં દાખલ થશે! (હવાલો: ઈમામ બુખારી વ મુસ્લિમ).

બોધ: જ્યારે ઈન્સાનની અંદર તકવા (સદાચાર, સંયમ)ના ગુણો પેદા થઈ જાય છે તો ઈન્સાન પોતે ગુનાહ તરફ જવામાં કે ગુનાહ તરફ કદમ ઉઠાવવામાં કચવાટ અનુભવવા લાગે છે.

# રમઝાન માત્ર રોજા રાખવાનો નહીં, પરંતુ સ્વશુદ્ધિ કરવાનો મહિનો પણ છે

રમઝાન માત્ર રોજા રાખવાનો નહીં, પરંતુ સ્વશુદ્ધિ કરવાનો મહિનો પણ છે. રમઝાન ઈસ્લામી હિજરી સનનો નવમો મહિનો છે. ઈસ્લામના બધા મહિનાઓમાં રમજાનને ખુબ જ પવિત્ર માનવામાં આવે છે. આ જ મહિનામાં કુરાન નાઝિલ (અવતર્યું) થયો હતો. પૈગંબર હજરત મુહમ્મદ (સલ.) પર આકાશવાણી થઈ હતી અને તેમણે અલ્લાહનો પૈગામ તેમના બંદાઓને જણાવ્યો. આ જ કુરાન છે. રમઝાનની 27મી તારીખે કુરાન મુકમ્મલ થઈ હતી. કુરાનમાં જ રમઝાન-રોઝાનો ઉલ્લેખ છે. રોઝા ફક્ત ભુખ-તરસની પરિક્ષા નથી પણ અલ્લાહની ઈબાદત પણ છે. જ્યારે કોઈ રોઝા કરે છે તો તે સમજે છે કે તે અલ્લાહના આદેશોનું પાલન કરે છે.

રોજાના વિશે પૈગમ્બર સાહેબનું ફરમાન છે કે ‘સબ્ર આધા ઈમાન હૈ ઔર રોજા આધા સબ્ર હૈ.’ જો કે રોઝા ઈબાદતનો દરવાજો છે. હજરત આઈશા સિદીકા (રદિ.)થી રવાયત છે કે ‘સ્વર્ગનો દરવાજો ખખડાવ્યા કરો.’ લોકોએ પુછ્યું કઈ વસ્તુથી, ફરમાવ્યું ભુખ (રોજા)થી. રોઝાની અંદર રોઝાદાર સવારે (ભોર)થી સાંજે (સુર્યાસ્ત) સુધી કઈ પણ ખાધા-પીધા વિના ભુખ્યો રહે છે. રોજાની અંદર તે વાતનું ધ્યાન રાખવું પડે છે કે તમે કોઈને દગો તો નથી કરી રહ્યાં ને! જુઠ્ઠુ તો નથી બોલી રહ્યાં ને અને કોઈનું નુકશાન તો નથી કરી રહ્યાં ને! જો તમે કોઈની નિંદા કરી રહ્યાં હોય તો તે પણ અપરાધ છે. રમઝાનમાં સવારે સહેરીનો આદેશ છે અને સાંજે ઈફ્તાર પણ જરૂરી છે. સેહરી ફજરની નમાઝ પહેલા અને ઈફ્તાર મગરિબની નમાઝ બાદ કરવામાં આવે છે. બંને સમયે યોગ્ય માત્રામાં ખાવાનો હુક્મ મળે છે કેમકે રોઝા ઈબાદતની સાથે સાથે સ્વાસ્થ્ય માટે પણ ખુબ જ જરૂરી છે. રોઝામાં રોઝાદારની આત્માની સાથે સાથે તેના શરીરની પણ બધી જ બિમારીઓ પવિત્ર થઈ જાય છે. સમગ્ર વિશ્વમાં આ વર્ષે રમઝાન 3 એપ્રિલથી શરૂ થશે. આ મહિનામાં કુરાન વાંચવાથી પુણ્ય મળે છે. રમઝાનને ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે. 10 દિવસના પહેલા ભાગને રહમતો સમય તરીકે કરેવામાં આવે છે. બીજા 10 દિવસના ભાગને માફીનો સમય કહેવામાં આવે છે અને છેલ્લા 10 દિવસના ભાગને જહન્નૂમથી બચવાના સમય કહેવામાં આવે છે. રમજાનમાં રાખવામાં આવતા રોજાને ઈસ્લામના પાંચ સ્તંભોમાંથી એક માનવામાં આવે છે. આ દિવસે તાક્વા પ્રાપ્ત કરવામાં આવે છે. તાક્વાનો અર્થ છે અલ્લાહને નાપસંદ કામ ના કરીને તેમની પસંદનું કાર્ય કરવું. આ મહિનામાં શબ-એ-કદ્ર આવશે. આ દિવસે મુસ્લિમ સમુદાય રાતે જાગીને ઈબાદત કરે છે. મહિના પછી ઉલ ફિતર મનાવામાં આવે છે. આ મહિનો દાન પુણ્ય કાર્ય કરવા માટેનો છે. એટલા માટે આ મહિનાને નેકિયા અને ઈબાદતનો મહિનો કહેવામાં આવે છે.

# કઈ બાબતોથી રોઝહ તૂટી જાય છે

જે બાબતોથી રોઝહ તૂટી જાય - ફાસિદ અગર બાતિલ થઈ જાય એ બધી બાબતોથી સામાન્ય મુસ્લિમો વાકિફ હોય છે જેથી એ અંગે વિગત દર્શાવી નથી. અલ્બત્ત, રોઝહના સમય દરમ્યાન ખાવા, પીવા, સંભોગથી રોઝહ તૂટી જાય છે એ બાબત મુખ્ય છે. કોઈ વ્યકિત ભૂલથી કશું ખાય કે પી લીએ તો રોઝહ તૂટશે નહીં. અલ્બત્ત, જ્યાં યાદ આવે તુરત ખાવું પીવું છોડી દેવું જાઈએ. પોતાની ઈચ્છા વગર - ઈખ્તિયારથી બાહરથી ગળામાં ધૂળ, ધૂમાડો ઘૂસી જાય - પાસે કોઈ બીડી પીતું હોય તેનો ધૂમાડો નાક કે ગળામાં ચાલ્યો જાય તેનાથી પણ રોઝહ તૂટતો નથી. કેટલાક રોઝહદાર રમઝાનમાં વાસ દરમ્યાન ગાડી-બસમાં બાજુમાં બેઠેલ બિન મુસ્લિમને પણ ધુમ્રપાન કરતા અટકાવે છે અને કહે છે ‘મારો રોઝહ છે’ તેમણે સમઝી લેવું જાઈએ કે, મોઢું ફેરવી, રૂમાલ વગેરે મોઢા કે નાક ઉપર ઓઢી ધૂળ ધૂમાડાથી બચવું સારૂ છે. પરંતુ એનાથી રોઝહ તૂટતો નથી. એવી જ રીતે નાકમાં માખ, મચ્છર કે પછી કોઈ જંતુ ઘૂસી જાય, કોઈ માણસ દળવાની ઘંટીમાં નોકરી કરતો હોય તો એ દરમયાન તેના નાક ગળામાં આટો ચાલ્યો જાય, તંબાકુ વાટવાના વ્યવસાયીના ગળામાં તંબાકુની ધૂળ ચાલી જાય, કાનમાં પાણી ઘૂસી જાય સ્વપ્ન દોષ થાય, ઉલટી થતા થતા અટકી જાય અને ગળે આવેલ પાછી ગળામાં ચાલી જાય આવી બાબતોથી રોઝહ તૂટતો નથી. તેમજ કોઈ વાંધો આવતો નથી. તેવી જ રીતે આંખોમાં દવા નાંખવાથી, ઈત્ર કે પછી ફૂલ અગર અન્ય સુગંધી પદાર્થ સૂંઘવાથી, બલગમ થૂંક ગળી જવાથી રોઝહને કાંઈ નુકસાન થશે નહીં.

ઈરાદાપૂર્વક થોડીક ઉલ્ટી કીધી એનાથી રોઝહ તૂટશે નહીં. અલ્બત્ત, એવી ચેષ્ટા સારી નથી. પરંતુ જા ઉલ્ટી કરી અને પાછી વાળી એટલે કે, ગળી ગયો ભલે થોડી હોય તો એમાં ઉલમાના મત ભિન્ન છે. જેથી એહતિયાત આવશ્યક છે.

# કેનેડાનું રમઝાનુલ મુબારકનું ટાઈમટેબલ-૨૦૨૨

## JAM’E ABU BAKR SIDDIQUE

Scarborough Muslim Association

**Eid-ul-Fitr Salaah***
1st Salaah: 6:30 AM
2nd Salaah: 7:45 AM
FAJR on EID DAY 5:30 AM

**Sadaqat-ul-Fitr**
$10.00 PER PERSON

**Du'aa for Fasting**



**Isha Iqaamah Time***
1st to 5th Ramadhan: 9:20 PM
6th to 12th Ramadhan: 9:30 PM
13th to 19th Ramadhan: 9:40 PM
20th to 26th Ramadhan: 9:50 PM
27th to 30th Ramadhan: 10:00 PM

**Du'aa for Iftaar**

## RAMADHAN 1443AH - 2022

To begin fasting, it's preferable to finish eating 10 minutes before Fajr time begins

| DATE | DAY | RAMADHAN 1443 | FAJR 15° | SUNRISE | ZUHR | ASR | MAGHRIB SUNSET/IFTAAR | ISHA 13.5° |
|---|---|---|---|---|---|---|---|---|
| Apr 3* | Sunday | 1* | 5:34 | 6:55 | 1:21 | 5:52 | 7:49 | 8:59 |
| 4 | Monday | 2 | 5:32 | 6:53 | 1:21 | 5:53 | 7:50 | 9:01 |
| 5 | Tuesday | 3 | 5:30 | 6:51 | 1:20 | 5:54 | 7:51 | 9:02 |
| 6 | Wednesday | 4 | 5:28 | 6:50 | 1:20 | 5:55 | 7:52 | 9:04 |
| 7 | Thursday | 5 | 5:26 | 6:48 | 1:20 | 5:55 | 7:53 | 9:05 |
| 8 | Friday | 6 | 5:24 | 6:46 | 1:19 | 5:56 | 7:55 | 9:06 |
| 9 | Saturday | 7 | 5:22 | 6:44 | 1:19 | 5:57 | 7:56 | 9:08 |
| 10 | Sunday | 8 | 5:20 | 6:43 | 1:19 | 5:58 | 7:57 | 9:09 |
| 11 | Monday | 9 | 5:18 | 6:41 | 1:19 | 5:59 | 7:58 | 9:11 |
| 12 | Tuesday | 10 | 5:16 | 6:39 | 1:18 | 5:59 | 7:59 | 9:12 |
| 13 | Wednesday | 11 | 5:14 | 6:38 | 1:18 | 6:00 | 8:01 | 9:14 |
| 14 | Thursday | 12 | 5:12 | 6:36 | 1:18 | 6:01 | 8:02 | 9:15 |
| 15 | Friday | 13 | 5:10 | 6:34 | 1:18 | 6:02 | 8:03 | 9:17 |
| 16 | Saturday | 14 | 5:08 | 6:33 | 1:17 | 6:02 | 8:04 | 9:18 |
| 17 | Sunday | 15 | 5:06 | 6:31 | 1:17 | 6:03 | 8:05 | 9:20 |
| 18 | Monday | 16 | 5:04 | 6:29 | 1:17 | 6:04 | 8:07 | 9:21 |
| 19 | Tuesday | 17 | 5:02 | 6:28 | 1:17 | 6:05 | 8:08 | 9:23 |
| 20 | Wednesday | 18 | 5:00 | 6:26 | 1:16 | 6:05 | 8:09 | 9:24 |
| 21 | Thursday | 19 | 4:58 | 6:24 | 1:16 | 6:06 | 8:10 | 9:26 |
| 22 | Friday | 20 | 4:57 | 6:23 | 1:16 | 6:07 | 8:11 | 9:27 |
| 23 | Saturday | 21 | 4:55 | 6:21 | 1:16 | 6:08 | 8:12 | 9:29 |
| 24 | Sunday | 22 | 4:53 | 6:20 | 1:16 | 6:08 | 8:14 | 9:30 |
| 25 | Monday | 23 | 4:51 | 6:18 | 1:16 | 6:09 | 8:15 | 9:32 |
| 26 | Tuesday | 24 | 4:49 | 6:17 | 1:15 | 6:10 | 8:16 | 9:33 |
| 27 | Wednesday | 25 | 4:47 | 6:15 | 1:15 | 6:10 | 8:17 | 9:35 |
| 28 | Thursday | 26 | 4:45 | 6:14 | 1:15 | 6:11 | 8:18 | 9:36 |
| 29 | Friday | 27 | 4:43 | 6:12 | 1:15 | 6:12 | 8:20 | 9:38 |
| 30 | Saturday | 28 | 4:41 | 6:11 | 1:15 | 6:13 | 8:21 | 9:40 |
| May 1 | Sunday | 29 | 4:39 | 6:09 | 1:15 | 6:13 | 8:22 | 9:41 |
| EID May 2 | Monday | 30 | 4:37 | 6:08 | 1:15 | 6:14 | 8:23 | 9:43 |

*Eid-ul-Fitr: Monday, May 2, 2022 Ramadhan and Eid Dates - Subject to Moon Sighting - twitter: @hilal_council

# ઓઢવ હત્યાકાંડ: એક જ પરિવારના ચાર સભ્યોની હત્યા કરનાર આરોપી ઝડપાયો

### અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને મળી મોટી સફળતા: ગુજરાત-રાજસ્થાન બોર્ડર પરથી વિનોદ મરાઠી ઝડપાયો

**અમદાવાદ**

ઓઢવ વિસ્તારની દિવ્યપ્રભા સોસાયટીના એક ઘરમાં દુર્ગંધ આવી રહી હતી. જેથી સ્થાનિક રહીશોએ પોલીસને જાણ કરી હતી. જે બાદ પોલીસે ઘરનું તાળું તોડીને તપાસ કરતાં ઘરના અલગ-અલગ રૂમમાંથી 4 મૃતદેહો મળી આવ્યા હતા. જે પૈકી બે મહિલાઓ અને એક બાળક તેમજ એક બાળકીની લાશો હતી. જે એક જ પરિવારના સભ્યો છે. જેમાં મહિલા તેના બે બાળકો અને દાદી સામેલ છે. જ્યારે પરિવારનો મોભી એવો વિનોદ મરાઠી ગાયબ હોવાથી પોલીસે તેની શોધખોળ શરૂ કરી હતી. આખરે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને 48 કલાક બાદ મોટી સફળતા હાથ લાગી છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે વિનોદ મરાઠીને ગુજરાત-રાજસ્થાન બોર્ડર પરથી ઝડપી પાડ્યો છે. હવે તેની પૂછપરછમાં હત્યાકાંડ અંગે ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે. વિનોદની પૂછપરછમાં સામે આવ્યું કે, પત્નીના અન્ય પુરુષ સાથે સબંધની આશંકાના પગલે ઘરમાં અવારનવાર ઝઘડા થતા હતા. પત્નીના પ્રેમ સબંધનો અંત લાવવા માટે તેઓ નિકોલથી ઓઢવ ખાતે રહેવા આવ્યા હતા. જો કે હત્યાના દિવસે પણ પરિવાર સાથે ઝઘડો થયો હતો, જે બાદ ઘટનાને અંજામ આપ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ, હત્યા કરીને ફરાર થઈ ગયા બાદ વિનોદે મહારાષ્ટ્રના સાંગલી ખાતે રહેતા તેના પરિવારનો સંપર્ક કરીને કહ્યુ કે, તેના ઘર પર હુમલો થયો હતો. એનું પરિવાર વેરવિખેર થઈ ગયું છે. તમામ પરિવારજનો મરી ગયા છે તે પોતે જીવ બચાવીને માંડ માંડ ભાગ્યો છે. પરિવારે પૂછયું કે તે ક્યાં છે? ત્યારે તેણે બેંગ્લોર હોવાનું કહ્યુ હતુ.

## વિનોદ ગાયકવાડે પત્નીના ચરિત્ર પર શંકા હોવાથી હત્યાકાંડ આચર્યો

**અમદાવાદ**

આરોપી વિનોદની પ્રાથમિક પૂછપરછમાં તેણે કહ્યું કે, પત્ની સોનલને દોઢ વર્ષથી અનૈતિક સબંધ હોવાથી અવારનવાર ઘરમાં ઝઘડા થતા હતા. જેના પગલે પોતે પત્નીની હત્યા કરવાનું મનોમન નક્કી કર્યું હતું. જે મુજબ ગત તા ૨૬મી માર્ચના રોજ રાત્રીના ૮ વાગ્યે પત્ની સોનલના બેડરૂમના ઘરમાં પડેલો છરો લઈને ગયો હતો. સોનલને આડેધડ છરાના ઘા મારતા તે લોહીલુહાણ હાલતમાં બુમો પાડતી ઢળી પડી હતી. બાદમાં રસોડામાં જઈ દીકરા ગણેશ-દીકરી પ્રગતિને છરાના ઘા મારી અને વડસાસુને સુભદ્રાબહેનની પણ હત્યા કરી હતી. સાસુની હત્યાના આયોજન મુજબ તેઓને વિનોદે ઘરે બોલાવ્યા બાદ હુમલો કર્યો પણ દયા આવતા હત્યાનો વિચાર માંડી વાળ્યો હતો.

## ગુલબર્ગકાંડમાં એક જુવેનાઈલ સામે 20 વર્ષે કેસ પુરવાર થયો

### ઘટના વખતે કિશોર ટોળામાં સામેલ હોવાના પુરાવા આવ્યા

**અમદાવાદ**

મેઘાણીનગરની ગુલબર્ગ સોસાયટીમાં પૂર્વ સાંસદ અહેસાન જાફરી સહિત 69 લોકોની કરપીણ હત્યા કેસમાં અટકાયત કરેલા 4 જુવેનાઈલ પૈકી એક કિશોરને જુવેનાઈલ જસ્ટીસ બોર્ડના પ્રીન્સીપાલ મેજિસ્ટ્રેટ ડી.એ.જાદવએ ગુનેગાર ઠરાવીને રૂ.15 હજાર દંડ ફટકાર્યો છે. આ દંડની રકમ બાળ કલ્યાણ ફંડમાં જમા કરવાની રહેશે.

ગોધરાકાંડ બાદ ફાટી નીકળેલા કોમી તોફાનોમાં મેઘાણીનગરની ગુલબર્ગ સોસાયટીમાં 69 લોકોની હત્યા થઈ હતી. જેમાં સોસાયટીની સામે બેકરીમાં 15 વર્ષનો કિશોર કામ કરતો હતો. આ ઘટના વખતે તોફાની ટોળામાં કિશોર સામે થયો હતો અને તોફાની સાથે ભાગ ભજવ્યો હોવાનું જુબાની દરમ્યાન પુરાવા આવ્યો હતો. જેના આધારે કોર્ટે કિશોરને ગુનેગાર ઠરાવ્યો હતો. કિશોર સામે એસઆઈટીએ વર્ષ 2008માં કેસ મૂક્યો હતો, ત્યારે તેની ઉંમર 21 વર્ષની થઈ હતી. હાલ સજા પામેલ કિશોરની ઉંમર 36 વર્ષની થઈ છે અને તેના ઘરે છોકરા છે.

## ગુજરાત પોલીસ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં 514 ખંડણીખોરોને આઈડેન્ટિફાય કરાયા

### સુરત અને અમદાવાદમાં સૌથી વધુ ખંડણીખોર આરોપીઓ સામે કોર્ટમાં ચાર્જશીટ

**અમદાવાદ**

ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં 514 ખંડણીખોરોને આઈડેન્ટિફાય કરાયા છે. આ આરોપીઓ સામે આઈપીસી કલમ 384, 385, 504, 506(2) વગેરેમુજબ કાયદેસરની કાર્યવાહી કરી છે. આરોપીઓ સામે કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી છે. ગુજરાતમાં સૌથી વધુ ખંડણીખોરો સુરત શહેરમાં 99 અને ત્યારબાદ અમદાવાદ શહેરમાં 99 નોંધાયા છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લામાં 56, અમરેલી જિલ્લામાં 53, વલસાડ જિલ્લામાં 51, બોટાદ જિલ્લામાં 50, ભાવનગર જિલ્લામાં 33, ભરૂચ જિલ્લામાં 25 ખંડણીખોરોને આઈડેન્ટીફાય કરાયા છે. ગુજરાત વિધાનસભા ગૃહમાં એક લેખિત સવાલના જવાબમાં રાજ્યના ગૃહ વિભાગે બુધવારે માહિતી પૂરી પાડી હતી.

ગુજરાતમાં 2020ના કોરોનાકાળ દરમિયાન પોલીસ જાપ્તામાંથી 47 આરોપી ભાગી છૂટયા હતા. સૌથી વધુ બનાસકાંઠા જિલ્લામાં 12 આરોપી, વડોદરા શહેરમાં 4, અમદાવાદ શહેરમાં 3, આણંદ, મહેસાણા, સુરેન્દ્રનગર, કચ્છ પશ્ચિમમાં 3-3 આરોપી પોલીસ જાપ્તામાંથી ભાગી છૂટયા હતા. સરકારનો દાવો છે કે, જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે ફરજ મોકૂફી, આંતર જિલ્લા બદલી, રોકડ દંડ, ઈજાફા અટકાવવા તેમજ ખાતાકીય પગલાં લેવાયા છે. આ ઉપરાંત સંડોવણી જણાઈ હોય તેવા કિસ્સામાં ગુના પણ દાખલ કરવામાં આવ્યા છે.

## લોકડાઉન હોવા છતાં રાજ્યમાંથી કુલ ૪,૯૩૭ ટુ-વ્હીલર ચોરાયા

**અમદાવાદ**

ગુજરાતમાં વર્ષ ૨૦૨૦ના વર્ષમાં કોરોના મહામારીના કારણે લોકડાઉન લાગુ કરાયું હોવા છતાં ૪,૯૩૭ જેટલી મોટી સંખ્યામાં બાઈક ચોરાઈ હોવાનું સામે આવ્યું છે. સૌથી વધારે બાઈક અમદાવાદ શહેરમાંથી ચોરાઈ હતી, જેની સંખ્યા ૧,૧૫૮ હતી. કુલ ૪,૯૩૭માંથી ૨,૩૫૪ બાઈક પોલીસ દ્વારા શોધી કાઢવામાં આવી હતી. કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલ દ્વારા ઓક્ટોબર, ૨૦૨૧ની સ્થિતિએ વર્ષ ૨૦૨૦માં કેટલી બાઈકની ચોરી થઈ અને તેમાંથી કેટલી શોધી કાઢવામાં આવી તે અંગેનો સવાલ ર્ચો હતો. જેના લેખિત જવાબમાં ગૃહ વિભાગે માહિતી આપી હતી.

## ગાંધીનગરમાં ધારાસભ્યોના છેલ્લા ફોટો સેશનમાં માજી સીએમ રૂપાણી ગેરહાજર!

### મંત્રી ગજેન્દ્રસિંહ અને MLA ભાવેશ કટારા પણ ગાયબ

**ગાંધીનગર**

14મી વિધાનસભામાં ચૂંટાયેલા સૌ ધારાસભ્યો માટે અધ્યક્ષ ડો.નિમાબહેન આચાર્યે સામુહિક તસવીરનુ આયોજન કર્યુ હતુ. જેમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી ગેરહાજર રહેતા ભાજપના ધારાસભ્યોમા જાતભાતની અટકળો વહેતી થઈ છે.

આ ફોટો સેશનમા માત્ર રૂપાણી જ નહી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારમા વિવાદાસ્પદ રાજ્યમંત્રી ગજેન્દ્રસિંહ પરમાર પણ હાજર રહ્યા નથી. તેઓ લાંબા સમયથી વિધાનસભામા જ આવતા નથી. આ ઉપરાંત પૂર્વ કૃષિ મંત્રી આર.સી. ફળદુ, પૂર્વ મંત્રી પરસોત્તમ સોલંકી પણ જોવા મળ્યા નહોતા. સોલંકી પોતાની નાદુરસ્ત તબિયતને કારણે વિધાનસભા આવતા નથી. જ્યારે કોંગ્રેસના ધારાસભ્ય ભાવેશ કટારા પણ આ ફોટો સેશનમા આવ્યા નહોતા. કટારા પણ લાંબા સમયથી વિધાનસભામા આવતા નથી.

સામાન્યત: ગુજરાતમા વિધાનસભાની મુદત પૂર્ણ થવાના છેલ્લા સત્રમા ધારાસભ્યો માટે કાયમી સ્મૃતિ રહે તે ઉદેશ્યથી ફોટો સેશનનુ આયોજન થાય છે. જો કે આ વખતે 14મી વિધાનસભાની મુદતને આડે 10 મહિના જેટલો સમય બાકી છે

## રાહુલ ગાંધી સામેના બદનક્ષી કેસની કાર્યવાહી પર સ્ટે યથાવત્

**અમદાવાદ**

ગુજરાત સરકારના મંત્રી અને તત્કાલિન ધારાસભ્યએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સામે સુરતમાં બદનક્ષીનો કેસ કર્યો છે. 'મોદી' અટક અંગે ટિપ્પણી કરતા રાહુલ ગાંધીના ભાષણ સામે કરાયેલા કેસમાં પૂર્ણેશ મોદીની માંગણી છે કે રાહુલ ગાંધી પોતે કોર્ટમાં હાજર રહી ભાષણના ફૂટેજ અંગે સ્પષ્ટતા આપે. જો કે આવી અરજી ટ્રાયલ કોર્ટે ફગાવતા પૂર્ણેશ મોદીએ હાઈકોર્ટમાં અપીલ કરી છે. જેમાં કોર્ટે કેસની ટ્રાયલ આગળ વધારવા પર મૂકેલો સ્ટે યથાવત્ રાખ્યો છે અને વધુ સુનાવણી આઠમી એપ્રિલના રોજ નિયત કરી છે. વર્ષ ૨૦૧૯માં રાહુલ ગાંધીએ કર્ણાટકના કોલરમાં મોદી અટક અંગે ટિપ્પણી કરી હતી.

## સંજીવ ભટ્ટ સામેની ૩૦ વર્ષ જૂની ફરિયાદ પરત ખેંચાશે

**અમદાવાદ**

પૂર્વ આઈ.પી.એસ. અધિકારી સંજીવ ભટ્ટ સામે વર્ષ ૧૯૯૦માં જામનગર જિલ્લામાં નોંધાયેલી કસ્ટોડિયલ અત્યાચારની ફરિયાદો પૈકીની એક ફરિયાદ પરત ખેંચવાની તૈયારી ફરિયાદી દ્વારા દર્શાવવામાં આવી છે. આ કેસમાં કોર્ટે ઘણો સમય આપ્યો હોવાથી ફરિયાદીને રેકર્ડ પર સોગંદનામું કરવાનો નિર્દેશ કરી સુનાવણી ૩૧મી માર્ચના રોજ નિયત કરવામાં આવી છે. બનાસકાંઠામાં ખોટો નાર્કોટિક્સ કેસ ઉભો કરવાના કેસમાં સંજીવ ભટ્ટ અત્યારે પાલનપુર જેલમાં છે.જામનગર જિલ્લાના જામખંભાળિયા પોલીસ સ્ટેશનમાં ઓક્ટોબર-૧૯૯૦માં સંજીવ ભટ્ટ જામનગરના એડિશનલ એસ.પી. હતા ત્યારે રાયોટિંગના ગુનામાં ૧૩૩ લોકોની અટકાયત કરવામાં આવી હતી. આ કેસમાં થયેલા કસ્ટોડિયલ ટોર્ચરમાં પ્રભુદાસ વૈષ્ણાણી નામની વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને તે કેસમાં સંજીવ ભટ્ટને દોષિત ઠેરવી આજીવન કેદની સજા કરવામાં આવી છે.આ ઘટના બાદ મહેશ ચિત્રોડા, રાવજીભાઈ હરજીભાઈ અને ચેતન જાની દ્વારા કોર્ટમાં ખાનગી ફોજદારી ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

## કેસર કેરીની વાડીઓમાં મધિયાએ આતંક મચાવ્યો

**જુનાગઢ**

ગીરનાં આંબાનાં બગીચાઓમાં ઓછા પાક વચ્ચે મધિયા નામનો રોગ વધ્યો છે. સામાન્ય રીતે, જાન્યુઆરી બાદ રોગનું પ્રમાણ હળવું થવા લાગે છે અને વધતી ગરમીથી રોગ કુદરતી રીતે નાશ પામે છે. પરંતુ જેના પર કેરીનાં પાકનો મદાર હોય તે કોરામણ વધવાથી મધિયો રોગ વધી રહ્યો છે. આ મધિયાના રોગે કેસર પકવતા ખેડૂતોની ચિંતામાં બમણો વધારો કર્યો છે. ગીર વિસ્તારનાં જ્યાં હાલ ૩૫ થી ૩૬ ડિગ્રી તાપમાનનો પારો છે. પણ ગીરમાં પ્રથમ વાર મધિયો ૩૫ ડિગ્રીથી વધુ તાપમાં જોવા મળ્યો છે. જ્યારે કેસર કેરીનાં બગીચાઓમાં પાક ખીલવવાનો આખરી તબક્કામાં આવેલ મોરમાં હાલમાં નાની કેરીઓ બંધાયેલી છે. તાલાલા-ગીર સહિત સમગ્ર ગીર વિસ્તારમાં પથરાયેલ આંબા વાડીઓમાં કેસર કેરીનો પાક બચાવવા ખેડૂતો મથામણ કરી રહ્યા છે.

## ગાંધીનગરના ઘ-0 ઉપર કોંગ્રેસી કાર્યકરો, પોલીસ વચ્ચે ઝપાઝપી

**ગાંધીનગર**

વિધાનસભા સત્ર વચ્ચે આજે કોંગ્રેસ દ્વારા યુવાનોની રોજગારી અને પરીક્ષાઓમાં વારંવાર ફૂટતાં પેપરોને લઈ યુવા સ્વાભિમાન રેલીનું ગાંધીનગરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જોકે સરકારે આ રેલીને મંજૂરી આપી નહોતી જેથી કોંગ્રેસના કાર્યકરોને પકડવા માટે પોલીસ ગઈરાતથી જ દોડતી હતી. આજે શહેરના ઘ-૦ પાસે ૫૦૦થી વધુ કોંગ્રેસના કાર્યકરો ઉમટી પડયા હતા અને સત્યાગ્રહ છાવણી ખાતે પહોંચવા માગતા પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. જેમાં પોલીસે ટીંગાટોળી કરીને ૨૫૦થી વધુ કાર્યકરોની અટકાયત કરી લીધી હતી.

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી સરકારની વિવિધ ભરતી પ્રક્રિયામાં પરીક્ષા સમયે પેપર ફૂટવાની ઘટના બનતી રહે છે ત્યારે યુવાનોને રોજગારી પણ સમયસર સરકાર આપી શકતી નથી. જેવા મુદ્દાઓને આવરી લઈને વિધાનસભા સત્ર વચ્ચે જ યુવા કોંગ્રેસ દ્વારા ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી ખાતે યુવા સ્વાભિમાન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ખોડલધામ પ્રમુખ નરેશ પટેલના રાજકરણ પ્રવેશ અંગે સસ્પેન્સ યથાવત

**અમદાવાદ**




પાટીદારોના મત ખોળે કરવા માટે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ નરેશ પટેલને પાર્ટીમાં સમાવી લેવા મથામણ થઈ રહી છે, જો કે હજી સ્થિતિ સ્પષ્ટ થઈ નથી. મંગળવારે ખોડલધામ ટ્રસ્ટના પ્રવક્તા હસમુખ લુણાગરિયાએ પ્રમુખના રાજકરણ પ્રવેશ અંગે કહ્યું કે નરેશ પટેલ કોઈ નિર્ણય નહિ લે. ટ્રસ્ટની કમિટી રચાશે ત્યારબાદ નરેશ પટેલ નિર્ણય લેશે. નરેશ પટેલે જણાવ્યું કે ટ્રસ્ટની એક સમિતિ ગુજરાતભરમાં સર્વે કરી રહી છે. આ સર્વેના આધારે જ રાજકરણ પ્રવેશ અને કયા પક્ષમાં જોડાવવું કે સ્વતંત્ર પક્ષ બનાવવો તે અંગે નિર્ણય લેવાશે.

## ‘કોંગ્રેસ ડૂબતું વહાણ છે, તેમાં નરેશ પટેલ બેસે એવું લાગતું નથી’- ગોપાલ ઇટાલિયા



અમદાવાદઃ નરેશ પટેલ મામલે ગોપાલ ઇટાલિયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ ડૂબતું વહાણ છે. દેશમાં જ્યાં પણ ચૂંટણી થઈ ત્યાં કોંગ્રેસ ખતમ થઈ રહી છે. આવા જહાજમાં નરેશ પટેલ જેવા પ્રતિષ્ઠિત વ્યક્તિ બેસે એવું મને લાગતું નથી. અમે પણ નરેશ પટેલને અમારી સાથે આવવા પ્રપોઝલ આપ્યા છે. પરંતુ અંતિમ નિર્ણય નરેશભાઈ જ લેશે, ઇટાલિયાએ ઉમેર્યું હતું કે, છેલ્લા 30 વર્ષથી કોંગ્રેસ ગુજરાતમાં જીતી શકી નથી. રાજ્યમાં નપા, કોર્પોરેશન, પંચાયતની ચૂંટણીમાં બરાબર ધોવાઈ ગઈ છે, હવે આ સ્થિતિમાં નરેશ પટેલને સીએમનો ચહેરો કોંગ્રેસ આપે એ મજાક જેવું છે. અમે આદિવાસી સમાજના હિતેચ્છુ મહેશ વસાવાને મળ્યા હતા, જેથી અમે તમામ સમુદાય સાથે આગળ વધીશું.

## નરેશ પટેલને CM પદનો ચહેરો જાહેર કરવો કે ન કરવો તેનો નિર્ણય હાઈકમાન્ડ લેશે- વસાવડા



રાજકોટઃ ગુજરાત કોંગ્રેસ ઉપાધ્યક્ષ ડો.હેમાંગ વસાવડાનું નરેશ પટેલને લઈને એક મહત્ત્વપૂર્ણ નિવેદન સામે આવ્યું છે. ગુજરાત કોંગ્રેસ ઉપાધ્યક્ષ ડો.હેમાંગ વસાવડાએ જણાવ્યું છે કે, હા..નરેશ પટેલ કોંગ્રેસમાં આવે જ છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓને વિશ્વાસમાં લેવામાં જ આવ્યા છે. ભરતસિંહ સોલંકી જ આમંત્રણ આપવા ગયા હતા. ગુજરાતમાં કોંગ્રેસને નિરવિવાદિત અને સ્વચ્છ ચેહરાની જરૂર હતી. જેથી નરેશભાઈ સામાજિક અગ્રણી અને ઉદ્યોગપતિ હોવાથી કોંગ્રેસને ફાયદો થશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નરેશ પટેલ ચોક્કસપણે કોંગ્રેસમાં જ જોડાશે એ વાતમાં કોઈ શંકા નથી. તેમને કોંગ્રેસમાં એક મોટું પદ આપવામાં આવશે ડો. હેમાંગ વસાવડાએ જણાવ્યું હતું કે, નરેશ પટેલને CM પદનો ચહેરો જાહેર કરવો કે ન કરવો આ બાબતની ચર્ચા હાલ થઈ નથી. તેનો આખરી નિર્ણય યોગ્ય સમયે હાઈકમાન્ડ લેશે.

# બોર્ડની પરીક્ષા દરમિયાન અમદાવાદ તેમજ વડોદરામાં વિદ્યાર્થીના મૃત્યુ

**અમદાવાદ**

સોમવારે ગોમતીપુરમાં રહેતા અમાન આરીફ શાખ નામનો વિદ્યાર્થી સી.એલ સ્કુલમાં પરીક્ષા આપવા માટે પહોંચ્યો હતો. જો કે દરમિયાન પરીક્ષાની શરૂઆતમાં જ વિદ્યાર્થીને ઉલટી થઇ હતી. ત્યાર બાદ અચાનક તેને છાતીમાં દુખાવો શરૂ થયો હતો. જેના પગલે વિદ્યાર્થી ત્યાં અર્ધબેભાનાવસ્થા જેવી સ્થિતિમાં તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જો કે શારદાબેન હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટર્સ દ્વારા તેને ટુંકી સારવાર આપવામાં આવી હતી જો કે એટેકનાં કારણે તેનું મોત નિપજ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, આવી ઘટના 2018 માં આંકલાવમાં બની હતી. વિદ્યાર્થી સંસ્કૃતનુ પેપર લખી રહ્યો હતો ત્યારે ઢળી પડ્યો હતો. વડોદરા શહેરના આજવા રોડ પર ક્રિષ્ણાપાર્ક સોસાયટીમાં રહેતી અને ધોરણ 12 સાયન્સમાં અભ્યાસ કરતી અને રેગ્યુલર સ્ટુડન્ટ તરીકે પરીક્ષા આપી રહેલી 19 વર્ષીય નિશા ઉર્ફે બબુ નિલેશભાઈ દેસાઈએ કેમિસ્ટ્રીના પેપરની પૂર્વસંધ્યાએ પરીક્ષાના ડિપ્રેશનમાં આવી જઈને ફાંસો ખાઇને જીવાદોરી ટૂંકાવી લીધી હતી. તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે બાપોદ પોલીસ દ્વારા સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો.

# ઉદ્યોગોને અઠવાડિયે એક દિવસ વીજળી નહીં મળે

### નિગમે પાવર કટની જાહેરાત કરી : મંગળવારે અમદાવાદ જિલ્લાના ઉદ્યોગોને સપ્લાય અટકાવાશે

**અમદાવાદ**

ખેડૂતોને આઠ કલાકને બદલે ચાર કલાક જ વીજપુરવઠો આપવાના કરવામાં આવેલા નિર્ણય સામે વિરોધનો વંટોળ ઊઠયા પછી ગુજરાત સરકારની વીજ કંપનીઓએ ગુજરાતના જુદાં જુદાં જિલ્લાઓમાં અઠવાડિયે એક દિવસ માટે વીજ કાપ આપવાની જાહેરાત કરી દીધી છે. આ સ્ટેગરિંગ હોલી ડે લો ટેન્શન અને હાઈ ટેન્શન વીજ કનેક્શન ધારકો બંનેનેલ ાગુ કરવામાં આવશે. જે બિઝનેસમાં નોન કન્ટિન્યુઅલ પ્રોસેસ હશે તેમાં આ વીજ કાપ લાગુ પડશે નહિ. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમેટેડના ડિરેક્ટર (ટેકનિકલ) એચ.પી કોઠારીને સહી સાથે ૨૯મી માર્ચે આ સંદર્ભમાં એક પરિપત્ર પણ કરી દેવામાં આવ્યો છે.

ઉર્જામંત્રી કનુભાઈએ ખેડૂતોને પણ પૂરતી વીજળીનો સપ્લાય આપવાની જાહેરાત કરી તે પછી ઔદ્યોગિક વપરાશકારોને પણ અઠવાડિના એક દિવસ સપ્લાયમાં કાપ આપીને સ્ટેગરિંગની સિસ્ટમ ચાલુ કરવાનો નિર્ણય લીધો છે. ગુજરાતના દરેક વિસ્તારની વીજ વિતરણ કંપનીઓને આ અંગેની જાણકારી આપી દેવામાં આવી છે. જોકે વીજળીના ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે કે ગુજરાત સરકારની વીજ કંપનીઓ વીજપ્રોડક્શન અને પુરવઠાને હેન્ડલ કરવામાં સદંતર નિષ્ફળ નીવડી છે. ગુજરાતમાં ૨૮,૫૦૦ મેગાવોટની ઉત્પાદન ક્ષમતા છે. સરકારી વીજ કંપનીઓ ઉપરાંત અદાણી પાવર, તાતા પાવર, એસ્સાર પાવર જેવી ખાનગી ક્ષેત્રની કંપનીઓ પણ વીજળી પેદા કરે છે. તદુપરાંત વિન્ડ પાવરથી ૬૬૬૪ મેગાવોટ અને સોલાર એનર્જીથી પાવર પેદા કરનારાઓ પાસેથી ૩૧૫૦ મેગાવોટ મળીને કુલ ૧૧૦૦૦ મેગાવટ વીજળી મેળવવાની ગોઠવણ કરી હોવા છતાંય ઊનાળામાં માત્ર ગુજરાતની જનતાને પૂરતો વીજળી પુરવઠો આપી ન શકાય તેવું અધકચરું આયોજન છે.

# ગુજરાતમાં વધુ ૧૧ ખાનગી યુનિવર્સિટીને ભાજપ સરકાર દ્વારા લીલીઝંડી અપાઈ

### સમગ્ર રાજ્યમાં હવે 94 યુનિવર્સિટીઓ થઈ ગઈ

**અમદાવાદ**

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં વધુ નવી ૧૧ ખાનગી યુનિવર્સિટીને મંજૂરી આપવામા આવી છે. બુધવારે વિધાનસભા સત્રમાં ખાનગી યુનિવર્સિટી એક્ટ ૨૦૦૯ સુધારા વિધેયક પસાર કરવામા આવ્યું હતું અને જે સાથે વિધિવત રીતે આ યુનિવર્સિટીઓને મંજૂરી મળી હતી. આ નવી ૧૧ ખાનગી યુનિવર્સિટીઓને મંજૂરી મળતા હવે રાજ્યમાં કુલ યુનિવર્સિટીઓની સંખ્યા ૯૪ થઈ જવા પામી છે. સરકારી યુનિવર્સિટીઓ, ફિલ્ડ યુનિવર્સિટીઓ ઉપરાંત ખાનગી-ડિમ્ડ યુનિવર્સિટીઓ સાથે ૮૩ જેટલી યુનિવર્સિટીઓ છે. આ નવી ૧૧ ખાનગી યુનિવર્સિટીઓ સાથે હવે રાજ્યમાં ૯૪ યુનિવર્સિટીઓ થઈ ગઈ છે. ગુજરાત સરકાર દ્વારા બુધવારે વિધાનસભામાં ખાનગી યુનિ. એક્ટ સુધારા વિધેયક પસાર આવ્યું હતું

**આ ખાનગી યુનિ.ને મંજૂરી**

- ગાંધીનગર યુનિ.-ગાંધીનગર
- સુભાષ યુનિ.-જુનાગઢ
- ટ્રાન્સસ્ટેડિયા યુનિ.-અમદાવાદ
- એમ.કે.યુનિ.- સુરત
- વિદ્યાદીપ યુનિ.-સુરત
- સ્કિપ્સ યુનિ.-અમદાવાદ
- મગનભાઈ અદેનવાલા યુનિ. નડિયાદ
- સ્વામિનારાયણ યુનિ.-અમદાવાદ
- અદાણી યુનિવર્સિટી-ગાંધીનગર
- લોકભારતી યુનિ.-ભાવનગર
- નોબેલ યુનિવર્સિટી -જુનાગઢ

# આંતરજ્ઞાતીય યુગલને હેરાન ન કરવા પરિવાર-જ્ઞાતિને ચેતવણી

### હેબિયસ કોર્પસમાં હાઇકોર્ટનો નિર્દેશ

**અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે આંતરજ્ઞાતીય લગ્ન કરનારાં યુગલને પોલીસ રક્ષણ આપવા આદેશ કર્યો છે તેમજ પરિવાર અને જ્ઞાતિને કાયદો હાથમાં ન લેવા ચેતવણી આપી છે. કોર્ટે નોંધ્યું છે કે આ કિસ્સામાં કાયદો હાથમાં લેનારી કોઈપણ વ્યક્તિ સામે કડક પગલાં લેવા પોલીસને આદેશ આપવામાં આવે છે.

મહેસાણા જિલ્લામાંથી આવેલા આ કેસમાં પતિએ તેની પત્નીને મેળવવા માટે હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસની અરજી કરવામાં આવી હતી. જેમાં ફરિયાદ કરવામાં આવી હતી કે ૨૪-૫-૨૦૨૧ના રોજ તેમણે લગ્નનું રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. યુવકનો આક્ષેપ છે કે તેને ધાકધમકીથી પરિવારે તેમની પાસે રાખી છે. જેની સામે યુવતીના પરિવારે દલીલ કરી હતી કે યુવતીએ સોગંદનામા પર એકરાર કર્યો છે કે તે અરજદાર સાથે કોઈ સંબંધ રાખવા માંગતી નથી અને તેના પરિવાર પાસે જ રહેવા માંગે છે. જો કે યુવતીએ હાઈકોર્ટ સમક્ષ વાત કરતા કોર્ટે નોંધ્યું છે કે યુવતી અત્યારે દબાણ હેઠળ છે.

# રાજકોટ : ગુનેગારો સેનેટની ચૂંટણી લડી શકે તે માટે ભાજપ-કોગ્રેસનાં ધમપછાડા

**રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આજે મળેલી સેનેટની બેઠકમાં અગાઉ રાજયપાલ દ્રારા મંજૂરી અપાઈ છે તેવા 187 સ્ટેચ્યુટનાં કાયદાનાં અમલીકરણનાં મામલો ચર્ચામાં આવ્યો હતો અને ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે ગુનેગારો ચૂંટણી લડી શકે તે માટે તેનો આગામી સેનેટની ચૂંટણીમાં અમલ ન કરવા ભાજપ - કોંગ્રેસ અને સંઘ સાથે જોડાયેલા સભ્યો એક થયા હતા અને 21 સભ્યોની સહી સાથે વીસીને આવેદનપત્ર આપીને ફરી રિકવીઝીશેન બેઠક બોલાવવાની માગણી કરી હતી. બેઠકમાં ભાજપ - કોંગ્રેસ અને સંઘનું બેક ગ્રાઉન્ડ ધરાવનારા 21સભ્યોએ સહી કરીને કુલપતિને આવેદનપત્ર આપ્યું હતું.

### પાટિલનાં કાર્યક્રમમાં રૂપાણી જૂથ ગેરહાજર

# સમૂહ લગ્નોનાં આયોજનોમાં સરકાર અને સમાજ હમેંશા સાથે છેઃ પાટીલ

**રાજકોટ**

દીકરીઓ હવે પોતાના જીવન સાથીની પસંદગીમાં મહત્વનો નિર્ણય લેવા સક્ષમ બની રહી છે. દીકરીનાં લગ્નમાં ખર્ચની હમેંશા માતા - પિતાને હમેંશા ચિંતા રહેતી હોય છે પરંતુ સમૂહ લગ્નની પ્રથાને હવે દરેક સમાજે સ્વીકારી વધુ ને વધુ આયોજનો કરવામાં આવી રહયા હોવાથી માતા - પિતાની ચિંતા હળવી બની છે સમાજ સાથે હોવાની પ્રતિતિ તેમને થઈ રહી હોવાનું પ્રદેશ ભાજપ પ્રમુખે આજે રાજકોટ ખાતે જણાંવ્યુ હતુ. રાજકોટમાં રેસકોર્સ ખાતે ૧૦૧ દીકરીઓનાં સર્વજ્ઞાતિ સમુહ લગ્નનું એક સામાજિક સંસ્થા દ્રારા આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ પ્રમુખની રકતતુલા કરવામાં આવી હતી. આ પ્રસંગે સી.આર.પાટિલે કોઈ રાજકીય નિવેદન કરવાનું ટાળી જણાંવ્યુ હતું કે સમુહ લગ્નોનાં આયોજનોમાં સરકાર અને કાર્યકર સાથે છે. સરકારની યોજનાઓનો લાભ મળે તે માટે આગેવાનો પ્રયાસો કરે.

# PNGના ભાવ વધતાં મોરબીની સિરામિક ઈન્ડસ્ટ્રી ઠપ્પ થઈ ગઈ

**અમદાવાદ**

પાઈપ્ડ નેચરલ ગેસ (PNG)ના ભાવમાં વધારો અને ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા તાજેતરમાં ફોર્સ મેજરનો ઉપયોગ કરી સપ્લાય જથ્થાને ઘટાડવામાં આવતાં મોરબીમાં ઘણા ટાઈલ્સ અને સેનિટરીવેર બનાવતા એકમો, જેમણે ઉત્પાદનમાં ઘટાડો કર્યો હતો, આખરે પોતાના એકમો જ બંધ કરી દેવાની ફરજ પડી છે. કારણ કે હવે બિઝનેસ કરવો નફાકારક ન હોવાથી આમ કરવાની ફરજ પડી છે. મોરબી સિરામિક એસોસિએશનના જણાવ્યા અનુસાર ગેસના ભાવમાં વધારા વચ્ચે લગભગ ૫૦ સિરામિક મેન્યુફેક્ચરિંગ યુનિટોએ ઉત્પાદન બંધ કરી દીધું છે.

# મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની ખુરશી પર ખતરો, કોંગ્રેસના 25 ધારાસભ્યો નારાજ

## સરકાર પર સંકટના વાદળ ઘેરાયા!, NCPને કારણે મહારાષ્ટ્રમાં કોંગ્રેસ નબળી પડશે

**મુંબઈ**

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની સરકાર પર સંકટના વાદળો ઘેરાવા લાગ્યા છે. મહાવિકાસ આઘાડીની સરકાર પહેલાથી જ ભાજપથી પરેશાન છે. મહારાષ્ટ્ર સરકારના નેતાઓ પર અવારનવાર કોઈને કોઈ કેસમાં તપાસ ચાલી રહી છે. કોંગ્રેસના 25 ધારાસભ્યો પોતાની જ સરકારના મંત્રીઓથી નારાજ છે. આ તમામ ધારાસભ્યોએ કોંગ્રેસના અધ્યક્ષ સોનિયા ગાંધીને પત્ર લખીને મળવા માટેનો સમય માંગ્યો છે. કોંગ્રેસના નેતાઓએ પોતાની ફરિયાદમાં લખ્યું છે



કે, મંત્રીઓ તેમની વાતો પર ધ્યાન જ નથી આપી રહ્યા.

મીડિયા રિપોર્ટ મુજબ, MVA સરકારના મંત્રીઓ ખાસ કરીને કોંગ્રેસના મંત્રીઓ તેમની સાથે સારો વ્યવહાર નથી કરી રહ્યાં. એકનું કહેવું છે કે, જો મંત્રીઓ ધારાસભ્યોને તેમના મત વિસ્તારમાં વિકાસના કામોને લાગૂ કરવાના આદેશને નજરઅંદાજ કરશે, તો પાર્ટી ચૂંટણીમાં સારુ પ્રદર્શન કેવી રીતે કરશે? કોંગ્રેસના ધારાસભ્યોનું કહેવું છે કે, નાયબ મુખ્યમંત્રી અજીત પવાર પોતાની પાર્ટીના ધારાસભ્યોને મળે છે અને તેમને પોતાના વિસ્તારમાં કામ કરવા માટે પૈસા ફાળવે છે. NCP વધારે પૈસા પોતાના ધારાસભ્યોને વહેંચી રહી છે.

જો આવું જ રહ્યું કે, કોંગ્રેસ નબળી

# બંગાળમાં TMC MLAની ધમકી બાદ BJPની ચૂંટણીપંચને ફરિયાદ

**કોલકાતા**

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી વચ્ચેની ટકરાવ ખતમ થવાનું નામ નથી લઈ રહી. વિધાનસભામાં અથડામણનો મામલો હજુ થાળે પડ્યો ન હતો કે ટીએમસીના ધારાસભ્યનો એક વીડિયો સામે આવ્યો, જેણે ફરી હંગામો મચાવ્યો હતો. વીડિયોમાં ટીએમસીના ધારાસભ્ય જો બીજેપીને વોટ કરશે તો ગંભીર પરિણામોની ધમકી આપતા જોવા મળી રહ્યા છે. વીડિયો બાદ ભાજપે ચૂંટણી પંચને ફરિયાદ કરી છે. રાજ્યપાલ ધનખરે બગડતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સીએમ મમતા બેનર્જીને બોલાવ્યા છે. વાસ્તવમાં, મંગળવારે બીજેપી આઈટી સેલના વડા અને પશ્ચિમ બંગાળના સહ-પ્રભારી અમિત માલવિયાએ એક વીડિયો શેર કર્યો હતો. આમાં, આસનસોલ જિલ્લાની પાંડવેશ્વર સીટના ટીએમસીના ધારાસભ્ય, નરેન ચક્રવર્તી, બીજેપી સમર્થકોને કહે છે કે 'તેમણે મતદાન કરવું જોઈએ નહીં, નહીં તો મતદાન પછી જે થશે તેના માટે તેઓ પોતે જ જવાબદાર હશે'. તે ધમકી આપે છે કે, 'જો તે લોકો વોટ નહીં આપે તો તેઓ રાજ્યમાં રહીને નોકરી કે ધંધો કરી શકે છે. ટીએમસી તેને સમર્થન આપશે. બંને પક્ષો વચ્ચે સતત વધી રહેલા સંઘર્ષ વચ્ચે પશ્ચિમ બંગાળના રાજ્યપાલ જગદીપ ધનખરે સીએમ મમતા બેનર્જીને પત્ર પાઠવ્યો છે.

# દિલ્હીમાં ગટરમાં પડી જતાં 3 કર્મચારીઓ સહિત 4ના મોત

## NDRFએ કલાકોની મહેનત બાદ મૃતદેહો બહાર કાઢ્યા

**નવી દિલ્હી**

દિલ્હીના સંજય ગાંધી ટ્રાન્સપોર્ટ નગરમાં ગતરોજ એક દુઃખદ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા હતા. ટ્રાન્સપોર્ટ નગરમાં ત્રણ કામદારો ગટરમાં પડ્યા, બચાવવાના પ્રયાસમાં એક રિક્ષા ચાલક મદદે આવ્યો તે પણ ગટરમાં પડી ગયો, ત્યારબાદ કેટલાક કલાકો સુધી બચાવ કાર્ય ચાલ્યું પરંતુ કોઈને બચાવી શકાયું નહીં. મળતી માહિતી મુજબ, NDRFની ટીમે મોડી રાત્રે ચારેયના મૃતદેહને ગટરમાંથી બહાર કાઢ્યા છે.

એનડીઆરએફના આસિસ્ટન્ટ કમાન્ડન્ટ હરિ નિવાસનું કહેવું છે કે બચાવ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. તમામ મૃતદેહ ગટર લાઈનમાંથી બહાર કાઢવામાં આવ્યા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, સમયપુર બદલી પોલીસ સ્ટેશનને લગભગ સાંજે 6.30 વાગ્યે આ દુર્ઘટનાની માહિતી મળી, ત્યારબાદ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને વિસ્તારને કોર્ડન કરી લીધો. ફાયર વિભાગના અધિકારીઓ પણ બચાવ કાર્યમાં જોડાયા હતા.

# કર્ણાટકમાં હિજાબ સાથે વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપ્યો, સાત શિક્ષક સસ્પેન્ડ કરાયા

## અનેક વિદ્યાર્થિનીઓ પરીક્ષાથી દુર રહી, હિજાબ પહેરીને જ પ્રવેશ આપવાની જીદ પકડી

**બેંગાલુરુ**

હિજાબના વિવાદ વચ્ચે કર્ણાટકમાં ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા શરૂ થઈ ગઈ છે. જોકે વિદ્યાર્થિનીઓ હજુ પણ હિજાબ પહેરીને જ પરીક્ષા આપવાની જીદ કરી રહી છે. આ સ્થિતિ વચ્ચે કર્ણાટકના ઉડુપીમાં આદેશ છતા કેટલીક વિદ્યાર્થિનીઓને હિજાબ સાથે પરીક્ષાખંડમાં પ્રવેશ આપવા બદલ સાત શિક્ષકોને સસ્પેન્ડ કરી દેવાયા હતા.

બીજી તરફ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા શરૂ થઈ ત્યારથી લઈને અત્યાર સુધી ૧૦૦થી વધુ વિદ્યાર્થિનીઓ હિજાબની છૂટ ન હોવાથી પરીક્ષાથી દુર રહી છે. એવા અહેવાલો છે કે બુધવારે રાજ્યમાં એસએસએલસીની પરીક્ષા યોજાઈ રહી હતી એવા સમયે કેટલીક વિદ્યાર્થિનીઓ પરીક્ષાખંડમાં હિજાબ પહેરીને પ્રવેશી ગઈ હતી, શિક્ષકો દ્વારા તેમને અટકાવવામાં નહોતી આવી જેને પગલે સાત જેટલા શિક્ષકોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. મંગળવારે પ્રી-યુનિવર્સિટી પરીક્ષા યોજાઈ હતી, જેમાં પણ અનેક વિદ્યાર્થિનીઓએ હિજાબની છૂટ ન હોવાને કારણે જોડાવાની ના પાડી દીધી હતી, અને પરીક્ષાથી દુર રહી હતી. કર્ણાટક હાઈકોર્ટે ૧૫મી માર્ચે સ્કૂલ-કોલેજોમાં હિજાબની છૂટની માગ કરતી અરજીને ફગાવી દીધી હતી.

જેથી બાદમાં વિદ્યાર્થિનીઓ દ્વારા હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી છે. જે વિદ્યાર્થિનીઓ હાલ હિજાબની માગણી કરી રહી છે તેઓએ પરીક્ષા આપવાની ના પાડી દીધી હતી. જેમાં કુનદપુરમાંથી ૨૪, બીનદૂરમાંથી ૧૪ અને ઉડુપીમાંથી બે વિદ્યાર્થિનીઓ પરીક્ષાથી દુર રહી હતી.

# રૂપિયા 3,887 કરોડના ખર્ચે 16 લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર ખરીદીને મંજૂરી મળી

## સરહદે તૈનાત ભારતીય સેનાના જવાનોને સાકો સ્નાઈપર રાયફલથી સજ્જ કરાયા

**નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્ત્વમાં સુરક્ષા બાબતોની કેબિનેટ સમિતિએ ૧૫ લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટરની લિમિટેડ સિરીઝ પ્રોડક્શન હેઠળ ખરીદીને મંજૂરી આપી છે. જે અંગે ૩૮૮૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ હેલિકોપ્ટરની સારસંભાળ માટેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ માટે રૂ. ૩૭૭ કરોડ ફાળવવાને પણ મંજૂરી અપાઈ આ હેલિકોપ્ટરોની સારસંભાળ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ અંગે ૩૭૭ કરોડ રૂપિયા પણ મંજૂર કરવામાં આવ્યા છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું છે કે લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર લિમિટેડ સીરીઝ પ્રોડક્શન એક સ્વદેશી આધુનિક ફાઈટર



હેલિકોપ્ટર છે. જેમાં ૪૫ ટકા સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. લિમિટેડ સિરીઝ પ્રોડક્શન(એલએસપી) માં આ સામગ્રી વધીને ૫૫ ટકા થઈ જશે. આ વિશ્વનું સૌથી હલકું એટેક હેલિકોપ્ટર છે. હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડે વર્ષોની મહેનત પછી તેને વિકસિત કર્યો છે.

# ઉ. પ્રદેશમાં પેપર લીક થતા 24 જિલ્લામાં ધો. 12ની પરીક્ષા રદ

**લખનઉ**

ઉત્તર પ્રદેશમાં ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાનું પેપર લીક થઈ ગયું હતું, જેને પગલે અંગ્રેજી વિષયની પરીક્ષા જ રદ કરી દેવી પડી હતી. આશરે ૨૪ જિલ્લાઓમાં રાજ્ય સરકારે પરીક્ષાને રદ કરવાનો નિર્ણય લેવો પડ્યો છે. જોકે પરીક્ષા બપોરે બે વાગ્યે શરૂ થાય તેના થોડા કલાક પહેલા જ તેને રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

પેપર લીક થવા પાછળ જે પણ લોકો જવાબદાર હોય તેમની સામે નેશનલ સિક્યોરિટી એક્ટ (એનએસએ) લગાવવાનો આદેશ અધિકારીઓને




મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આપ્યો હતો. સાથે જ ઉત્તર પ્રદેશ પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સને તપાસના આદેશ આપ્યા છે. યોગીએ આ સાથે જ બલિયાના સ્કૂલ્સના ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પેક્ટરને પણ સસ્પેન્ડ કરી દીધા છે. જ્યારે પોલીસ દ્વારા ૧૧ લોકોની અટકાયત કરવામાં આવી છે.

# કાશ્મીરમાં હત્યા મુદ્દે બિટ્ટા કરાટે વિરુદ્ધ 31 વર્ષ બાદ કેસ ફરી ખોલવા માગણી

**શ્રીનગર**

જમ્મુ કાશ્મીરમાં હત્યાઓના આરોપી રહી ચુકેલા ફારૂક અહમદ ડાર ઉર્ફે બિટ્ટા કરાટે વિરૂદ્ધ ૩૧ વર્ષ બાદ આજે ફરી સુનાવણી થશે. હકીકતે શ્રીનગરની કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે જેમાં બિટ્ટા કરાટે વિરૂદ્ધ નોંધાયેલો કેસ ફરી ખોલવાની માગણી કરવામાં આવેલી છે. શ્રીનગર કોર્ટમાં આજે આ મામલે સુનાવણી થશે. પીડિત સતીશ ટિક્કૂના પરિવારે એક્ટિવિસ્ટ વિકાસ રાણાની મદદથી શ્રીનગર કોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. વકીલ ઉત્સવ બૈંસ ટિક્કૂના પરિવાર તરફથી પક્ષ રાખશે. શ્રીનગર કોર્ટમાં આજે આ મામલે સુનાવણી થશે.

### 2021માં સૌથી વધુ 156 જવાનોની આત્મહત્યા

# 10 વર્ષમાં અર્ધ સૈનિક દળોના 1205 જવાનોએ આપઘાત કર્યો

**નવી દિલ્હી**

છેલ્લા દસ વર્ષમાં અર્ધસૈનિક દળોના ૧૨૦૫ જવાનોએ આત્મહત્યા કરી છે તેમ કેન્દ્રીય રાજ્ય પ્રધાન નિત્યાનંદ રાયે લોકસભામાં જણાવ્યું હતું. તેમણે ૨૦૧૬થી ૨૦૨૦ દરમિયાન થયેલા કોમી રમખાણો અંગે પણ સંસદને માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આ સમય દરમિયાન કોમી રમખાણોના ૩૪૦૦ કેસ દાખલ કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે ૨૦૧૬થી ૨૦૨૦ દરમિયાન રમખાણોના ૨.૭૬ લાખ કેસ નોંધવામાં આવ્યા હતાં.

રાયે એક પ્રશ્નના લેખિત જવાબમાનેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (એનસીઆરબી)ના અહેવાલને આધારે જણાવ્યું હતું કે ૨૦૨૦માં કોમી અથવા ધાર્મિક રમખાણોના ૮૫૭ કેસ નોંધવામાં આવ્યા હતાં. જ્યારે ૨૦૧૯માં ૪૩૮, ૨૦૧૮માં ૫૧૨, ૨૦૧૭માં ૭૨૩, ૨૦૧૬માં ૮૬૯ કેસ નોંધવામાં

# દેશનું લોકતંત્ર જોખમમાં છે, તપાસ સંસ્થાઓનો દુરુપયોગ થાય છે : મમતા

**લખનઉ**

બંગાળના રામપુરહાટમાં થયેલા નરસંહાર અંગે ઘેરાયેલાં મમતા બેનરજીએ હવે વિપક્ષી નેતાઓ અને બિન ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓને પત્ર લખીને દેશનું અર્થતંત્ર જોખમમાં હોવાનું જણાવ્યું છે. મમતા બેનરજીએ કેન્દ્ર સરકાર પર કેન્દ્રીય તપાસ એજન્સીઓના દુરુપયોગનો આક્ષેપ કરતાં ભાજપ વિરુદ્ધની લડાઈમાં બધાને એકત્ર થવા માટે અપીલ કરી છે. તૃણમૂલ કોંગ્રેસના પ્રમુખ તરીકે લખેલા પત્રમાં મમતા બેનરજીએ ભાજપનો સામનો કરવા માટેની રણનીતિઓ પર ચર્ચા કરવા અને એકત્ર થવા તથા સૈદ્ધાંતિક વિપક્ષ બનાવવાનો સંકલ્પ લેવા માટે એક બેઠક યોજવાની પણ અપીલ કરી છે.

# 7 વર્ષમાં ભારતમાં કુલ 5 લાખ કરોડની ઠગાઈ: મહારાષ્ટ્ર રાજ્ય પ્રથમ ક્રમે

## દેશના પાંચ રાજ્ય મહારાષ્ટ્ર, દિલ્હી, તેલંગણા, ગુજરાત અને તમિલનાડુનો સમાવેશ

**નવી દિલ્હી**

બેન્કોની એનપીએ સતત વધી રહી છે તેવી બૂમો પાડવામાં આવી રહી છે પણ તે વધવાની જને છેલ્લા સાત વર્ષમાં કૌભાંડોના લીધે દેશની બેન્કોને દૈનિક ધોરણે 100 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. દેશમાં બેન્ક ફ્રોડનો આંકડો પાંચ લાખ કરોડને સ્પર્શી ગયો છે. આ ફ્રોડમાં પણ અડધો હિસ્સો દેશના પાંચ અગ્રણી રાજ્ય મહારાષ્ટ્ર, દિલ્હી, તેલંગણા, ગુજરાત અને તમિલનાડુનો છે. આ પાંચેય રાજ્ય દેશના સૌથી વિકસિત રાજ્ય છે તેમા પણ અડધો હિસ્સો એટલે કે 50 ટકા ફાળો તો મહારાષ્ટ્રનો છે. આ આંકડા રિઝર્વ બેન્કે જારી કરેલા જ આંકડા છે.

આટલા ફ્રોડ રોજ થતાં હોય તો પછી બેન્કો ક્યાંથી ઊંચે આવે. પણ રાહતની વાત એ છે કે આ પ્રકારના ફ્રોડ સામે લેવાયેલા આકરા પગલાંના લીધે તેમા દરેક વર્ષે ઉત્તરોતર ઘટાડો જોવા મળ્યો છે. રિઝર્વ બેન્કે જણાવ્યું હતું કે ભારતમાં 31 માર્ચ ૨૦૨૧ના અંતે કુલ 4.92 લાખ કરોડ એટલે કે પાંચ લાખ કરોડના ફ્રોડ ભારતની ૯૦ જેટલી બેન્કો સાથે થયા હતા. ૯૦ જેટલી બેન્કો, નાણા સંસ્થાઓએ કુલ 45,613 લોન ફ્રોડના કેસ નોંધાવ્યા છે. 2020-21માં જ ફ્રોડ લોનની રકમ 13.7 લાખ કરોડ હતી. તેમા સૌથી વધારે ફ્રોડ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, આઇસીઆઇસીઆઇ બેન્ક અને એચડીએફસી બેન્ક સાથે જોવા મળ્યા છે.

SBIના 60થી વધુ, એચડીએફસીના 50, એક્સિસ બેન્કના 35 જેટલા સ્ટાફરો પણ ફ્રોડમાં સંકળાયેલા હોવાનું માલૂમ પડયુ હતું. પીએનબીએ તેના 20 સ્ટાફરને લોન ફ્રોડમાં સામલ હોવા બદલ સસ્પેન્ડ કર્યા હતા.

# આસામ - મેઘાલય વચ્ચેનો 50 વર્ષ જૂનો સરહદ વિવાદ ઉકેલાયો

**આસામ**



આસામ અને મેઘાલય વચ્ચે 50 વર્ષ જૂના સરહદ વિવાદ પર આજે બ્રેક લાગી ગઈ છે. બંને રાજ્યો વચ્ચે ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં બંને રાજ્યોના મુખ્યમંત્રીઓ એક સમજૂતી માટે સંમત થયા છે. મંગળવારે આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા, સાંસદ દિલીપ સેકિયા અને મેઘાલયના મુખ્યમંત્રી કોનાર્ડ સંગમા રાજધાની દિલ્હીમાં ગૃહમંત્રી શાહને મળ્યા હતા. આ દરમિયાન સરહદ વિવાદના ઉકેલ માટે સમજૂતી કરવામાં આવી હતી.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે બંને રાજ્યોની 70 ટકા સરહદ આજે વિવાદ મુક્ત થઈ ગઈ છે. બંને રાજ્યોના મુખ્યમંત્રીએ કહ્યું કે અમે આગળના વિવાદને વાતચીત દ્વારા ઉકેલીશું. તેમણે કહ્યું કે આજે એક મોટું કામ થયું છે. શાહે પીએમ મોદી અને ભારત સરકાર વતી બંને રાજ્યોના મુખ્યમંત્રી અને તેમની ટીમનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે પીએમ મોદીએ જોયેલું વિકસિત નોર્થ ઈસ્ટનું સપનું ટૂંક સમયમાં સાકાર થશે.

# યુપીમાં યોગી આદિત્યનાથે મંત્રાલયોનું વિભાજન કર્યુ

## ગૃહ સહિત 34 મહત્વપૂર્ણ વિભાગો પોતાની પાસે રાખ્યા

**લખનઉ**

ઉત્તર પ્રદેશમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની આગેવાની હેઠળની નવી સરકારમાં મંત્રાલયોનું વિભાજન સોમવારે સાંજે થયું હતું. યોગીએ પોતાની પાસે ગૃહ, સામાન્ય વહીવટ, આવાસ અને શહેરી આયોજન, નિમણૂક, કર્મચારી, ચૂંટણી, માહિતી અને મહેસૂલ સહિત 34 મહત્વપૂર્ણ વિભાગો પોતાની પાસે રાખ્યા છે.

સરકારના પ્રવક્તાએ સોમવારે સાંજે એક નિવેદન જારી કરીને આ જાણકારી આપી. રાજ્યમાં એર કનેક્ટિવિટીના વિસ્તરણને જોઈને મુખ્યમંત્રીએ નાગરિક ઉડ્ડયન વિભાગ પણ પોતાની પાસે રાખ્યો છે, જે અગાઉ તેમના કેબિનેટ સાથી નંદ ગોપાલ નંદી પાસે હતો. આ બીજા કાર્યકાળમાં નંદી ઔદ્યોગિક વિકાસ, નિકાસ પ્રોત્સાહન સહિત ચાર વિભાગોનું કામ સંભાળશે.

નાયબ મુખ્ય પ્રધાન કેશવ પ્રસાદ મૌર્યને ગ્રામીણ વિકાસ અને સમગ્ર ગ્રામીણ વિકાસ અને ગ્રામીણ એન્જિનિયરિંગ, ફૂડ પ્રોસેસિંગ, મનોરંજન કર અને જાહેર સાહસો અને રાષ્ટ્રીય એકીકરણ વિભાગ સહિત છ વિભાગોનો હવાલો સોંપવામાં આવ્યો છે. નાયબ મુખ્યપ્રધાન બ્રજેશ પાઠકને મેડિકલ એજ્યુકેશન, મેડિકલ અને હેલ્થ, ફેમિલી વેલ્ફેર અને માતા અને બાળ કલ્યાણ વિભાગની જવાબદારી સોંપવામાં આવી છે. પાઠક અગાઉની સરકારમાં કાયદા મંત્રી હતા.

વરિષ્ઠ નેતા સુરેશ કુમાર ખન્નાને નાણા અને સંસદીય કાર્ય મંત્રીની જવાબદારી મળી છે. યોગીના પ્રથમ કેબિનેટમાં પણ ખન્ના આ વિભાગ સંભાળતા હતા. એવું કહેવામાં આવ્યું છે કે સૂર્ય પ્રતાપ શાહીને કૃષિ, કૃષિ શિક્ષણ અને કૃષિ સંશોધન વિભાગ, જ્યારે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સ્વતંત્ર દેવ સિંહને જલ શક્તિ અને પૂર નિયંત્રણ વિભાગની કમાન સોંપવામાં આવી છે.

બેબી રાની મૌર્યને મહિલા કલ્યાણ, બાળ વિકાસ અને પોષણ વિભાગ જ્યારે નંદ ગોપાલ નંદીને ઔદ્યોગિક વિકાસ, નિકાસ પ્રમોશન, એનઆરઆઈ અને ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન વિભાગ મળ્યું છે. તેમણે કહ્યું કે ભૂતપૂર્વ IAS અધિકારી અરવિંદ કુમાર શર્માને શહેરી વિકાસ, શહેરી સર્વગ્રાહી વિકાસ, શહેરી રોજગાર અને ગરીબી નિવારણ, ઉર્જા અને વધારાના ઉર્જા સંસાધન વિભાગ આપવામાં આવ્યા છે.

જિતિન પ્રસાદ પબ્લિક વર્કસ વિભાગનો હવાલો સંભાળશે. બાંધકામ વિભાગ નાયબ મુખ્ય પ્રધાન કેશવ પ્રસાદ મૌર્ય પાસે હતું. પ્રવક્તાએ કહ્યું કે ભાજપના સાથી પક્ષ નિષાદ પાર્ટીના સંજય નિષાદને મત્સ્યોદ્યોગ વિભાગ અને અપના દળ (એસ)ના નેતા આશિષ પટેલને ટેકનિકલ શિક્ષણ, ગ્રાહક સુરક્ષા અને વજન માપન વિભાગ આપવામાં આવ્યું છે.

# સરિસ્કાના ટાઈગર રિઝર્વમાં આગ, વન્યજીવોને અસર

**અલવર**

સમગ્ર દેશમાં વાઘ માટે જાણીતા અલવર નજીકના સરિસ્કા ટાઈગર રિઝર્વમાં અચાનક આગ ભભૂકી ઉઠી છે. આ વિકરાળ આગ પર કાબૂ મેળવવા માટે ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટરોની મદદ લેવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક કલાકોથી અહીં લાગેલી આગ પર કાબૂ મેળવવા માટે ભારત જહેમત ઉઠાવવામાં આવી રહી હતી. જો કે આગ કાબૂમાં ના આવતા વહીવટી તંત્રએ સેનાની મદદ માંગી છે. સરિસ્કાના જંગલોમાં લાગેલી આગને ઓલવવા માટે વહીવટી તંત્ર એડીચોટીનું જોર લગાવી રહ્યું છે.

# ચિત્તોડગઢ નજીકથી ૧૦ કિલો આરડીએક્સ સાથે ત્રણ ઝબ્બે

**જયપુર**

જયપુર અને ઉદયપુર એટીએસએ રાજસ્થાનને ખંખોળવા માટે રચેલ ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે. પોલીસે ત્રણ શંકાસ્પદ આરોપીઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી બોમ્બ બનાવવાની સામગ્રી અને ૮ થી ૧૦ કિલો આરડીએક્સ ઝડપાયું છે.

ચિત્તોડગઢના નિમ્બાહેડામાં પોલીસે બુધવારે મધ્યપ્રદેશના રતલામમાંથી ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. તેમની કારમાંથી બોમ્બ બનાવવાની સામગ્રી, ટાઈમર અને આરડીએક્સ મળી આવ્યુ હતું. આ આરોપીઓ નિમ્બાહેડામાં બોમ્બ બનાવીને બીજી ગેંગને આપવાના હતા, જેનાથી જયપુરમાં ત્રણ જગ્યાએ બ્લાસ્ટ કરી શકાય.

ઉદયપુર અને જયપુર એટીએસ ટીમ મોડી સાંજે નિમ્બાહેડા પહોંચી હતી. આરોપીઓ કોઈ ને કોઈ આતંકવાદી સંગઠન સાથે જોડાયેલા હોવાની પોલીસ અને એટીએસને શંકા છે. ત્રણેયની પાસે એમપી નંબર પ્લેટની કાર હતી. ત્રણેય આરોપીઓની પૂછપરછ ચાલુ છે અને હજી પોલીસે તેમના નામોનો ખુલાસો કર્યો નથી. સૂત્રોએ જણાવ્યું કે તેમણે કોઈક આતંકવાદી સંગઠનનું નામ પણ આપ્યું છે, જેનો અધિકારીઓ દ્વારા ખુલાસો કરવામાં આવ્યો નથી.

# હીરો મોટોકોર્પે 1000 કરોડના ખર્ચા બતાવ્યા રૂપિયા 100 કરોડના રોકડ વ્યવહારો પકડાયા

**નવી દિલ્હી**





23મી માર્ચે ભારતના ટોચના બિઝનેસ ગ્રુપ હિરો મોટોકોર પર આઈટી વિભાગના સર્ચ ઓપરેશનમાં અંદાજે રૂ. 1000 કરોડના ખોટા વ્યવહાર પકડાયા છે. એક મીડિયા અહેવાલ અનુસાર આવકવેરા વિભાગને હિરો મોટોકોર્પના વિવિધ ઠેકાણાંના દરોડામાં 1000 કરોડના બોગસ ખર્ચ અને દિલ્હીના છત્તરપુર ફાર્મહાઉસ માટે કરેલ 100 કરોડ રૂપિયાથી વધુના રોકડ વ્યવહારો પકડાયા છે. હીરો મોટોકોર્પના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પવન મુંજાલ પર દિલ્હી એનસીઆરમાં અનેક સ્થળોએ સર્ચ અને જપ્તીની કામગીરી હાથ ધરી હતી, જે 26 માર્ચે પૂરી થઈ હતી. સર્ચ ઓપરેશનમાં દિલ્હી એનસીઆરમાં અલગ-અલગ કુલ 40 સ્થળોએ આઈટી વિભાગે સપાટો બોલાવ્યો હતો. સર્ચ ઓપરેશન દરમિયાન હાર્ડ કોપી દસ્તાવેજો અને ડિજિટલ ડેટાના રૂપમાં મોટી સંખ્યામાં ગુનાહિત પુરાવા જપ્ત કરવામાં આવ્યા છે. આ પુરાવામાં હિરો મોટોકોર્પે કરેલ બોગસ ખરીદીઓ, જંગી બિનહિસાબી રોકડ ખર્ચા અને અકોમોડેશન એન્ટ્રીઓ ઝડપી પાડી છે, જે કુલ રૂ. 1000 કરોડથી વધુની છે.

# પંજાબમાં ડ્રગ કેસના 80 ટકાથી વધુ આરોપી ફરાર: સુપ્રીમ કોર્ટ દ્વારા ટકોર કરાઈ

**ચંડીગઢ**

પંજાબમાં ડ્રગ કેસના કુલ આરોપીઓમાંથી 80 ટકા કરતાં વધારે આરોપીઓ ફરાર છે તેવું એક ચોંકાવનારા અહેવાલમાં જણાવાયું હતું. તેમાં જણાવાયું હતું કે પંજાબમાં ડ્રગ કેસમાં મોટાભાગના આરોપી ફરાર છે અને ફક્ત 13 ટકા આરોપીઓ જ પકડાયા છે. સુપ્રીમ કોર્ટે નબળા આંકડા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ સાથે કોર્ટે રાજ્યની નવી આપ સરકાર અને પોલીસને કાર્યવાહી કરવા માંગ કરી છે. જસ્ટિસ એ. એમ. ખાનવિલકર અને જસ્ટિસ એ.એસ. ઓકાની બનેલી બેંચે આ રિપોર્ટ બાદ પંજાબ પોલીસ અને સરકારને એનડીપીએસ એક્ટ 1985 હેઠળ અપરાધીઓને પકડવા અપીલ કરી હતી.

## ધિરાણકર્તાઓના રૂપિયા 1353 કરોડના લેણાં બાકી

# કન્સ્ટ્રકશન કામ કરતી કંપની જયપ્રકાશ એસોસિએટ્સ પર રૂ. 27000 કરોડનું દેવું

**મુંબઇ**

જયપ્રકાશ એસોસિએટ્સે ૨૮ ફેબ્રુ. ના રોજ તેના ધિરાણકર્તાઓને ૨,૮૯૭ કરોડની ચૂકવણી કરવામાં ડિફોલ્ટ થઈ છે. કંપની ઉપર વ્યાજ પેટે ૧,૫૪૪ કરોડ અને ધિરાણકર્તાઓના ૧,૩૫૩ કરોડના લેણાં બાકી છે. જેપી ગ્રૂપની મુખ્ય કંપની જયપ્રકાશ એસોસિએટ્સના ધિરાણકર્તાઓમાં ICICI બેંક, એક્સિસ બેંક, IDBI બેંક, કેનેરા બેંક અને BOBનો સમાવેશ થાય છે. કંપની જે પેમેન્ટની ચૂકવણીમાં ડિફોલ્ટ થઈ છે જેમાં ફંડ-આધારિત કાર્યકારી મૂડી, બિન-ફંડ-આધારિત કાર્યકારી મૂડી, ટર્મ લોન અને એફસીસીબી જેવી જવાબદારીઓ સામેલ છે. લગભગ ૩૨ બેંકોએ જયપ્રકાશ એસોસિએટ્સને લોન આપી છે.

કંપની પર લેણદારોનું કુલ રૂ. ૨૭,૦૦૦ કરોડનું દેવું બાકી છે. ૨૦૧૮માં ICICI નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલની અલ્હાબાદ ખંડપીઠ જેપી એસોસિએટ્સ વિરુદ્ધ નાદારીની કાર્યવાહી શરૂ કરવાની અરજી દાખલ કરી હતી.

# આપને રાષ્ટ્રીય પક્ષ બનતાં હજુ 20 વર્ષનો સમય લાગી શકે : પ્રશાંત કિશોર

**નવી દિલ્હી**


ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે આમ આદમી પાર્ટી અંગે ભવિષ્યવાણી કરી છે કે તેને રાષ્ટ્રીય પક્ષ બનવામાં ૧૫ થી ૨૦ વર્ષનો સમય લાગશે. કોઈ પણ પક્ષને રાષ્ટ્રીય પક્ષ બનવા માટે ૨૦ કરોડ વોટ પ્રાપ્ત કરવાની જરૂર હોય છે જ્યારે આપને ૨૦૧૯ની ચૂંટણીમાં ફક્ત ૨૭ લાખ વોટ મળ્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે દેશમાં અત્યાર સુધી કોંગ્રેસ અને ભાજપ જ રાષ્ટ્રીય પક્ષ તરીકે ઉભરી શક્યા છે. દેશમાં અનેક પક્ષોએ રાષ્ટ્રીય પક્ષ બનવાના પ્રયત્નો કર્યા છે પણ તેમની સફળતા મળી નથી. જો કે તેનો અર્થ એ નથી કે અન્ય કોઇ પણ પક્ષ રાષ્ટ્રીય પક્ષ બની શકતો નથી પણ આ રાતોરાત શક્ય નથી તેના માટે ૧૫થી ૨૦ વર્ષનો સમય લાગે.

# વિમેન્સ વર્લ્ડ કપ: ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાશે ફાઈનલ

## વિન્ડીઝને 157 રનથી પરાજય આપી ઓસ્ટ્રેલિયા નવમી વખત ફાઇનલમાં




વેલિંગ્ટન : ઓસ્ટ્રેલિયન ટીમ ન્યૂઝીલેન્ડ ખાતે રમાતા આઈસીસી વિમેન્સ વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચી ગયું છે. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ સેમિફાઈનલમાં વેસ્ટ ઈન્ડિઝને એકતરફી અંદાજમાં ૧૫૭ રનના માર્જિનથી પરાજય આપ્યો હતો. ટૂર્નામેન્ટમાં ઓસ્ટ્રેલિયાનો આ સતત આઠમો વિજય છે. વિન્ડીઝે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. વરસાદના કારણે મેચ ૪૫-૪૫ ઓવરની કરવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયાએ ત્રણ વિકેટે ૩૦૫ રનનો જંગી સ્કોર નોંધાવ્યો હતો. સુકાની એલિસા હિલીએ ૧૦૭ બોલમાં ૧૨૯ રનની ઈનિંગ રમી હતી અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી. રેચલ હેન્સે ૧૦૦ બોલમાં ૮૫ રન ફટકાર્યા હતા અને તેણે હિલી સાથે પ્રથમ વિકેટ માટે ૨૧૬ રનની ભાગીદારી નોંધાવી હતી. અંતિમ ઓવર્સમાં બેથ મૂનીએ ૩૧ બોલમાં ૪૩ રન ફટકારીને ઓસ્ટ્રેલિયાનો સ્કોર ૩૦૦ સુધી પહોંચાડી દીધો હતો. વેસ્ટ ઈન્ડિઝને ૪૫ ઓવરમાં ૩૦૬ રનનો ટાર્ગેટ મળ્યો હતો અને પૂરી ટીમ ૩૭ ઓવરમાં ૧૪૮ રનના સ્કોરે ઓલ આઉટ થઈ ગઈ હતી.



## સાઉથ આફ્રિકા સામે ઇંગ્લેન્ડનો 137 રનથી ભવ્ય વિજય

ક્રાઈસ્ટચર્ચ: ઓપનર ડાની વ્યાટ્ના ૧૨૯ અને સોફી ડંકલેના ૬૦ રન બાદ સોફી એક્લેસ્ટોને ૩૬ રનમાં ૬ વિકેટ ઝડપતાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડે સાઉથ આફ્રિકાને ૧૩૭ રનથી કચડીને આઈસીસી મહિલા વર્લ્ડ કપની ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. ઈંગ્લેન્ડે આઠ વિકેટે ૨૯૩ રન નોંધાવ્યા હતા. જવાબમાં સાઉથ આફ્રિકાની ટીમ ૩૮ ઓવરમાં ૧૫૬ રનમાં જ સમેટાઈ ગઈ હતી. હવે ૩ એપ્રિલને રવિવારે રમાનારી ફાઈનલમાં ઈંગ્લેન્ડનો મુકાબલો ઓસ્ટ્રેલિયા સામે થશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડની શરૂઆત મહિલા વર્લ્ડ કપમાં નિરાશાજનક રહી હતી અને તેઓ તેમની શરૂઆતની ત્રણેય મેચ હારી ગયા હતા. જોકે ત્યાર બાદ તેણે જબરજસ્ત કમબેક કરતાં સતત ચાર મેચ જીતી હતી. સેમિ ફાઈનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને ઈંગ્લેન્ડે અગાઉ લીગ મેચમાં મળેલી હારનો બદલો પણ વાળી દીધો હતો. સાઉથ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ ઈંગ્લેન્ડને બેટિંગમાં ઉતાર્યું હતુ. બેઉમોન્ટ (૭) અને કેપ્ટન હેથર નાઈટ (૧) સસ્તામાં આઉટ થયા હતા.




## મીરાબાઈ ચાનૂ ઇન્ડિયન સ્પોર્ટ્સવુમન ઓફ ધ યરના એવોર્ડથી સન્માનિત



નવી દિલ્હી : ઓલિમ્પિક સિલ્વર મેડાલિસ્ટ વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનૂએ બીબીસી ઈન્ડિયન સ્પોર્ટ્સવુમન ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો છે. ચાનૂએ ૨૦૨૧માં યોજાયેલી ટોક્યો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો અને આ સિદ્ધિ મેળવનાર તે ભારતની પ્રથમ મહિલા વેઈટલિફ્ટર બની હતી. ચાનૂએ જણાવ્યું હતું કે હાલના સમયમાં હું અમેરિકા ખાતે પ્રેક્ટિસ કરી રહી છું. હું ચાલુ વર્ષે યોજાનારી એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સમાં મારું સર્વશ્રોષ્ઠ પ્રદર્શન કરવા માગું છું. આ ભારતીય વિમેન્સ ટીમની યુવા ક્રિકેટર શેફાલી વર્માને ઈમર્જિંગ પ્લેયરના એવોર્ડનું સન્માન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત ૨૦૦૦માં યોજાયેલી સિડની ઓલિમ્પિકમાં મેડલ જીતનાર કર્ણામ મલ્લેશ્વરીને લાઈફ ટાઈમ એચીવમેન્ટ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

# આઈપીએલ 2022: રોમાંચક મેચમાં લખનઉએ ચેન્નાઈને છ વિકેટે હરાવ્યું

## ચેન્નઇ 7/210, લખનઉ 4/211 : લૂઈસે શિવમ દુબેની ઓવરમાં 25 રન ફટકાર્યા

ઈવિન લૂઈસે 19મી ઓવરમાં બે સિક્સર અને બે બાઉન્ડ્રી વડે 25 રન ફટકારી દેતાં લખનઉ સુપર જાયન્ટ્સ ટીમે અહીં રમાયેલી આઈપીએલની લીગ મેચમાં ચેન્નઇ સુપર કિંગ્સ સામે છ વિકેટે રોમાંચક વિજય મેળવી લીધો હતો. લખનઉની ટીમે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. રોબિન ઉથપ્પાના 50 તથા શિવમ દુબેના 49 રનની મદદથી ચેન્નઈની ટીમે સાત



વિકેટે 210 રનનો જંગી સ્કોર નોંધાવ્યો હતો. તેના જવાબમાં લખનઉની ટીમે 19.3 ઓવરમાં ચાર વિકેટે 211 રન બનાવીને વિજય હાંસલ કરી લીધો હતો. લૂઈસે 23 બોલમાં છ બાઉન્ડ્રી અને ત્રણ સિક્સર વડે 55 તથા બડોનીએ નવ બોલમાં 19 રન ફટકારીને ટીમને વિજય સુધી દોરી હતી.

ચેન્નઈના ભૂતપૂર્વ સુકાની ધોનીએ ટી20 ક્રિકેટમાં સાત હજાર રનનો માઈલસ્ટોન હાંસલ કર્યો છે અને તે આ સિદ્ધિ મેળવનાર ભારતનો પ્રથમ વિકેટકીપર અને છઠ્ઠો ભારતીય બેટ્સમેન બન્યો છે.

## રાજસ્થાનનો રોયલ વિજય, સનરાઇઝર્સ હૈદરાબાદને 61 રનથી પરાજય આપ્યો

પૂણે : સુકાની સંજૂ સેમસનના નેતૃત્વ હેઠળ ટોચના બેટ્સમેનોના ઉપયોગી રન બાદ બોલર્સે કરેલી શિસ્તબદ્ધ બોલિંગની મદદથી રાજસ્થાન રોયલ્સની ટીમે આઇપીએલની લીગ મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદને ૬૧ રનથી પરાજય આપ્યો હતો. રાજસ્થાને છ વિકેટે ૨૧૦ રન બનાવ્યા હતા. જેની સામે હૈદરાબાદની ટીમ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૪૯ રન બનાવી શકી હતી.

## ગુજરાતના ટાઇટન્સ સામે લખનઉના નવાબ હાર્યા

મુંબઇ : છેલ્લી ઓવર સુધી રોમાંચક બનેલી આઇપીએલની બે નવી ટીમો વચ્ચેની મેચમાં ગુજરાત ટાઇટન્સે લખનઉ સુપર જાયન્ટ્સને પાંચ વિકેટે હરાવીને પોતાના અભિયાનનો વિજયી પ્રારંભ કર્યો હતો. લખનઉની ટીમે છ વિકેટે ૧૫૮ રન બનાવ્યા હતા. તેના જવાબમાં ગુજરાતની ટીમે બે બોલ બાકી રાખીને પાંચ વિકેટે ૧૬૧ રન બનાવીને વિજય મેળવી લીધો હતો.

## લો-સ્કોરિંગ મેચમાં કોલકાતા સામે બેંગ્લોર જીત્યું

નવી મુંબઈ । રોમાંચક બનેલી લો-સ્કોરિંગ મેચમાં કોલકાતા નાઇટ રાઇડર્સ સામે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ત્રણ વિકેટે વિજય હાંસલ કર્યો હતો. બેંગ્લોરે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. કોલકાતાની ટીમ ૧૮.૫ ઓવરમાં ૧૨૮ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગયું હતું. જેના જવાબમાં બેંગ્લોરની ટીમે ચાર બોલ બાકી રાખીને સાત વિકેટના ભોગે ૧૩૨ રન બનાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો.

## પોર્ટુગલ પાંચમી વખત FIFA વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થયું



પોર્ટો (પોર્ટુગલ) : બ્રૂનો ફર્નાન્ડિઝના બે શાનદાર ગોલની મદદથી પોર્ટુગલે નોર્થ મેસેડોનિયાને ૨-૦થી હરાવીને ચાલુ વર્ષે કતારમાં રમાનારા ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ માટે ક્વોલિફાય કરી લીધું હતું. ઈટાલીને હરાવીને મોટો અપસેટ સર્જનાર નોર્થ મેસેડોનિયા પોર્ટુગલને પણ હરાવવાનું સ્વપ્ન સેવી રહ્યું હતું પરંતુ રોનાલ્ડોની ટીમે તેને એક પણ તક આપી નહોતી. નોર્થ મેસેડોનિયા અત્યાર સુધી ફિફા વર્લ્ડ કપમાં ભાગ લઈ શક્યું નથી. પ્રથમ હાફમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ આપેલા શાનદાર પાસને બ્રૂનોએ ૩૨મી મિનિટે ગોલમાં ફેરવીને પોર્ટુગલને ૧-૦થી આગળ કરી દીધું હતું. ત્યારબાદ બીજા હાફમાં ડિઓગો જોટાએ આપેલા પાસને બ્રૂનોએ ૬૫મી મિનિટે ગોલમાં ફેરવ્યો હતો અને ટીમને ૨-૦ની લીડ અપાવી દીધી હતી. દિગ્ગજ ખેલાડી રોનાલ્ડોના ટીમમાં આવ્યા બાદ પોર્ટુગલની ટીમ પાંચમા ફિફા વર્લ્ડ કપમાં રમશે.

# કેનેડા ૩૬ વર્ષ બાદ FIFA વર્લ્ડ કપ માટે ક્વોલિફાય, જમૈકાને ૪-૦થી પછાડ્યું

### શરૂઆતથી જ જમૈકા પર હાવી થયેલી કેનેડાની ટીમે જમૈકાને ગોલ કરવાની તક સુધ્ધા આપી ન હતી

**ટોરન્ટો**

કેનેડાની ફૂટબોલ ટીમે વર્લ્ડ કપ ક્વોલિફાયર્સમાં જમૈકાને એકતરફી મુકાબલામાં ૪-૦થી હરાવીને ૩૬ વર્ષના લાંબા ગાળા બાદ ફિફા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરી લીધું છે. કેનેડાની ટીમ માત્ર બીજી વખત વર્લ્ડ કપમાં રમશે. છેલ્લે તે ૧૯૮૬ના વર્લ્ડ કપમાં રમ્યું હતું. કેનેડા ગયા સપ્તાહે કોસ્ટારિકા સામે ૧-૦થી હારવાના કારણે વર્લ્ડ કપમાં સ્થાન મેળવવાથી વંચિત રહ્યું હતું. ક્વોલિફાઈંગ રાઉન્ડમાં તેણે છ વિજય બાદ પ્રથમ પરાજય મેળવ્યો હતો. સોમવારે વિજય મેળવીને કેનેડાએ વર્લ્ડ કપમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું હતું. કેનેડાની ટીમ મુકાબલાની શરૂઆતથી જ જમૈકા ઉપર હાવી થઈ ગઈ હતી અને સાઈલે લોરિને ૧૩મી મિનિટે કરેલા ગોલ વડે ૧-૦ની લીડ મેળવી હતી. ટાઝોન બુકાનને ૪૪મી મિનિટે નોંધાવેલા ગોલ વડે હાફ ટાઈમે સ્કોર ૨-૦નો કર્યો હતો. બીજા હાફમાં પણ કેનેડાની ટીમે હરીફ ટીમને કોઈ તક આપી નહોતી અને ૮૨મી મિનિટે જુનિયર હોઈલેટે ત્રીજો ગોલ નોંધાવીને વિજય નિૃતિ કરી લીધો હતો. ૮૮મી મિનિટે એન્ડ્રિયન મનારિયપ્પો ચોથો ગોલ કરીને ટીમને એકતરફી વિજય અપાવી દીધો હતો.






# કોરોના કેસ વધતાં શાંઘાઈમાં કડક લોકડાઉન

## શાંઘાઈમાં રોજના 4400 કેસ નોધાય છે, માત્ર ટેસ્ટિંગ માટે જ ઘર બહાર નીકળવાની પરવાનગી, ફ્રાન્સમાં બે દિવસમાં 90 હજાર કેસ નોંધાયા

**શાંઘાઈ**

ચીનના સૌથી વધુ વસ્તી ધરાવતા શહેર શાંઘાઈએ સોમવારે બે વર્ષ પછી સૌથી કડક લોકડાઉન શરૂ કર્યું હતું, પરંતુ એક દિવસ પછી લોકડાઉન વધુ કડક કરી દેવામાં આવ્યું હતું. ચીનની સરકારે મંગળવારે બે-તબક્કાના COVID-19 લોકડાઉનના પ્રથમ તબક્કાને વધુ કડક બનાવીને અમુક લોકોને કોરોનાવાયરસ માટે પરીક્ષણ ન થાય ત્યાં સુધી ઘરે રહેવાનું કહ્યું છે કારણ કે અહીં દરરોજ 4,400 થી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. હુઆંગપુની પૂર્વ તરફના રહેવાસીઓને સોમવારે તેમના રહેણાંક પરિસરમાં કેદ કરવામાં આવ્યા હતા, પરંતુ તેમને પરિસરમાં ફરવાની મંજૂરી આપવામાં આવી હતી. ત્યાંના ત્રણ રહેવાસીઓએ કહ્યું કે તેઓને



હજુ સુધી તેમના ઘરની બહાર નીકળવાની મંજૂરી નથી.

26 મિલિયનની વસ્તી ધરાવતા શાંઘાઈમાં લોકડાઉનના બીજા દિવસે અધિકારીઓએ શહેરને હુઆંગપુ નદી અને પુડોંગના પૂર્વ નાણાકીય અને ઔદ્યોગિક જિલ્લાને વિભાજીત કરીને વિશેષ પરીક્ષણ હાથ ધરવાની વ્યૂહરચના તૈયાર કરી છે. જોકે વૈશ્વિક ધોરણો અનુસાર આ આંકડા સામાન્ય છે. કોરોના વાયરસના સૌથી ઝડપથી ફેલાતા ઓમિક્રોન વેરિયન્ટનું પેટા સ્વરૂપ BA.2 યુરોપમાં કહેર મચાવી રહ્યો છે. ઈટાલીમાં બે દિવસમાં 90,000 સંક્રમિત મળી આવ્યા છે. જ્યારે ફ્રાન્સની હોસ્પિટલમાં દાખલ થનાર દર્દીની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. ચીનના શાંઘાઈમાં દર્દીઓની સંખ્યા વધી રહી છે. એશિયાઈ દેશોમાં કોરોના કેસ સ્થિરતા દર્શાવે છે તેમજ હોંગકોંગમાં સ્થિતિ સુધરી રહી છે.

BA.2એ આ મહિને યુરોપ અને ચીનના કેટલાક ભાગોમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. ફ્રાન્સ, ઈટાલી, જર્મની અને બ્રિટનમાં

### અન્ય દેશોમાં કોરોનાની શું સ્થિતિ?

**ફ્રાન્સ :** છેલ્લા 24 કલાકમાં ફ્રાન્સની હોસ્પિટલમાં દાખલ લોકોની સંખ્યા 467 વધીને 21,073 થઈ ગઈ છે. ફેબ્રુઆરી બાદ આ એક જ દિવસમાં આ સૌથી વધુ સંખ્યા છે.

**હોંગકોંગ :** સોમવારે 7685 કોરોનાના નવા સંક્રમિત મળી આવ્યા હતા. વિશ્વના આ નાણાકીય કેન્દ્રમાં હવે વસ્તુઓ સ્થિર થઈ રહી છે.

**ચીન :** મુખ્ય વ્યાવસાયિક શહેર શાંઘાઈમાં 4400 નવા કેસ મળી આવ્યા છે. બે વર્ષ બાદ ચીનમાં સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. શાંઘાઈમાં લોકડાઉન સહિત અનેક કડક પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા છે.

**ઈટાલી :** માત્ર બે દિવસમાં 90થી વધુ નવા કેસ નોંધાયા છે. સોમવારે, 30,710 નવા સંક્રમિત મળી આવ્યા હતા. રવિવારે અહીં 59,555 કેસ મળી આવ્યા હતા.

# સસ્તુ ઈંધણ ખરીદવા રશિયાની ભારતને ડિસ્કાઉન્ટ સાથે ઓફર

**મોસ્કો**

યુક્રેન પર આક્રમણ કરીને રશિયા ભારે આર્થિક ભીંસમાં આવી ગયું છે. અમેરિકા અને યુરોપીયન દેશોએ રશિયા પર આકરા આર્થિક પ્રતિબંધો ઝીંકયા પછી રશિયાની આર્થિક સ્થિતિ એટલી ખરાબ છે કે તે મિત્ર દેશોને સસ્તામાં ક્રૂડ ઓઈલ વેચવા તૈયાર છે. તાજેતરમાં જ રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિને ભારતને તગડા ડિસ્કાઉન્ટ ભાવે જોઈએ તેટલું ક્રૂડ ઓઈલ આપવાની ઓફર કરી છે. બીજા દેશો રશિયન ઓઈલ ખરીદતા ખચકાઈ રહ્યા છે તેથી રશિયાએ ભારતને બેરલ દીઠ ૩૫ ડોલરનું ભારે ડિસ્કાઉન્ટ ઓફર કર્યું છે.

સમગ્ર એશિયામાં ચીન પછી ભારત સૌથી વધુ ક્રૂડ ઓઈલની આયાત કરે છે. હાલમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઈલના ભાવ વધ્યા છે ત્યારે ભારત ઈન્ટરનેશનલ પ્રતિબંધોની પરવા કર્યા વગર નીચા ભાવે રશિયન ઓઈલ મેળવી રહ્યું છે. અત્યારે ભારત અને ચીન એ રશિયન ઓઈલના સૌથી મોટા ખરીદદાર છે. કેટલાક અહેવાલો પ્રમાણે રશિયાએ યુદ્ધ પહેલાના ભાવ સામે પણ ઉંચું ડિસ્કાઉન્ટ ઓફર કર્યું હતું. તેથી અત્યારના ભાવને ધ્યાનમાં રાખવામાં આવે તો ભારતને ઘણા ઓછા ભાવે ઓઈલની ઓફર કરવામાં આવી છે.

# મેક્સિકોમાં મરઘાની લડાઈમાં થયેલી ગેંગવોરમાં 20ના મોત: અનેક ઘાયલ

**મેક્સિકો**

મેક્સિકોના મિચોઆકાનમાં જિનાપેકુઆરો નગરપાલિકામાં રવિવારે રાત્રે ખાનગી કોકફાઈટ શો દરમિયાન થયેલા સશસ્ત્ર હુમલામાં કમસેકમ વીસ લોકો માર્યા ગયા. આ જાણકારી સ્થાનિક અધિકારીઓએ સોમવારે આપી. એટર્ની જનરલના જણાવ્યા મુજબ આ હત્યાઓ રવિવારે રાત્રે લાસ તિનાજાસ શહેરમાં થઈ. ઘટનાસ્થળે ફોરેન્સિક યુનિટ મોકલાયું હતું.

તેઓને ઘટનાસ્થળે ગોળી વાગેલા ૧૬ પુરુષ અને ત્રણ મહિલાઓના મૃતદેહ મળી આવ્યા છે. આ ઉપરાંત અન્ય ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ભેગા કરાયા હતા. હવે અહીં શું થયું હતું તે સ્પષ્ટ કરવા માટે તપાસ શરૂ થઈ છે. માદક પદાર્થોની દાણચોરીની ગેંગોની હિંસાથી મિચોકાઆન રાજ્ય કમસેકમ દાયકાથી પ્રભાવિત છે. મેક્સિકોના સાર્વજનિક સુરક્ષા સચિવાલય મુજબ ૨૦૨૧માં મેક્સિકોમાં લગભગ સીત્તેર ટકા



હત્યાઓ સંગઠિત ગુનાખોરી સાથે જોડાયેલી હતી. પોલીસને ઘટનાસ્થળે હજારોની સંખ્યામાં ગોળીઓ મળી છે. મેક્સિકોના રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે આએક જૂથ દ્વારા બીજા જૂથનો નરસંહાર છે. મેક્સિકોમાં મરઘાની લડાઈ ગેરકાયદેસર હોવા છતાં ઘણી લોકપ્રિય છે.

# શ્રીલંકામાં આર્થિક કટોકટી, આવશ્યક ચીજવસ્તુઓની અછત: વીજળી ડુલ

## શ્રીલંકામાં બુધવારથી દરરોજ 10 કલાકનો પાવર કટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો

**કોલંબો**

આઝાદી પછીની સૌથી ખરાબ આર્થિક કટોકટીની પરિસ્થિતિમાં શ્રીલંકા જીવી રહ્યું છે. શ્રીલંકામાં અત્યાર સુધીનો સૌથી મોટો પાવર કાપ શરૂ થઈ ગયો છે. શ્રીલંકામાં બુધવારથી દરરોજ ૧૦ કલાકનો પાવર કટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશમાં પેટ્રોલિયમ ઈંધણની તીવ્ર અછત જોવા મળી રહી છે, જેના કારણે વીજળીનું ઉત્પાદન ઓછું થઈ



ગયું છે.

શ્રીલંકામાં ચોખા, ખાંડ, દૂધ જેવી તમામ આવશ્યક ચીજવસ્તુઓની અછત છે. જે સામાન દુકાનો પર ઉપલબ્ધ છે, પણ તેનો ભાવ જોઈને લોકો તેમને ખરીદી શકતા નથી. તેથી શ્રીલંકામાંથી લોકો સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે. લોકો પોતાનો દેશ છોડીને પાડોશી દેશમાં જઈ રહ્યા છે.

આટલું જ નહીં શ્રીલંકામાં ચોખા,દાળ અને દુધ લેવા માટે લડવુ પડી રહ્યું છે. પેરાસિટેમોલ ૧૦થી ૧૨ ગોળીઓ માટે ૪૨૦ થી ૪૫૦ આપવા પડી રહ્યાં છે અને દવાઓ મળી પણ નથી રહી.

# ઈઝરાયેલના તેલ અવીવમાં આતંકી હુમલો, પાંચના મોત

**તેલ અવીવ**

મુંબઈમાં અજમલ કસાબે હુમલો કર્યો હતો તે જ રીતે ઈઝરાયેલની રાજધાની તેલ અવીવમાં આતંકી હુમલો થયો છે. જેમાં પાંચ લોકોના મોત થયા છે. આ હુમલાનો વિડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં જોઈ શકાય છે કે, કેવી રીતે આતંકવાદી અત્યાધુનિક રાયફલ વડે રસ્તા પર ગોળીઓ વરસાવી રહ્યો છે. એક વ્યક્તિ કાર લઈને જતો હોય છે અને તેને આ હુમલાખોર ગોળી મારી દે છે.

છેલ્લા એક સપ્તાહમાં આવા ત્રણ આતંકી હુમલા થયા છે. જેમાં 11 લોકોના મોત થયા છે. દરમિયાન ઈઝરાયેલના વડાપ્રધાન નફતાલી બેનેટે એક આકરા સંદેશમાં કહ્યુ છે કે, આવા હુમલા સામે ઈઝરાયેલ જવાબ આપવા માટે પ્રતિબધ્ધ છે. ઈઝરાયેલ ઘાતક આરબ આતંકવાદનો સામનો કરી રહ્યુ છે. સુરક્ષા દળો તેની સામે લડી રહ્યા છે. જીત આપણી જ થશે. આતંકવાદીઓ કોઈ પણ ભોગે આપણને ફટકો મારવા માંગે છે અને આ એવા લોકો છે જેમને યહૂદીઓ પ્રત્યે નફરત છે. તેઓ મરવા માટે પણ તૈયાર છે જેથી આપણે શાંતિથી રહી ના શકીએ.

# યુએઈએ રમઝાન પૂર્વે 210 કેદીઓને સજા માફ કરીને છોડી મૂક્યા

**અબૂ ધાબી**

સંયુક્ત અરબ અમીરાતે રમઝાન પૂર્વે અનેક કેદીઓને માફ કરીને છોડી મુક્યા છે. યૂએઈની સુપ્રીમ કાઉંસિલના સભ્ય અને શાહજાહના શાસક ડો. શેખ સુલ્તાન બિન મોહમ્મદ અલી કાસિમીએ રમઝાન મહિનાની શરૂઆત થાય તે પૂર્વે જ ૨૧૦ કેદીઓને માફ કરીને છોડી મુક્યા છે. જોકે કેદીઓનું સજા દરમિયાન કેવુ વલણ કે વર્તન હતું તેને ધ્યાનમાં રાખીને તેમને છોડી મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શારજાહ પોલીસના કમાંડર ઈન ચીફ મેજર જનરલ સૈફ અલ શમ્સીએ જણાવ્યું હતું કે આ નિર્ણય પરથી સ્પષ્ટ થાય છે કે શેખ સુલ્તાન મોહમ્મદ જે કેદીઓ સજા કાપી રહ્યા હતા તેમના પરિવારને લઈને ચિંતિત છે.

## ઓસ્ટ્રેલિયા 2.8 અબજ ઓસ્ટ્રેલિયન ડોલરનું રોકાણ કરશે

# ઓસ્ટ્રેલિયા અને ભારત શિક્ષણ ક્ષેત્રે નવી તકોનું નિર્માણ કરશે

**મેલબોર્ન**

ઓસ્ટ્રેલિયામાં બહારથી શિક્ષણ મેળવવવા આવતા વિદ્યાર્થીઓમાં ભારતીય નાગરિકો 17 ટકા છે અને વર્ષે લગભગ 25,000 વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયા ભણવા જાય છે. દેશના કુલ વિદ્યાર્થીઓમાંથી સૌથી વધુ વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયા ભણવા જતા હોય તેમાં ગુજરાતીઓ ટોચના ક્રમમાં આવે છે શિક્ષણ ક્ષેત્રે બન્ને દેશના સબંધ વધારે મજબૂત થાય એ માટે ઓસ્ટ્રેલિયન સરકારે ભારતમાં 2.8 અબજ ડોલરના રોકાણની જાહેરાત કરી છે હવે બન્ને દેશ આ અંગે નવી તક ઊભી કરવા માટે આગળ વધી રહ્યા છે. બન્ને દેશની સરકારોએ જોઈન્ટ શિક્ષણ, મિશ્ર ડીગ્રીઓ, ભારતમાં કેમ્પસ સ્થાપના, ઓન લાઈન કોર્સ.. વધુ વધુને સ્કીલ ડેવલપમેન્ટ ઉપર ભાર મુકતા વોકેશનલ કોર્સ શરૂ કરવા માટે અભ્યાસ શરૂ કર્યો છે અને તે વર્ષ 2023થી અમલમાં આવશે એમ ઓસ્ટ્રેલિયન સિનિયર ટ્રેડ કમિશનર ડો. મોનિકા કેનેડીએ અમદાવાદમાં જણાવ્યું હતું.

# પાકિસ્તાનમાં આર્મી કેમ્પ પર આત્મઘાતી હુમલામાં 22 ઘાયલ, 3 આતંકી ઠાર

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના ટાંક જિલ્લામાં અર્ધલશ્કરી દળના કેમ્પ પર ભીષણ આતંકવાદી હુમલો થયો છે. આ હુમલામાં 3 આતંકવાદીઓના મૃત્યુ પામ્યાના અહેવાલ છે અને 22 અન્ય ઘાયલ થયા છે. તમામ ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ હુમલામાં સૈન્યના કેટલા લોકો મૃત્યુ પામ્યા છે તેની હજુ સુધી પુષ્ટિ થઈ નથી. કહેવામાં આવી રહ્યું છે કે આત્મઘાતી હુમલાખોરો સૈન્ય કેમ્પમાં ઘૂસી ગયા હતા. આ હુમલા માટે ટીટીપીને જવાબદાર ગણવામાં આવી રહ્યું છે. આતંકવાદીઓ નૂશકી અને પંજગુરની સ્ટાઈલમાં હુમલા કરી રહ્યા હતા

## અમેરિકામાં બરફનું તોફાન : એક સાથે 7 વાહનો અથડાયા



અમેરિકામાં બરફવર્ષા અને તોફાન દરમિયાન રસ્તાઓ પર થતા અકસ્માત નવાઈની વાત નથી પણ સોમવારે થયેલા એક અકસ્માતમાં તો એક બીજાની સાથે 60 ગાડીઓ અથડાઈ હતી. સોશિયલ મીડિયા પર પણ તેનો વિડિયો શેર કરવામાં આવી રહ્યો છે. જેમાં બરફથી છવાયેલા રસ્તા પર એક પછી એક કાર એક બીજાને ટક્કર મારતી નજરે પડી રહી છે. આ રસ્તો પહાડોથી ઘેરાયેલો છે અને હવે અકસ્માત બાદ લોકોની શોધખોળ અને રાહત અભિયાન પણ શરૂ કરવામાં આવ્યુ છે.

# અમેરિકામાં 7 ભારતીય સામે ઈનસાઇડર ટ્રેડિંગના આરોપો

**વોશિંગ્ટન**

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશને સોમવારે જણાવ્યુ કે હરિ પ્રસાદ સુરે, લોકેશ લાગુડુ અને છોટુ પ્રભુ તેજ પુલાગમ મિત્ર છે અને તેઓ સેન ફ્રાંસિસ્કો સ્થિત ક્લાઉડ કંપ્યૂટિંગ સંચાર કંપની ટ્વિલિયોમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે કામ કરતા હતા.

ફરિયાદમાં કહેવામાં આવ્યુ છે કે સૂરેએ પોતાના નજીકના મિત્ર દિલીપ કુમાર રેડ્ડી કામુજુલાને કંપનીના શેર સંબંધિત જાણકારી આપી, જેણે ટ્વિલિયોના શેરમાં રોકાણ કરીને નફો કમાયો. આ રીતે લાગુડુની સાથે રહેતી પોતાની મિત્ર સાઈ નેક્કાલાપુડીને શેર બજાર સંબંધિત જાણકારી આપી. લાગુડુએ પોતાના નજીકના મિત્ર અભિષેક ધર્મપુરિકરને પણ કંપનીના શેર સંબંધિત આંતરિક જાણકારી આપી. પુલાગમે પોતાના ભાઈ ચેતન પ્રભુ પુલાગમને કંપનીના શેરમાં રોકાણ કરવાની સલાહ આપી. તમામ સાત આરોપી કેલિફોર્નિયાના રહેવાસી છે.

એસઈસીએ છ મે 2020એ ટ્વિલિયોની 2020ની પહેલી ત્રિમાસિક આવકની જાહેરાત પહેલા ભેદિયા વેપાર દ્વારા સામૂહિક રીતે 10 લાખ ડોલર કરતા વધારેનો લાભ કમાવાને લઈને આ સાત વ્યક્તિઓ સામે આરોપોની જાહેરાત કરી હતી.

## તેલંગાણામાં ટેકરી ઉપર 1200...

અનુસંધાન પેજ નં.10થી ચાલુ

પહેલાં જૂના મંદિરના દર્શન કરવા રોજના પાંચ હજાર યાત્રિકો આવતાં હતાં. હવે નવું મંદિર તૈયાર થઈ જતાં યાત્રિકોની સંખ્યા ૩૦,૦૦૦ કરતાં વધવાની ધારણા છે. યદાદ્રિ મંદિરના ૫૬ ફીટ ઊંચાં ગોપુરમને સોનાથી મઢી લેવા માટે ૧૨૫ કિલોગ્રામ સોનાની જરૂર હતી. બિનનિવાસી ભારતીયો માટે ઓનલાઈન સોનાનું દાન કરવાની સગવડ પણ આપવામાં આવી હતી. મંદિર માટે સોનાનું દાન કરવા ભક્તોમાં હોડ જામી હતી. મુખ્ય પ્રધાન કે. ચંદ્રશેખર રાવે પોતાના પરિવાર તરફથી એક કિલોગ્રામ સોનાનું દાન કર્યું હતું. પાર્થસારથિ રેડ્ડી નામના ઉદ્યોગપતિએ પાંચ કિલોગ્રામ સોનાનું દાન કર્યું હતું તો મજૂર પ્રધાન મલ્લા રેડ્ડીએ બે કિલોગ્રામ સોનાનું દાન કર્યું હતું. મુખ્ય પ્રધાન કે. ચંદ્રશેખર રાવે કહ્યું હતું કે, જો દાનમાં સોનું ઓછું આવશે તો તેઓ રિઝર્વ બેન્ક પાસેથી સોનું ખરીદીને પણ ગોપુરમને સોનાથી મઢી દેશે. દક્ષિણ ભારતમાં પ્રાચીન કાળમાં વિજયનગરના રાજાઓ ભવ્ય મંદિરો બાંધવા માટે જાણીતા હતા. હમ્પી અને બદામીનાં મંદિરો તેની સાબિતી છે. હવે કે. ચંદ્રશેખર રાવ પણ આ રાજાઓ જેવી જ ખ્યાતિ મેળવવા માંગે છે.

# ફ્લોરિડામાં વાવાઝોડાને લીધે 2ના મોત, અનેક મકાનો ધરાશાયી, 1,85,000 ગ્રાહકો અંધારામાં

**ફ્લોરિડા**

ફ્લોરિડા પેનહેન્ડલમાં ફૂંકાયેલા વાવાઝોડાના લીધે બેના મોત થયા હતા. વાવાઝોડાના લીધે ભારે પવન ફૂંકાયો હતો અને મકાનો પડી ગયા હતા. વીજ લાઈન ધ્વસ્ત થઈ ગઈ હતી. કેટલાય મકાનોને નુકસાન થયું હતું. શેરિફની ઓફિસે જણાવ્યું હતું કે ટોર્નેડોના લીધે કેટલાક ઘર નાશ પામ્યા હતા. તેમના ફેસબૂક પેજ બતાવતા હતા કે એક ઘર તૂટી ગયુ હતુ અને બીજા ઘર પર તૂટેલું વૃક્ષ પડયુ હતું. બીજી કોઈ વિગત તાત્કાલિક ઉપલબ્ધ નથી. તાજેતરમાં ફૂંકાયેલા બે ટોર્નેડોએ લોકોને ઈજા પહોંચાડી છે, ઘરોને નુકસાન પહોંચાડયુ છે અને કારોબારોને પણ નુકસાન થયું છે. મિસિસિપી અને ટેનેસીમાં પાવર લાઈન્સ ધ્વસ્ત થઈ ગઈ છે. વાવાઝોડાના લીધે ગુરુવારે



લગભગ 1,85,000 ગ્રાહકોએ વીજળી વગર ચલાવવું પડયુ હતું. આમ મિસિસિપી, અલ્બામા, ટેનેસી, કેન્ટુકી, ઈન્ડિયાન, ઓહિયો, મિશિગન વગેરે સ્થળો વાવાઝોડાનો ભોગ બન્યા છે.

# મા અંબાની આરાધનાનું પર્વ એટલે ચૈત્ર નવરાત્રિ

ચૈત્ર પ્રતિપદાની તિથિએ ઘટ સ્થાપના કરવામાં આવે છે. આ વખતે ચૈત્ર નવરાત્રિ પર ઘટની સ્થાપનાનો શુભ સમય આગામી રવિવારે સાંજે 08.40 થી 10.59 (કેનેડાના સમય મુજબ) સુધીનો છે. આવી સ્થિતિમાં ચૈત્ર નવરાત્રિના ઘટસ્થાપનનો શુભ સમય કુલ ૦૨ કલાક ૧૮ મિનિટ સુધી રહેશે.

### આ શુભ યોગ બનશે

ચૈત્ર નવરાત્રિમાં રવિ પુષ્ય નક્ષત્ર, સર્વાર્થ સિદ્ધિ યોગ સાથે રચાશે, રવિ યોગ નવરાત્રિને સ્વયંભૂ બનાવશે. સર્વાર્થ સિદ્ધિ યોગ લક્ષ્મી સાથે સંબંધિત છે. માનવામાં આવે છે કે આ યોગમાં કામ શરૂ કરવાથી કાર્ય સિદ્ધ થાય છે. બીજી તરફ, રવિ યોગ તમામ દોષોનો નાશ કરનાર માનવામાં આવે છે. તેમાં કરેલા કામનું વળતર ઝડપથી મળે છે.

હિં દુ કેલેન્ડર મુજબ, ચૈત્ર મહિનો હિંદુ નવા વર્ષનો પ્રથમ મહિનો માનવામાં આવે છે અને આ મહિનામાં દેવી દુર્ગાની પૂજાનો તહેવાર ચૈત્ર નવરાત્રિમાં ઉજવવામાં આવે છે. હિંદુ કેલેન્ડર મુજબ કુલ ચાર નવરાત્રીઓ છે. તે પૈકી ચૈત્ર અને શારદીય નવરાત્રીનું વિશેષ મહત્વ છે. નવરાત્રીના આ પવિત્ર તહેવાર પર મા દુર્ગાની પૂજા કરવાનો કાયદો છે. નવરાત્રીના પ્રથમ દિવસે શૈલપુત્રી માતાની પૂજા કરવામાં આવે છે અને તેથી અનુક્રમે બ્રહ્મચારિણી માતા, ચંદ્રઘંટા માતા, કુષ્માંડા માતા, સ્કંદમાતા, કાત્યાયની માતા, કાલરાત્રી માતા, મહાગૌરી માતા અને સિદ્ધિદાત્રી માતાની પૂજા કરવામાં આવે છે. આ નવ દિવસો દરમિયાન ભક્તો ભક્તિભાવ સાથે માતા ના આશીર્વાદ મેળવવા માટે ઉપવાસ રાખે છે. આ વર્ષે ભારતીય સમય મુજબ ચૈત્રી નવરાત્રી ૦૨ એપ્રિલ, શનિવારથી શરૂ થઈ રહી છે. જે ૧૧ એપ્રિલે સોમવારે સમાપ્ત થશે. ચૈત્ર મહિના માં આવતી નવરાત્રીને ચૈત્ર નવરાત્રી અને પાનખરમાં આવતી નવરાત્રી શારદીય નવરાત્રી તરીકે ઓળખાય છે.



### ચૈત્ર નવરાત્રિનું ધાર્મિક મહત્વ

ચૈત્ર નવરાત્રિ નવસંવત્સરની પ્રથમ નવરાત્રિ ગણાય છે. આથી આ નવરાત્રીનું ધાર્મિક મહત્વ છે. બ્રહ્મ પુરાણ અનુસાર નવરાત્રિના પહેલા દિવસે આદિશક્તિ પ્રગટ થઈ હતી. અને એવું માનવામાં આવે છે કે દેવીના આદેશથી ભગવાન બ્રહ્માએ ચૈત્ર શુક્લ પક્ષ પ્રતિપદાના રોજ વિશ્વની રચનાની શરૂઆત કરી હતી. મત્સ્ય પુરાણ અનુસાર ચૈત્ર નવરાત્રીના ત્રીજા દિવસે ભગવાન વિષ્ણુએ મત્સ્ય અવતાર લીધો હતો. આ પછી શ્રી વિષ્ણુએ ચૈત્ર નવરાત્રિમાં જ ભગવાન રામ તરીકે તેમનો સાતમો અવતાર લીધો હતો. આથી ચૈત્રી નવરાત્રીનું મહત્વ આપોઆપ વધી જાય છે.

### આવી રહેશે ગ્રહોની સ્થિતિ

ચૈત્ર નવરાત્રિમાં શનિદેવ મકર રાશીમાં મંગળની સાથે રહેશે જેના કારણે શક્તિમાં વધારો થશે. શનિવારથી નવરાત્રિની શરૂઆત, મંગળ સાથે શનિદેવનું પોતાની રાશિ મકર રાશીમાં રહેવું ચોક્કસપણે સિદ્ધિનો કારક છે. તેનાથી કાર્યમાં સફળતા, ઈચ્છાઓની પૂર્તિ અને સાધનામાં સિદ્ધિ મળશે. ચૈત્ર નવરાત્રિ દરમિયાન ગુરુ, શુક્ર સાથે કુંભ રાશીમાં રહેશે. મીનમાં સૂર્ય, બુધ સાથે, ચંદ્ર મેષમાં, રાહુ વૃષભમાં, કેતુ વૃશ્ચિકમાં રહેશે.

## ત્રિપુરા બહુચરાજીની મૂર્તિ નહીં પણ શ્રીયંત્રની પૂજા થાય

**બહુચર મા ડેરા પાછળ કૂકડેકૂક બોલે કૂકડા**
**તારી બોલી મીઠી મીઠી લાગે !**
**માનું વાહન કૂકડો કેમ ?**

સ્વયં માતાજીએ પ્રકટ થઈને વલ્લભ ભટ્ટને 'આનંદનો ગરબો ' રમવાની પ્રેરણા આપી હતી. ચૈત્ર નવરાત્રિએ 'માતાજી'ની આરાધના કરવામાં આવે છે. ગુજરાતમાં અનેક શક્તિપીઠો છે. બહુચરાજી અંબાજી અને પાવાગઢ (ગુજરાતમાં) બાલા બહુચરી (બાલા ત્રિપુરારી) તરીકે ઓળખાય છે. દક્ષકન્યા સતી પાર્વતીના દેહનો ડાબો હાથ, ઉત્તર ગુજરાતના મુવાડ પ્રદેશના બોરીવનમાં શંખલપુર વરખડી વૃક્ષ પાસે પડતા ત્યાં બહુચર માનું પ્રાગટ્ય થયું. આ આદ્યસ્થાનક છે. દેવી ભક્ત અમદાવાદના વલ્લભ ભટ્ટે માતાજીના સ્થાનકે રહી અનેક ગરબા રચ્યા છે.

આનંદનો ગરબો ગુજરાતમાં ઘેર ઘેર ગવાય છે. બહુચર મા અનેક જ્ઞાતિઓની કુળદેવી તરીકે પૂજાય છે. ચૈત્ર માસમાં પૂનમે બહુચરાજીથી માતાજીનો પાલખી-વરઘોડો નીકળી શંખલપુરના મૂળ પ્રાગટય સ્થાને જાય છે. ત્રિપુરા બહુચરાજીની મૂર્તિ નહીં પણ શ્રીયંત્રની પૂજા થાય છે. મંદિરમાં મંદિરના ગોખમાં સોનાના પતરાથી મઢેલ શ્રી યંત્રનું પૂજન થાય છે.

**સ્વર્ગ મૃત્યુ પાતાળ વાસ સકળ તારો મા**
**બાળ કરી સંભાળ કર ઝાલો મા**

ભારતમાં બાવન શક્તિપીઠો છે. મહમંદ ગઝનીનું સૈન્ય બહુચરાજી પાસેથી પસાર થતું હતું. ત્યાં ચોકમાં અનેક કૂકડા, ફરતા હતા મહમંદના સૈનિકો કૂકડાનો શિકાર કરી ખાવા માંડયા પણ એક કૂકડો બહુચરમાના ડેરા પાછળ વરખડીના ઝાડમાં જઈ સંતાયો. માનુ શરણ સ્વીકાર્યુ માતાએ તેને વાહન બનાવ્યો ત્યારથી 'મા' કૂકડા ઉપર બિરાજમાન છે.

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience

COMING SOON!!
128 Golfdale Road
Belleville




Well Maintained Move-In Ready Raised Bungalow W/Plenty Of Space For A Growing Family Or Those Who Want Extra Rm For An Ofc, Craft/Hobby Room Etc. It Feats 5 Beds (3 Up+2 Ll) And 2 Baths. The Floorplan Allows For An In-Law Suite On The Lower Level With Kitchen Providing Income Potential! This Home Is Bright & Cheery W/Ample Windows Providing Nat Light. Great Curb Appeal. The Nicely Sized Deck Overlooking The Private Backyard Allows Space To Entertain Outside.

JUST LISTED
Simcoe St N & Winchester Rd
Oshawa



2016 Minto Built Home Within Prestigious Windfields Community In North Oshawa. Absolute Stunner. Corner Lot. All Brick Home With 4+1 Spacious Brs & 5 W/R. Main Fl Office Room. Bright, Spacious & Spotless All Around. Double Door Entry. 9' Ceiling & Hard Wood Floors Throughout(Except Bedrooms). Quartz Counter Top. Oak Staircase W/Wrought Iron Pickets, Plenty Of Builder Upgrades. Finished Bsmt W/Home Theatre, W/O To Landscaped Yard With Lots Of Perennials.






- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!


Call or DM for further details on this both amazing projects.

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
**teamkharodia@gmail.com**
**300-2855 Markham Rd Toronto ON M1X 0C3**
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676



Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.



Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE

**416.993.0826**
**24/7 # 905.305.8508**



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. *(St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)*

**ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત $4270**

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* *This is not a general insurance. Applies only in case of a death away from home.*

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com